

કુમાર
અંક ૪૩
અષાડ ૧૯૮૩
કુમાર
ઉગતી પ્રજાનું માસિક







સંગીતસમ્રાટ મિયાં તાનસેન

એક મુગલ ચિત્રની અનુકૃતિ   કરનાર : રવિશંકર રાવળ

::

'કુમાર'નું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૭ :: આષાઢ ૧૯૮૩

આષાઢ

આષાઢ! તપતી ગ્રીષ્મ પછીના પ્રિય આષાઢ! ઘેરગંભીર મેઘાડમ્બરના સખા! તું કેવો ભર્યોભર્યો ભવ્ય લાગે છે! માનવ જગતમાં યે તપ પછીનો આનંદ તારા જેવો જ અપૂર્વ છે.

વિરાટની આડ જેવી આષાઢી બીજ ઉગેલી જોઇને અમે એને પૃથ્વીવાસીઓના સૌભાગ્યનું મંગળસૂત્ર માન્યું હતું.

ધોમધખતા ગગનરણના વેરાન પટમાં, કલાધર કૃષ્ણની કાળી કીકીઓ જેવી પેલી વાદળીઓએ ઘુમવા માંડ્યું અને છાયાઓ કરીકરીને ધરિત્રીના હૈયાની વરાળ કાઢી. અમારે અંતરે ય એમ ગૂઢગરવી ભારતીની દાઝ ભરી છે.

વ્યોમક્ષેત્રમાં કુદરતનો સંગ્રામ જામ્યો. માતંગદળ સમાં વાદળે ઘમસાણ માંડ્યું; સોસો હિમશૃંગો તુટી પડતાં હોય એવા કાટકાઓ થયા; પળેપળ અગ્યાસ્ત્રો શી વીજ ચમકી રહી;—અહો, ત્યારે . . . ત્યારે અમારાં કુંવારાં હૃદયમાં પૃથ્વીના રાસો રમવાના કોડ જાગી ઉઠયા.

હવે તો ગન્ધવતીમાં મીઠી સોડમ ફોરી છે; ધરતીની પ્રભા પાંગરી છે; ઠેરઠેર હરિયાળી ખીલી છે; લીલી નાઘેર ચુંદડીનાં લાલ છાંટણાં શા ઇન્દ્રગોપ અહીંતહીં ભમતાં ફરે છે. એ સૃષ્ટિસૌન્દર્યની માધુરી,—એવી ભારત-સ્વરાજ્યની ભવિતવ્યતા અમને અતિઘણી વ્હાલી છે. પણ . . .

તે સારૂ અડગ સાધના જોઇએ; કઠોર તપશ્ચર્યા જોઇએ. આષાઢથી શરૂ થતો ચાતુર્માસ એ ઉગ્ર ઉપાસનાને કાજે છે.

એ કર્તવ્યપંથે, મિત્ર આષાઢ! તારી રમ્યગભીર સ્મૃતિ અમને સદાસર્વદા કૃતનિશ્ચય અને બલવાન બનાવો.





આ લખું છું તે વખતે હું ગુજરાતના એક શ્રીમંત યુવાનના સાથમાં દક્ષિણ હિંદુસ્તાનમાં ફરી રહ્યો છું. એમના સૌજન્ય અને ઉદારતાથી મને કેટલું જોવાજાણવાનું મળી રહ્યું છે તેની વાત તો બીજા કોઇ પ્રસંગે કહીશ. ભારત-માતાનું જે ખરૂં સ્વરૂપ ધીરેધીરે આ પ્રવાસથી પ્રત્યક્ષ થતું જાય છે તેનું દર્શન 'કુમાર'ના વાચકોને કરાવવાની જે તક મળશે તેટલા પુરતો ગુજરાત ઉપર તેમનો ઉપકાર ગણાશે.

આપણે બધા માતૃભૂમિની સ્વતંત્રતા અને ઉન્નતિ માટે ઇચ્છા ધરાવીએ છીએ; પણ આપણી આંખે હાલની કેળવણીના એવા સજ્જડ પાટા છે કે આપણે તેનું સૌંદર્ય, વિવિધતા કે વિપુલતા જોવાનો સંજોગ ભાગ્યે જ પામીએ છીએ. મધ્યકાળના ભારતવાસી યાત્રાઓ અને વેપાર નિમિત્તે જેટલું ભ્રમણ કરતો, તેનાથી પ્રાંત પ્રાંત વચ્ચે જે સંબંધ અને વ્યવહાર ચાલતા, તથા એકબીજાની સંસ્કૃતિ, ધર્મ, સમાજ, રીતરિવાજ વિષે જે અનુભવ અને જ્ઞાનની આપલે ચાલુ રહેતી તે આ જમાનામાં જણાતી નથી.

આ જમાનામાં તો આપણો અવતાર સ્લેટપેનના દોસ્તીથી શરૂ થઇ, કૉલેજના પરદેશી અભ્યાસો અને પુસ્તકપંચાતમાં ગોળાઇને નોકરીમાં નીતરી જાય છે. આપણને ખબર નથી કે આપણા વતનમાં શું પાકે છે; આપણે જાણતા નથી કે આપણા દેશમાં કેટલી જાતિઓ વસે છે, તે મુળ ક્યાંથી આવી અને કઇકઇ જાતિઓનાં મિશ્રણ થયાં. ઘણા થોડા માણસો પોતાના જ વંશનો પુરો પાકો ઇતિહાસ જાણતા હશે. કેળવાએલા અને સમજુ ગણાતા ગૃહસ્થો પણ પોતાની સાત પેઢીની તવારીખ જાણવા કે તેનો સંગ્રહ કરવામાં બેદરકાર હોય છે.

પણ એના એ જ માણસો ગયા મહાયુદ્ધ વખતે યૂરોપનો નકશો જાણે ઘોળીને પી ગયા હોય એટલા એનાથી માહીતગાર હતા! તેઓ અમેરિકા કે ફ્રાન્સનાં ગામડાંની વાતો જાણતા હોય છે; રોમ અને ગ્રીકના પથ્થરે પથ્થરની કવિતા તેમણે મોંએ કરી હોય છે; ત્યાંની નદીઓ, સાગર ને તળાવડાં પર ત્યાંના ભક્તો ને કવિઓએ કાઢેલા ઉદ્દગારો પર તેઓ આફરીન વરસાવતા હોય છે. આપણા શ્રીમંત કેળવાએલા યુવાનો પૈસા ખરચી યૂરોપ-અમેરિકાનો પ્રવાસ કરે ત્યારે શેક્સપીઅરનું ગામડું જરૂર જુએ, ડાન્ટે ફરતો હતો તે વાડી જુએ, નેપોલિયને અમુક ઠેકાણે ઉભા રહી હુકમો આપ્યા હતા તે જગ્યાની ધુળ ચુમે, સીસેરોએ ભાષણો કર્યાં હતાં તે ખંડિયેરમાં રુદન કરે, પેસ્ટેલોઝીની બેસણી તપાસે. . . .

પણ શ્રીકૃષ્ણે કુરુક્ષેત્ર ઉપર જે સ્થળે જગતનું અપ્રતિમ સાહિત્ય અર્જુનને સંભળાવ્યું તે જગ્યાની આજે એક વિદ્વાને અનેક પુરાવાઓ સહિત શોધ કરી છે એ વાત આપણા જગતમાં કેટલા જાણે છે? તેત્રીસ કરોડ જીવોના આ ભારતમાં, આગગાડી નહોતી તે વખતે બત્રીસ વર્ષના ટુંકા આયુષ્યમાં આર્યવેદાંતના દિગ્વિજય કરનાર શંકરની જન્મભૂમિ વિષે આપણે શું જાણીએ છીએ ? તમામ વૈષ્ણવધર્મના આદ્યપ્રચારક સમર્થ રામાનુજની જન્મભૂમિ વિષેની તથા તેમના જીવનની હકીકત આપણી કેળવણીમાં કદિ અડકેલ પણ હતી ખરી?

આપણા ધર્મો, સંપ્રદાયો, જાતિઓ, કળા, પ્રાચીન ખંડિયેરો, રીતરિવાજો, ઉત્સવો અને પૂર્વજોના સારાગાઢા કિસ્સાઓને આપણા માનસિક જગતમાં કંઈ સ્થાન મળ્યું છે ખરૂં? આપણી અત્યારની દારિદ્રયભરી પરાધીન સ્થિતિમાં યૂરોપના સંસ્કારો અને સાહિત્ય આપણને આત્મવંચના અને જીવનના હલકા અસંતોષ સિવાય બીજું શું આપી શકે છે ? તે પચાવીને તેનો પાક વિસ્તારવાને આપણે કટકો યે જમીન ધરાવતા નથી. ઘણું અંગ્રેજી ભણેલા અંગ્રેજી સાહિત્યનો જ વિસ્તાર વધારશે. આપણા સાયન્સના ગ્રૅજ્યુએટો સ્વાનુભવ કે સ્વપ્રયોગની વાત જ કરતા નથી; તેઓ પરદેશનાં પુસ્તકો વાંચી સામાન્ય માણસો ન સમજે એવી ભાષામાં ભાષણો કે લખાણો વધારશે; પણ દેશની પ્રગતિના કાંટા ઉપર તેમનો આંક શો ?

યૂકેલિપ્ટસનાં ઝાડ ઑસ્ટ્રેલિયાથી લાવી નીલગિરિમાં ઉછેરી તેનાં જંગલોનાં જંગલો કરેલાં જુઓ ત્યારે તમને ખ્યાલ આવે કે આપણી ભૂમિમાં કેટલી શક્યતાઓ ભરી છે. પણ જે થાય તે હાથ જોડીને બેસી રહી જોયા કરનારને કે ભોગવ્યા કરનારને કશું મળતું નથી. 'યૂથીમલ'ની દાતે ઘસવાની લાહી (ટૂથ પેસ્ટ) ભરેલી ટયૂબો પરદેશથી કેટલા મોંઘા ભાવે આપણે બજારોમાં ઉતારી છે! તે જ યૂથીમલના રોપા અને ઝાડ મેં આડે વગડે ઉગતાં અહીં જોયાં. આપણા જુવાનો કંઈક પણ બનાવવાની ક્રિયાઓ ક્યારે શીખશે !

રાજ્યદ્વારી લડતોમાં ઉતરેલા બહાદુરો કે યૂનિવર્સિટીમાં કેળવણીના વાવટા નીચે જીવનજોસ કાઢતા આપણા વિદ્વાનો દેશનું સ્વરૂપ, હકીકત કે નાડી તપાસવાને કઇ રીતે માગી

બતાવે છે અથવા સંસ્થાઓ ઉત્પન્ન કરે છે તે જોઈએ છીએ ત્યારે નિરાશા દેખાય છે. યૂરોપનાં જ પુસ્તકો પઠન તરીકે આગળપડતાં મુકવામાં આવે છે, જેમાંથી હિંદુસ્તાન વિષે કંઇ જ જાણવાનું મળતું નથી. પણ એ જ યૂરોપીઅનો ભારતભૂમિ અને તેની શકયતાઓ વિષે જે ગ્રંથના ગ્રંથ એકઠા કરી રહ્યા છે તેનો લાભ લેવાને, તેમાંથી ઉપયોગી સાહિત્ય તારવી સામાન્ય જનસમુદાયને પહોંચાડવાને કેટલા વીરલા મથે છે?

ઈંગ્લંડનો એક સાહેબ અહીં નોકરી અર્થે આવે છે તે પોતાનું કામ તો કડેધડે સાચવે છે, સાથે ફાર્બસ જેવો સાહેબ ગુજરાતને 'રાસમાળા' જેવો અમુલો ગ્રંથ કરી આપે છે; ટૉડ સાહેબ નોકરી કરતાંકરતાં—મુત્સદ્દીગીરી કરતાંકરતાં 'રાજસ્થાન'નો મહાન ગ્રંથ ઘડે છે, અને અત્યારે ઍાટો રૉથફીલ્ડ અને કિન્કેડ જેવા યે ઓછા ઉતરતા નથી. આપણા દેશના વહીવટદારો, દીવાનો ને ઓફિસરો-

માણસ બીજાને જીતીને વિજયી બને છે, પોતાની જાતને જીતીને અજેય.

(ધૂમકેતુ)

માંથી કેટલાએ પોતાના જીવનના અનુભવોનો સાર આવતી પ્રજાને વારસામાં આપ્યો છે? અથવા પોતાના વૈતરા ઉપરાંત હાથ નીચેની પ્રજા કે પ્રદેશની નોંધ કરી છે?

હિંદુસ્તાનના દરેક પ્રાંતમાં નોકરી કરતા સાહેબોએ તેમની હકુમત નીચેની રિયાસતનું પદ્ધતિસર સ્વરૂપ પુસ્તકોમાં ઉતાર્યું છે અને પોતાના રાજા અને દેશને ઉપયોગી થાય એવી માહિતી સુપ્રત કરી છે. એના જ બળે પછીથી આવતા તેમના વારસદારોનો માર્ગ સરળ થાય છે અને તેમની સત્તા મજબુત થાય છે. જ્ઞાન સર્વોત્તમ બળ છે એ વાત બરોબર સમજી ગયા હોય તો તેઓ જ.

જ્ઞાનના ઘમંડમાં પડી રહેલા આપણા વેદાંતીઓ અને વિદ્વાનો એમનાં સૂત્રો અને મીમાંસાઓ કઈ રીતે દેશની મુક્તિ અર્થે યોજી શકે છે તે જોવાને યુવાન હૃદય તલસે છે; પણ તેમની તરફથી એક પણ સાધન અત્યારે રજુ થતું નથી કે જેની મદદથી દેશ તરત શક્તિમાન થાય.

યુવાનોએ જાતે જ પોતાને ઉપયોગી જ્ઞાન મેળવી લેવું પડશે અથવા ગ્રંથો સરજવા પડશે. જે દેશને પૂજો છો, જેને માટે જીવન સમર્પવા ઇચ્છા રાખો છો તેની નાડેનાડ જોવા ચારેકોર ઘુમવાની જરૂર છે. ભારતના પ્રાંતેપ્રાંતમાં ભાષાની ભિન્નતા હોવા છતાં જ્યાં જશો ત્યાં સનાતન હિંદી એકતાવાળું હૃદય નજરે પડશે. આચાર અને ભાષાના પડદાની પાછળ એકસરખો ભારતીય જીવ છે એની ખાતરી કરવા તેના આચાર અને ભાષાને ભેદીને મળવું જોઇએ.

અભ્યાસ, પ્રવાસ અને અનુભવ ત્રણે સાથે ન મળે ત્યાં સુધી દરેકની કેળવણી અધુરી જ છે.

વિદ્યાર્થીઓને

પશ્ચિમના બેહુદા અનુકરણથી કે શુદ્ધ અને છટાદાર અંગ્રેજી બોલવા-લખવાની આવડતથી સ્વાતંત્ર્યમંદિરની ઈમારતમાં એક પણ ઇંટ ઉમેરાવાની નથી. આજે વિદ્યાર્થીવર્ગ જે કેળવણી મેળવે છે તે ભુખે પીડાતા હિંદુસ્તાનને સારૂ બેહદ ખર્ચાળ છે. એ કેળવણી કદિ પણ મેળવવાની આશા રાખનાર વર્ગની સંખ્યા 'દરિયેમેં ખસખસ' જેટલી છે. એવી કેળવણી લેનાર વિદ્યાર્થીઓએ લાયક સિદ્ધ થવું હોય તો તેમણે રાષ્ટ્રને ચરણે પોતાનાં લોહી અને પરસેવો—પોતાનો જીવનરસ અર્પણ કરવો જોઇએ. વિદ્યાર્થીઓએ સંરક્ષક સુધારાના આગેવાન થવું જોઇએ. રાષ્ટ્રમાં જેટલું સારૂં છે તેનું સંરક્ષણ કરી સમાજમાં જે અસંખ્ય અનિષ્ટો પેસી ગયાં છે તેને નાબુદ કરવાં જોઇએ.


વિદ્યાર્થી પરિષદોનું કર્તવ્ય એ છે કે તેઓ વિદ્યાર્થીઓ સામેની ખરી દશા વિષે એમની આંખો ઉઘાડે. નિશાળના વર્ગોમાં પરદેશી વાતાવરણ હોવાને લીધે વિદ્યાર્થીઓને જે વસ્તુ શીખવાની તક ન મળતી હોય તે વસ્તુઓ વિષે આ પરિષદોએ તેમને વિચાર કરતા કરવા જોઇએ. રાષ્ટ્રગઠનના કાર્યક્રમમાં રાષ્ટ્રના એકે અંશને અસ્પૃશ્ય રાખ્યે નહિ ચાલે. વિદ્યાર્થીઓએ પોતાની છાપ મુંગાં કરોડો પર પાડવી રહી છે. તેમણે પ્રાંતની, ગામની, વર્ગની કે ન્યાતની દૃષ્ટિએ નહિ, પણ કરોડોની દૃષ્ટિએ વિચાર કરતાં શીખવું રહ્યું છે. એ કરોડોમાં અસ્પૃશ્યો, દારૂબાજો, ગુંડાઓ અને વેશ્યાઓ સુદ્ધાંનો સમાવેશ થાય છે. સમાજમાં એ વર્ગોની હસ્તી માટે આપણામાંનો એકેએક જણ જવાબદાર છે.

પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓ 'બ્રહ્મચારી' કહેવાતા. બ્રહ્મચારી એટલે ઇશ્વરને માર્ગે અને ઇશ્વરથી ડરીને ચાલનાર. એ બ્રહ્મચારીઓને રાજાઓ અને મુરબ્બીઓ માન આપતા. સમાજ સ્વેચ્છાએ એમનું પોષણ કરતો, અને બદલામાં તેઓ સમાજને સોગણા બળવાન આત્મા, બળવાન માનસ અને બળવાન બાહુ અર્પણ કરતા. આજની દુનિયામાં પતિત પ્રજાના વિદ્યાર્થીઓ પર તે તે પ્રજાની શુભ આશા રહેલી છે. વિદ્યાર્થીઓ જ દરેક વિષયમાં આપભોગવાળા આગેવાન સુધારકો બન્યા છે. આપણે ત્યાં હિંદુસ્તાનમાં એવાં દષ્ટાંતો નથી એમ નહિ; પણ એ તદ્દન ગણ્યાંગાંઠયાં છે. મારૂં કહેવું તો એ છે કે વિદ્યાર્થી પરિષદોએ બ્રહ્મચારીની સ્થિતિને છાજે એવું આ પ્રકારનું વ્યવસ્થિત કામ ઉપાડી લેવું જોઇએ.

મોહનદાસ કરમચંદ ગાંધી

ચીતરવાનું સહેલ છે

[જો આગલા પાઠ પાકા કર્યા હોય તો]



જેનેજેને ચીતરવાનો શોખ લાગે છે તે શરૂઆતથી જ માણસોના ચહેરા કાઢવાને આતુર હોય છે; પરંતુ કંઈ પણ ધોરણ સમજ્યા વિના ચીતરવા જાય છે એટલે નિષ્ફળ થતાં કંટાળીને એ શોખ પડતો મુકે છે. પણ ઉપર બતાવેલી રીત ધ્યાનમાં લઇ જો કામ કરવામાં આવે તો ઘણું સરસ પરિણામ આવશે.

કંપાસ, બેંગડીઓ વગેરે કે ડાબલીનું ઢાંકણું—જે કંઈ મળે તે વડે પહેલાં એક ગોળ બનાવો અને ઉપર બતાવ્યા પ્રમાણે તેની વચ્ચેથી ચાર લીટી દોરો. પછી એ ગોળ લીટીઓ સાથે માણસનો ચહેરો ક્યાંકયાં મળતો થાય છે અને ક્યાંકયાં કેટલે અંતરે છુટો પડે છે તે ઉપલી આકૃતિમાં બતાવ્યા મુજબ બારીકીથી જુઓ અને બરોબર સમજીને તમારા ગોળ પર લીટીઓ ગોઠવો.

આંખની જગ્યા વચલી લીટીના નીચે કપાળથી કેટલી છેટી છે? નાક ગોળમાંથી કેટલું બહાર પડતુ આવે છે? હોઠનો ખુણો ગોળ ઉપર જ કેવી રીતે પડે છે? દાઢી કેટલી બહાર પડી ગોળની બહાર ગરદનને મળે છે?

કાન અને નાકની ઉંચાઇ સરખી જ લાગે છે. કાનની જગ્યા તથા આકાર કાળજીથી બરોબર ગોઠવજો.

કપાળ અને વાળનો સંબંધ જુઓ. માથાનો પાછલો ભાગ ગોળની અંદર ક્યાંક્યાં કેટલો વળે છે અને ડોકને કેવી રીતે જોડાય છે તે પર ધ્યાન આપો.

આ રીતે આ પ્લેટના નમુના તમારા હાથમાં પાકા કરો.

છોકરા અને છોકરીના ચહેરામાં ક્યાંક્યાં ફરક પડે છે તે જુઓ. વૃદ્ધના ચહેરામાં હાડકાં અને માંસની રેખાઓ કેવી બહાર પડતી છે તે જુઓ.

પાકી સમજણ પડી જાય એટલે ડાબી અને જમણી બંને બાજુ જોતાં મોઢાં ચીતરજો. સાવ મળતાં ન આવે તો કંઈ નહિ, પણ માણસના સાધારણ ઘાટ સારા થાય એટલું જ સંભાળજો. તમને લાગે કે તમે બીજા નવા ચહેરા પણ કરી શકશો, તો કરવા ચુકશો નહિ. પછીથી નમુના જોયા વગર ગમે ત્યારે ગમે ત્યાં બેઠાબેઠા આ મહાવરો પાડશો તો થોડા વખતમાં તમારા હાથમાં ચહેરા બેસી જશે.

સામે જોતાં મોઢાંનો પાઠ હવે પછી.

સંગીતસમ્રાટ તાનસેન

સંગીતને પ્રાચીન મુનિઓએ પાંચમો વેદ કહ્યો છે. એ વેદના જ્ઞાતા ઋષિઓએ તે વિદ્યાની ખુબ જ પ્રશંસા કરી છે. એ વિદ્વાનોએ એનું શાસ્ત્ર પણ બનાવ્યું. પ્રાચીન કાળમાં એ વિદ્યા કેટલે ઉચ્ચ દરજ્જે હતી તેની ઇતિહાસ સાક્ષી પુરે છે. મહારાજ વિક્રમાદિત્ય જેવા દીપકઆલાપી સમ્રાટ આ જ ભારતવર્ષમાં થઇ ગયા.

આપણે ત્યાં સંગીતના ઉસ્તાદો તો આજ સુધીમાં ઘણા થઈ ગયા છે, પરંતુ એ સૌમાં જે બીનહરીફ ગણાઈ ગયો અને જેનું નામ સૌની જીભને ટેરવે હજી પણ હમેશ રમે છે એવો તો એક જ: તે તાનસેન.

તાનસેનનો જન્મ ક્યારે અને ક્યાં થયો એની કોઈ ચોક્કસ માહીતી મળતી નથી; પરંતુ એમ મનાય છે કે તે ઇ. સ. ૧૫૩૦માં ગ્વાલિયરની નજીક વેહટ નામના નાના ગામડામાં જન્મ્યો હતો. એના પિતા મકરંદ પાંડયે કાશીના ગૌડ બ્રાહ્મણ હતા. કેટલાક કહે છે કે એ કાન્યકુબ્જ બ્રાહ્મણ હતા. મકરંદ પાંડયેનો અવાજ બહુ જ ઊંચો અને સુરેલ હતો. શીઘ્ર કવિતા કરવાની શક્તિ પણ એમનામાં હતી એમ કહેવાય છે. એ સંગીતમાં બહુ જ રસ લેતા અને હરિકીર્તન પણ કરતા.

પિતાનો વારસો પુત્રને મળવાનો જ. તાનસેનનો અવાજ પણ મધુર, તીક્ષ્ણ અને ગમે તે સ્વર ઉપર તુરત મેંઢ લઇ શકે એવો નીપજ્યો. વીણાના અવાજમાં જેમ કુદરતી મીઠાશ હોય છે તેમ તાનસેનના અવાજમાં પણ હતી. એનો અવાજ સંભળાય ત્યારે વીણા ઝણઝણી ઉઠયાનો ભાસ થતો.

તાનસેનના બાળપણનો એક કિસ્સો એવો કહેવાય છે કે તાનસેનના પિતા ફુલવાડીમાં રહેતા; તે બાગની તાનસેન રક્ષા કરતો ત્યારે સંતાઇ જઇને ફળફુલ ચોરવા આવનારને સિંહની ગર્જના જેવો શબ્દ કાઢી ડરાવતો. એક દિવસ એક મહાત્માએ બાગમાં આવી સિંહનો શબ્દ સાંભળ્યો, અને જુએ છે તો એક બાળક તે અવાજ કાઢી રહ્યો છે! બાળકને જોતાંવેંત જ તેમણે કહ્યું કે આ બાળક સંગીતમાં અત્યંત પ્રવીણ થશે.

તાનસેનનું મુળ નામ ત્રિલોચન મિશ્ર હતું એમ જણાવેલું છે. એના પિતા મકરંદ પાંડયે ગ્વાલિયરના મહારાજ રામનિરંજનના દરબારમાં હતા. એ મહારાજે ત્રિલોચનને 'તાનસેન'ની પદવી આપી અને તે દિવસથી તે ત્રિલોચન મિશ્રનો તાનસેન થઈ ગયો.

તાનસેનનું બાળપણ કેમ વીત્યું તે વિષે એવી દંતકથા છે કે એના પિતા મકરંદ પાંડયેને સંતાન થતાં તે જીવતાં નહિ. તાનસેન પહેલાંનાં તેનાં બધાં સંતાનો મરણ પામ્યાં હતાં. આથી તે તાનસેનને ગ્વાલિયરની પાસે રહેતા એક મુસલમાન ફકીર મહમ્મદ ઘૌષની ગોદમાં અર્પણ કરી તીર્થયાત્રાએ ચાલ્યા ગયા. મહમ્મદ ઘૌષે જ આ બાળકની સારવાર કરી ઉછેર્યો તથા તેનું ભરણપોષણ કર્યું.

એને વિષે એક બીજી દંતકથા એવી ચાલે છે કે તાનસેન દેવીનો મોટો ભક્ત અને ઉપાસક હતો, અને દેવીની પૂજાઅર્ચા કર્યા વિના બીજું કાંઇ કરવું તેને ગમતું નહિ. એક વખત એટલા જોરથી વરસાદ પડયો કે લગભગ આખું શહેર જળજળાકાર થઈ રહ્યું અને નદીમાં ભારે પુર આવવાથી શહેર તણાવા લાગ્યું. તથાપિ તાનસેન પોતાના નિશ્ચયથી ન ડગતાં એવા કઠણ સંજોગોમાં પણ નદી પાર કરી સામે તીરે દેવીના મંદિરે ગયો. એની આ ભક્તિનું ફળ તરત જ મળ્યું. દેવીએ પ્રસન્ન થઈ તેને સંગીતવિદ્યાનું વરદાન આપી આદેશ દીધો કે 'પહેલાં તું મથુરા પાસે આવેલા વૃન્દાવનના શ્રી હરિદાસ સ્વામીનો શિષ્ય થા; એમની પાસે સંગીતવિદ્યાનો અભ્યાસ કરી પછી મહમ્મદ ઘૌષ સાહેબ પાસે આવજે.' તાનસેન દેવીના આદેશ મુજબ મથુરા વૃન્દાવન ચાલ્યો ગયો અને ત્યાં થોડાં વર્ષ શ્રી હરિદાસ સ્વામી પાસે રહી સંગીતવિદ્યાનું ઠીકઠીક અધ્યયન કર્યું.

એ હરિદાસ સ્વામી પાસે ઘણા ગવૈઆઓ શીખવા આવતા. તેમાંના તેમના આઠ પ્રસિદ્ધ શિષ્યો-નાં નામ તો હજુ જુના ગ્રંથોમાં મળી આવે છેઃ બૈજુ, ગોપાળલાલ, મદનરાય, રામદાસ, દિવાકર પંડિત, સોમ પંડિત, તન્નામિશ્ર (તાનસેન) અને રાજા સૌકાસેન. આ બધા શિષ્યો વિદ્યા મેળવી લીધા પછી સંગીતના પ્રચારાર્થે જુદાજુદા પ્રાંતોમાં ચાલ્યા ગયા, અને દરેકે, જ્યાં ગયા ત્યા સારૂં નામ કાઢ્યું. બૈજુ, ગોપાળલાલ અને મદનરાય દિલ્હી ગયા; દિવાકર પંડિત અને સોમનાથ પંડિત પંજાબ ગયા અને તાન-સેન સુપ્રસિદ્ધ શેરખાનના પુત્ર દૌલતખાન પાસે ગયો. ત્યાં એના સત્કારાર્થે તાનસેને ઘણી કવિતાઓ પણ લખી. દૌલતખાનના અવસાન પછી તાનસેન રીવા સંસ્થાનમાં ગયો. ત્યાંના રાજા રામચંદ્ર તાનસેનનું સંગીત સાંભળી એટલા પ્રસન્ન થયા કે તેને ઉસ્તાદ બનાવી પુષ્કળ માન આપ્યું.

થોડા જ દિવસમાં તાનસેનના સંગીતનો પ્રભાવ દેશદેશાંતરમાં પ્રસરી ગયો અને મોગલ સમ્રાટ અક-બરને કાને તેની કીર્તિ જતાં તેણે તાનસેનને પોતાના દરબારમાં આમંત્ર્યો. આ બાદશાહી નિમંત્રણથી રીવા મહારાજને પણ આનંદ થયો. એમ કહેવાય છે કે તાનસેનને વિદાય આપતી વેળા રીવા મહારાજે તાન-સેનને બે બહુમૂલ્ય સુવર્ણકંકણ ભેટ આપ્યાં. મહા-રાજના પ્રેમથી તાનસેન એટલો મુગ્ધ થઇ ગયો હતો કે તેણે છુટા પડતી વખતે પ્રતિજ્ઞા કરી કે હવે પછી તમારા સિવાય કોઇ પણ માણસને જમણા હાથથી સલામ નહિ કરૂં. અને આજ પણ તાન-સેનના ગાયક વંશજો આ પ્રતિજ્ઞાનું બરોબર પાલન કરે છે અને ડાબે હાથે જ સલામ કરે છે !

રીવાથી નીકળી તાનસેન ઈ. સ. ૧૫૬૨માં અકબરના દરબારમાં ગયો. અકબરના દરબારમાં તો દેશવિદેશના ગાયકવાદકોનો મોટો સંઘ હતો.

અકબરે તાનસેનનું ભારે સન્માન કર્યું અને પોતાનો ઉસ્તાદ બનાવ્યો. કહેવાય છે કે પહેલવહેલું તાનસેનનું ગાયન સાંભળીને બાદશાહ એટલો ખુશ થયો કે તેને બે લાખ રૂપિયાનું ઇનામ આપ્યું.

અબુલફઝલ આઇને અકબરીમાં લખે છે કે બાદશાહના દરબારમાં બધા મળીને ૩૬ ગાયકવાદકો હતા. એ બધાનાં નામ પણ એણે આપ્યાં છે. એમાં મુખ્ય તાનસેનનો પુત્ર તાનતરંગ, સુરજખાન, વીર-મંડલખાન, બાજબહાદુર, સુરદાસ વગેરેને ગણાવ્યા છે. બાજબહાદુર તો માળવાનો અધિપતિ હતો. અબુલફઝલ કહે છે કે સંગીતમાં એને કોઇ આંટે એમ ન હતું; પણ તાનસેન વિષે તો એ લખે છે કે 'એના જેવો ગવૈયો તો હિંદુસ્તાનમાં છેલ્લાં હજાર વર્ષમાં પાક્યો નથી.'

અકબરના દરબારના બીજા પ્રખ્યાત સંગીત-શાસ્ત્રી તથા એ સમયના મહાકવિ અને ભક્ત સુર-દાસ સાથે તો તાનસેનને ગાઢ પરિચય હતો. હરિ-દાસ સ્વામીના આઠ શિષ્યોમાં જે રામદાસનું નામ છે તે આ સુરદાસના જ પિતાઃ તાનસેનના ગુરુબંધુ.

એક વખત તાનસેનનું ગાયન સાંભળી અકબરે અત્યંત પ્રસન્ન થઇ કહ્યું તમે આટલું બધું શાસ્ત્રોક્ત તથા મધુર સંગીત કરો છો તો તમારા ગુરુ કોણ? તાનસેને કહ્યું વૃન્દાવનવાસી શ્રી હરિદાસ સ્વામી. એ સાંભળી બાદશાહે સ્વામીજીનાં દર્શન કરવાની ઇચ્છા કરી. પરંતુ સ્વામી તો દુન્યવી વ્યવહારથી અલિપ્ત રહી પોતાનાં ભજનની જ ધૂનમાં મસ્ત રહેતા અને કોઇને મળતા નહિ. આથી કશો પરિવાર સાથે લીધા વિના બાદશાહ તાનસેનની સાથે નોકરના વેશમાં ત્યાં ગયા. સ્વામીજીને આ વાતની જાણ થતાં તેમણે તાનસેનને બહુ ઠપકો આપ્યો. પછી ભજનનો સમય થયો ત્યારે બંધા સાથે આવ્યાઃ સ્વામીજીએ પોતાનું સંગીત સંભળાવ્યું. બાદશાહ મુગ્ધ થઇ ગયો.

મથુરાથી પાછા આવી બાદશાહે તાનસેનને પુછ્યું, 'તમારા ગુરુના સંગીતથી મારા પર જે અદ્દભુત અસર થઈ તેવી તમારા સંગીતથી કેમ નથી થતી?' ઉત્તરમાં તાનસેને જણાવ્યું કે 'ગુરુજીના અવાજમાં આપને જે દૈવી ઝલક લાગે છે તેનું કારણ કે તે બાદશાહોના બાદશાહ સૃષ્ટિના કિર-તારના જ ધ્યાનમાં મગ્ન રહે છે; જ્યારે હું તો આપ નામદારની જ સેવા કરૂં છું.' ઉપલી દંતકથા સાચી હોય કે ન હોય, પણ એટલું તો સ્પષ્ટ છે કે બાદ-શાહ તાનસેન ઉપર બહુ જ પ્રસન્ન હતો.

એક દિવસ તાનસેને દરબારમાં કલ્યાણ રાગ સવારના સમયે ગાઇ સંભળાવ્યો. બાદશાહે તાનસેનને

મેણું મારી કહ્યું 'કલ્યાણ રાગ તો સાંજે ગવાય છે.' તાનસેન હસીને બોલ્યો, 'હું જાતે બ્રાહ્મણ છું; અને સવારના પહોરમાં બ્રાહ્મણ કલ્યાણ રાગમાં જ આશીર્વાદ આપે, જેથી આપનું કલ્યાણ થાય.'

અકબર પોતે કવિ હતો, રસિક હતો અને સંગીતનું સંપૂર્ણ શાસ્ત્રીય જ્ઞાન ધરાવતો. અબુલફઝલ કહે છે કે 'ભલભલા સંગીતવિશારદ ઉસ્તાદોને પણ ટપી જાય એવું અકબરનું સંગીતશાસ્ત્રનું જ્ઞાન હતું; તેમાંયે ખાસ કરીને તબલાં બજાવવાની તેની શક્તિ અદ્દભુત હતી.' તાનસેન તથા તેના સમકાલિન બીજા ગાયકવાદકોની આટલી કદર અકબરે કરેલી તેનું એક કારણ આ પણ હતું.

અકબરના દરબારમાં દેશદેશના ઉસ્તાદો હતા એ આપણે ઉપર જાણ્યું. એ બધાના પરસ્પર મેળાપથી, વિચારવિનિમયથી અને સહકારથી તાનસેને એ વખતના સંગીતને લોકરૂચિને અનુકૂળ નવું રૂપ આપ્યું. કહેવાય છે કે મુખ્ય છ રાગમાંના 'હિન્દોલ' અને 'મેઘ'—એ બંને રાગોનો તાનસેને નાશ કર્યો. એના જેવા નામાંકિત અને અપ્રતિમ સંગીતશાસ્ત્રીના નામ પર આ કલંક કેમ હોઇ શકે એ વિચારતાં જણાય છે કે જુના નિયમબદ્ધ સંગીતથી મુસલમાન જનતા આકૃષ્ટ ન જ થઈ શકે એમ તેને લાગ્યું હશે અને તેથી એણે જુના સંગીતશાસ્ત્રની વ્યવસ્થામાં ફેરફાર કરવો જરૂરનો ગણ્યો હશે.

સમાજમાં જ્યારે કોઇ પુરુષ જુની પ્રણાલિકામાં સુધારો કરે છે ત્યારે પુરાણા વિચારના લોકો તેના ઉપર હુમલા તો કરે જ છે. તાનસેનની બાબતમાં પણ એમ જ બન્યું. જુની પરંપરાના અભિમાની ગાયકો, પરંપરાથી ઉતરી આવેલા સંગીતમાં તાનસેને કરેલા સુધારા સાંખી ન શકયા, અને તેથી 'તાનસેને બધું ભ્રષ્ટ કરી નાખ્યું અને મેઘ તથા હિન્દોલ રાગને બગાડી તેમનો નાશ કર્યો' એવો એમનો મત થઇ ગયો. એ મત હજી ચાલ્યો આવે છે.

તાનસેન જેટલો ગાયનશાસ્ત્રમાં નિપુણ હતો તથા નવીનવી રાગરચના કરવાની તેનામાં જેટલી



સોમનાથ

: રોળા :

ભરતીજળમાં અમર કાળસંગીત સુણવતો,
ધસી ભેટતો, સોમ! સમુદર ઘોર ઘુઘવતો;
તું તેને ઉપકંઠ યોગી સ્થિતપ્રજ્ઞ વિરાજે,
ને બેસું તુજ અંક બાળ શો હું યે આજે.

કયાં એ ઘુમ્મટ સોમ! કહીં એ કલશ ધજા છે?
આ ડેધડ આ પોઠ પડયો;—શિવલિંગન કયાં યે!
નથી શંખના નાદ, નથી ઝાલરના ડંકા,
ભાવિક દર્શનભીડ મહીં વગડે ના ઘંટા.

કોતરણી ભુંસાઈ, મનોહર ગઈ મૂર્તિઓ,
વર્ષો વીત્યે કોઇ થકી ના થઇ પૂર્તિઓ;
ગર્ભદ્વારની માંહ્ય સુગોળ રહેલો ખાડો,
દે છે દુઃખની યાદ ખોલી જડ પડદો આડો.

હિંદુ-યવનની ખટક વિષે આ ભાવવિષમતા,
રાષ્ટ્રોદ્ધારે, નાથ! અમારી આ દુર્બલતા;
તુજ ખુલ્લે મંદિર આજ મિથ્યા સુખ વેરૂં,
આંસુ ગતું એક મહા દુઃખ શોકે ઘેરૂં.

તારી ચુમું ધુળ ચુમીને શિર ચડાવું,
પરમ ભારતીમાત તણું કલ્યાણ બઢાવું;
પરથમ ભોળા! કાઢ લોકનો આંતરવ્યાધિ,
પછી ઉદધિમાં સોમ! ભલે લે યોગસમાધિ.

દેશળજી પરમાર

અદ્‌ભુત શક્તિ હતી તેટલો જ તે ઉત્તમ કવિ પણ હતો. એણે રચેલા ત્રણ ગ્રંથોનો ઉલ્લેખ મળી આવે છેઃ સંગીતસાર, રાગમાલા અને શ્રીગણેશસ્તોત્ર. આ ગ્રંથોનો રચનાકાળ ઇ. સ. ૧૫૬૧નો લેખાય છે; જે વખતે એ રીવા મહારાજના દરબારમાં હતો.

કહેવાય છે કે તાનસેને મુસલમાન ધર્મનો સ્વીકાર કર્યો હતો, કેમકે તે શાહી ઘરની કોઇ કન્યા પરણ્યો હતો, અને તે માટે એને મુસલમાન થવું પડ્યું હતું. તેને 'મિરઝાં'ની પદવી પણ મળી હતી. એક બીજી દંતકથા આ વિષે એવી ચાલે છે કે જ્યારે તે નાનપણમાં પોતાના મુસ્લીમ ગુરુ મહમ્મદ ઘૌષ પાસે ગ્વાલિયરમાં હતો તે વેળા મહમ્મદ ઘૌષ સાહેબે પોતાની જીભથી તેની જીભને સ્પર્શ કરેલો. (કોઈ કહે છે એણે મહમ્મદ ઘૌષ સાહેબનું ખાતાં પડી ગએલું પાન ખાધેલું.) તે દિવસથી તાનસેન સારો ગાયક થયો અને મુસલમાન પણ થયો; અને તે 'મિયાં તાનસેન' કહેવાવા લાગ્યો.

મહમ્મદ ઘૌષ સાહેબે જીભને જીભ અડાડ્યાની ઉપલી કથા વિશ્વાસપાત્ર નથી; પણ તેમાં એક મુસલમાની રિવાજનો ધ્વનિ જણાય છે. પૂજ્ય અથવા આદર્શ વ્યક્તિને પ્રણામ કરી આશીર્વાદ લેતી વખતે તે વ્યક્તિનું હસ્તચુંબન કરી હાથ સુંઘવા, અને સામે પેલી પૂજ્ય વ્યક્તિ તે માણસનું મસ્તક સુંઘે એવો રિવાજ મુસલમાનોમાં છે, તે અનુસાર મહમ્મદ ઘૌષ અને તાનસેન વચ્ચે ઘટના બની હશે.

પણ તાનસેને મુસલમાન ધર્મ સ્વીકારેલો એ વાત તો સત્ય જ છે; પરંતુ તે અકબરના દરબારમાં ગયા પછી જ હશે, કેમકે એણે ૧૫૫૯માં શ્રીગણેશસ્તોત્ર નામનો ગ્રંથ રચ્યો છે તે જો તેણે મુસલમાન ધર્મ પહેલો સ્વીકાર્યો હોય તો લખાવો અશક્ય છે.

તાનસેનના સમય સુધી ધ્રુપદ રાગનું ગાન અત્યંત ઉચ્ચ ગણાતું. ધ્રુપદ રાગમાં શાંત, ગંભીર, વીર અને અદ્‌ભુત એ ચારે રસની પરાકાષ્ઠા થાય છે. એ રાગની પદ્ધતિ ગ્વાલિયરના મહારાજા માનસીંગ તોમારે નવી કાઢેલી અને પ્રાંતેપ્રાંતમાં તેનો પ્રચાર કરવાનો પ્રયત્ન કરેલો. એ માનસીંગ તોમારે ગ્વાલિયરમાં પોતાના સમયમાં સંગીતની એક પાઠશાળા પણ કાઢેલી. કહેવાય છે કે તાનસેને એ પાઠશાળામાં થોડો વખત અભ્યાસ કરેલો. ધ્રુપદનું શિક્ષણ તેણે ત્યાંથી લીધું હશે અને પછી હરિદાસ સ્વામી પાસે ગયો હશે. તાનસેનની વિશેષતા એ ધ્રુપદના ગાયનમાં જ હતી. આજ પણ એના વંશજો ધ્રુપદના ખાનદાનના ગણાય છે.

ખાશો મા

થાકેલા હો ત્યારે ખાશો મા
ક્રોધમાં હો ત્યારે ખાશો મા
ખાધે પેટે તરત ખાશો મા
ખોટી ભુખ લાગ્યે ખાશો મા
કાંઈ દેખીને મન થાય તો ખાશો મા
ખાધે છ કલાક થયા વિના કાંઇ ખાશો મા
માત્ર કકડીને ભુખ લાગે ત્યારે જ ખાજો
અને તે પણ ખુબ ઠાંસીને ખાશો મા

કહેવાય છે કે બાદશાહે તાનસેનને એકવાર પોતાની કળાનું પુરેપુરૂં સ્વરૂપ બતાવવાનો ખુબ આગ્રહ કર્યો. એટલે તાનસેને ગાવા માંડ્યું. થોડી વારમાં આખા દરબારના દીવા હોલવાઇ ગયા અને બધે અંધારૂં થઇ ગયું; તાનસેને તરત દીપક રાગ ગાયો અને બધે ઝગારા મારતી વિજળી જેવું તેજ પ્રસરી રહ્યું !

આમાં કેટલું તથ્ય હશે એ સમજાતું નથી. દીપક રાગથી દીવો પ્રગટે અને મલ્હાર રાગથી વરસાદ વરસે એવી શક્તિ સંગીતવિદ્યામાં છે કે નહિ એ વિષે મને શંકા છે; પણ એટલું તો લાગે છે કે સામા માણસો ઉપર સંગીત અજબ અસર પાડી શકે છે. ગ્રીષ્મ ઋતુમાં ખરે મધ્યાહ્‌ને ભારે ઉકળાટ થઇ રહ્યો હોય એ વખતે કોઇ સુંદર રીતે સારંગ રાગ ગાતું હોય તે આપણે કાને પડે કે આપણને એકદમ શાંતિ થઇ જાય છે;—જાણે કોઇ ઠંડા ઉદ્યાનમાં બેઠા હોઇએ. એ જ પ્રમાણે જો કોઇ એવો સુંદર સ્વરસંદર્ભ આલાપે તો આપણને ગર્જના સહિત ચોમેર વરસાદ પડી રહ્યો છે એમ લાગે. આપણે જાગતું સ્વપ્ન જોઇએ કે મોર નાચે છે, દેડકાં બોલે છે, વિજળી ચમકે છે, ગર્જના અને ખુબ કડાકા થઈ રહ્યા છે, નદીઓ ઉભરાઇ ચાલી છે, ચોમેર લીલુંછમ

ઘાસ ઉગી નીકળ્યું છે વગેરે. ગવૈઆઓમાં એટલી શક્તિ તો સંભવે છે કે તે શ્રોતાના કાનને એટલા બધા આકર્ષી લે કે જોવાનું, સુંઘવાનું, બોલવાનું, કશું ભાન જ ન રહે. મન અને બુદ્ધિ કાને સંભળાતી જ વસ્તુ જુએ. આમ, વરસાદનું આબેહૂબ ચિત્ર દર્શાવનાર રાગ મેઘમલ્હાર ન કહેવાય તો બીજો કયો કહેવાય ? પછી ભલેને તે ખેતર ન ભીંજવે ! એવું જ દીપકનું.

તાનસેનમાં એટલી બધી પ્રતિભા હતી કે તે પોતાના આલાપથી દુઃખીને આનંદી તેમ જ આનંદીને દુઃખી બનાવી મુકે. અને એ જ પ્રતિભાને બળે એ સાંભળનારની આંખે અંધારું પણ લાવી શકે અને ક્ષણભર અંદરની આત્મજ્યોત પણ પ્રગટાવી મુકે. આત્મજ્યોત આગળ વિજળીનું તેજ પણ ફીકકું જ લાગવાનું. અકબરના દરબારના દીવા બુઝાઇ પણ નહિ ગયા હોય, તેમ એની ઝાળ પણ વધી નહિ હોય; પરંતુ એ ચમત્કાર તો દેખાયો જ હશે.

કહે છે કે તાનસેન જ્યારે ધ્રુપદ ગાતો ત્યારે જાણે મેઘ ન વરસતો હોય, એવો ભાસ થતો. અને કોઇક વખત એમ પણ લાગતું કે ઘણા માણસો ભેગાં થઇ ગાઇ રહ્યાં છે તથા ભિન્નભિન્ન જાતનાં વાદ્યો વગાડી રહ્યાં છે. આ વાત ન મનાય એવી છે; પરંતુ મારો પોતાનો પણ એવો જ અનુભવ છે. એક વેળા હું કાર્યનિમિત્ત દ્વારકા ગયો હતો ત્યારે ત્યાંની વાંધર બોર્ડિંગના એક બાળકનું સુંદર ગાયન મેં સાંભળેલું. મારી સાથે મારા બીજા ગાયક મિત્રો પણ હતા. અમને સૌને એ બાળકના સંગીતથી અત્યંત આશ્ચર્ય થયું, કેમકે તે બાળક કોઇ પણ જાતના વાદ્ય વિના ગાતો હતો, છતાં કેમ જાણે તે બેત્રણ જાતનાં વાદ્ય સાથે ગાતો હોય તેવો ભાસ થતો હતો ! આવા સાધારણ બાળકમાં આવી શક્તિ ઇશ્વરે રાખેલી જોઇ તાનસેનની ઉપલી કથા પર મારો વિશ્વાસ બેસે છે.

તાનસેન હવે મોટો થયો હતો, વિદ્વાન થયો હતો, વૃદ્ધ થયો હતો, કીર્તિ સંપાદન કરી બધામાં પ્રિય ને માનનીય થઇ પડ્યો હતો. હિંદુસ્તાનમાં મોગલ સલ્તનત દૃઢ કરનાર અકબર, સમ્રાટ અકબર કહેવાયો; એનો સંગીતશાસ્ત્રી તાનસેન સંગીતસમ્રાટ ગણાયો.

ભલભલા યોગી અને સિદ્ધો પણ પછડાય છે. અનેકની આત્મજ્યોત પ્રગટાવનારો આવો સમર્થ ગવૈયો પણ પછડાયો. તાનસેનના છેવટના દિવસો અત્યંત મોજ અને વિલાસમાં વીત્યા. તે જમાનામાં મુસલમાનોમાં પ્રચલિત બધા દુર્ગુણોનો તે ભોગ થઇ પડ્યો. પોતાના અંતના દિવસોમાં તે ગ્વાલિયર ગયો અને ત્યાં અનેક દુર્વ્યસનોના શિકાર થઇ પડેલા એ સંગીતસમ્રાટનો ઇ. સ. ૧૫૮૯માં દેહાંત થયો.

એના ધર્મગુરુ શુરુ મહમ્મદ ઘોષ સાહેબની છત્રીની પાસે જ ગ્વાલિયરમાં એની કબર છે. તે ખુલ્લી ઇમારત રૂપે છે, અને બાવીસ ચોરસ ફુટના એ નાનકડા મકાનને બાજુના બાર તથા વચલા ચાર મળી સોળ થાંભલા છે. કબરની પાસે તાનસેને પોતે હાથે વાવેલું અને પાણી પાઇને ઉછેરેલું એક આમલીનું ઝાડ છે. કહે છે કે કોઇ સ્મરણશક્તિહીન માણસ તે ઝાડનાં ચાર પાદડાં ખાતો તો સારા સ્મરણવાળો થઇ જતો; ખરાબ કંઠવાળો ખાતો તો તેનો કંઠ સારો થતો. તાનસેને વાવેલું એ મુળ ઝાડ તો એક સરકારી હાથીએ ઉખેડી ફેંકી દીધેલું. પણ તેના બીજમાંથી એક બીજું ઝાડ ઉગેલું તે આજે પણ મોજુદ છે, અને તેનાં પાદડાં આજે પણ પ્રેમી ગાયક ભક્તિભાવથી ખાય છે.

તાનસેનને ચાર પુત્રો હતા. એકનું નામ સુરજસેન. તેને તાનતરંગ પણ કહેતા. અકબરના દરબારી ગાયકોની યાદીમાં તેનું નામ પણ જણાય છે. તાનસેનના વંશજો હાલ પણ જુદાજુદા રાજ્યોમાં છેઃ ગ્વાલિયરમાં અમીરખાં, જયપુરમાં નિહાલસેન અને રામપુર રાજ્યમાં વજીરખાં આજે પણ હયાત છે.

(યુગધર્મ) **નારાયણ મોરેશ્વર ખરે**

સેવા ઉપર લાંબુ ભાષણ આપ્યા પછી શિક્ષકે વિનુ સામું જોઇ કહ્યું, 'તું રેલવેમાં મુસાફરી કરતો હો ને તારા ડબામાં એક પણ જગ્યા ખાલી ન હોય, એ વખતે કોઈ બાઇ બેસવા માટે આવે, તો તું શું કરે?'


'ઉંઘી જવાનો ઢોંગ, સાહેબ, બીજું શું?'

ઙ્ગ

ભિખારી—ભગવાનને ખાતર દયા કરી એક પૈસો આપો.

નોકર—શેઠ ઘરમાં નથી.

ભિખારી—અરે ભાઇ, મારે શેઠ નથી જોઇતા; પૈસો જોઇએ છે.



કલ્યાણ

: ઇન્દ્રવજ્રા :

ઈલા ! સ્મરે છે અહીં એક વેળા,
આ ચોતરે આપણ બે રમેલાં;
દાદાજી વાતો કરતા નીરાંતે,
વ્હેલા જમીને અહીં રોજ રાતે.

કૈં વર્ષ પ્હેલાં અહીં યુદ્ધ જાગ્યાં,
ને વીર કૈં અક્ષય કીર્તિ પામ્યા;
આ ગામનો એક હીરો હણાયો,
કલ્યાણ ચોરો અહીંઆ ચણાયો.

કલ્યાણ નામે અહીંનો સિપાઈ,
જે યુદ્ધમાં એક ગયો હણાઇ;
કેવી હતી અંતર દેશદાઝ !
એનો કહું હું ઇતિહાસ આજ.

એ ટેક ને શૌર્ય તણો જમાનો,
સાંખી શકે વીર ન એક ટાણો;
ના યોગ કે કાળ કંઇ વિચારે,
ને પાર ધાર્યું મનનું ઉતારે.

ખુણે ખુણે યુદ્ધનિશાન વાગે,
કુટુંબનો એક સપૂત માગે;
ને એમ અર્પે સહુ સર્વ શક્તિ,
એવી હતી ઉત્તમ દેશભક્તિ.

કલ્યાણને કેવળ વૃદ્ધ માત,
હૈયે હતી એક વિયોગ વાત;
કલ્યાણ તો એકલ આશ જેની,
ચિંતા ધરે એ દિનરાત તેની.

'બચ્ચા ઉઠો !' એમ સિપાઈ માતા
બોલી ય ડંકા રણના સુણાતાં;
'ને ભાઇ ! વૃદ્ધે મુજની તું ચિંતા
રહેજે ન; તારે શિર છે નિયંતા.

બેટા ઉમંગે રણમાં સિધાવો,
સિપાઇ માતા કુખ આ દીપાવો;
દાદા તણો યે રણમાંહી સાખો,
જીતી મરી વા કુળલાજ રાખો.

તારા પિતાએ કંઇ યુદ્ધ ખેલ્યાં,
ને હાય ! એણે તહીં પ્રાણ મેલ્યા;
આશિષ દેતાં તુજ તાત જોતો,
તું તો હજી આંગણ ખેલતો'તો.

છે ફર્જ ભાઈ ! કરવી અદા એ,
ને ધ્યાન માતું ધરજે સદા યે;
જો રહાય માતા, દિન આજ સારો,
ને વાળ વાંકો ય ન થાય તારો.

ને રંક માતા તુજ રંક વેશ,
તું રંક એથી નહિ રંક દેશ;
શું રંક એથી તુજ દેશ ભાવિ ?
શોભાવ બેટા ! પળ ધન્ય આવી.

સાચો સિપાઇ નહિ શક્તિ એકલો
જુએ. ધુમે એ થઇ વીર જોદ્ધો;
જે મર્દ બચ્ચો, રણમાં ડગે ના,
પાછો હઠે કે ભયને ગણે ના.

જ્યારે વળી યુદ્ધવિરામ થાશે,
ચોટે છચોકે ગરબા ગવાશે;
એ હોંશ હૈયે ધરી હું ય જીવું,
આજીવિકા માટ જ વસ્ત્ર સીવું.

ને કીર્તિ તારી જગમાં ગવાશે,
એ કીર્તિપ્રેમી કંઇ વીર થાશે;
આદર્શ તારો વળી ભાવિ વાત,
એથી વધારે શી મને નીરાંત !

બેઠા, ઉઠો ! દેશ સપૂત માગે,
ચૌટે બધે ચોક નિશાન વાગે;
ના ધર્મમાં ઢીલ જરા કરાય,
શું દેશદ્રોહી મુજ પુત્ર થાય ?'

કલ્યાણ હૈયે હતી દેશદાઝ,
વ્હાલી હતી એ થકી કુળલાજ;
માતા તણા વેણ સુણી ઉઠ્યો એ,
ને કુળદેવી સ્મરીને નમ્યો એ.

'આ પુણ્યશાળી મુજ માતૃભોમ,
એ દાઝ જાગો મુજ રોમરોમ;
હા દેશ મારો, મુજ દેશભક્તિ,
એ દેશ સાટે મુજ સર્વ શક્તિ.'

કલ્યાણ માથે શિરપેચ બાંધે,
ને વૃદ્ધ માતા તલવાર બાંધે;
વેર્યાં પછી ત્યાંહી શકુન થાળ,
બાથે લપેટ્યો નિજ એક બાળ.

ને ગ્રામનાકે તહીં પુત્ર માતા
આવી ઉભાં, જ્યાં જયગીત ગાતા
કૈં વીર જેનું રણશૂર ખૂન,
સ્વાતંત્ર્યની કેવળ એક ધૂન.

ૐ ૐ

સૌ યુદ્ધ અંતે પુરપાટ હાંકે,
ને વૃદ્ધ માતા ગઇ ગ્રામનાકે;
ત્યાં વૃદ્ધ માતા નિજ પુત્ર ધારી,
કલ્યાણ ! કલ્યાણ ! વદે વિચારી.

ને-ને અહો યુદ્ધ જીતી પધારે !
સૌ ગ્રામ-હૈયાં ઉભરાય ત્યારે,
એ હર્ષઘેલાં સહુ લોક દોડે,
વ્હાલાં તણાં નામ જપાય મોઢે.

ત્યાં સૈન્યનો નાયક બોલ બોલ્યો,
એણે જ પ્હેલો જયભેદ ખોલ્યો;
કલ્યાણ હીરો રણમાં હણાયો,
પ્હેલો ધસ્યો એ, જય તો ગણાયો.

કલ્યાણ માતા હતી હર્ષઘેલી;
એણે સુણી'તી જય વાત પ્હેલી;
એ હર્ષને શોક અપાર ટાળ્યો,
કલ્યાણ પંથે નિજ પંથ વાળ્યો.


ૐ ૐ

કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો,
ને આત્મ એનો સ્વર્ગે વિરામ્યો;
કલ્યાણ ચોરો અહીં આ ચણાયો,
ને આત્મ એનો સહુમાં વણાયો.

આવે ફરી યુદ્ધપ્રસંગ જ્યારે,
સૌ વીર એની અહીં ભસ્મ ધારે;
ને ભસ્મ ધારી રણમાં પધારે,
કલ્યાણ કીર્તિ હજી યે વધારે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા





શરત કોણ જીત્યું ?

'કાં સાંભળ્યું? ખંડેરાવને તો રજા આપવામાં આવી.' મોટા ઝાડના છાંયા નીચે બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓને ઉદ્દેશી મોહને કહ્યું.

ક્ષણભર તો આ વાકયનો અર્થ કોઇ સમજી શકયું નહિ અને બધા શાન્ત રહ્યા. છેવટે ચોક્કસ વાત સમજવા નૌતમે પુછયું, 'તું કોની વાત કરે છે? પ્રિન્સિપાલ એવા મુરખ નથી કે આ વખતે રાવને રજા આપે. એક માસમાં તો આપણે સર રોબર્ટ્સ હાઇસ્કુલ સાથે શરતો થવાની છે. તેવે વખતે આપણાં ઉસ્તાદને છુટા કરવામાં આવે એ તો કેમ બને?'

'કેમ બને? પુછ પ્રિન્સિપાલને. હું કાંઇ ગપ્પાં નથી મારતો. હજુ હમણાં જ ખંડેરાવ પાસેથી આવું છું, અને તેમણે જ મને કહ્યું કે તેમને છુટા કરવામાં આવ્યા છે.' મોહને અધીરા બની ખુલાસો કર્યો.

'હું નથી માનતો. સર રોબર્ટ્સ હાઇસ્કુલને આપણે હાથ બતાવવો છે. ખંડેરાવ જાય જ નહિ. એ તો તારી મશ્કરી કરતા હશે.' એકે કહ્યું.

'હું તમને ખરેખર કહું છું કે આ સાચી વાત છે. તેમને રજા આપી અને આજે સાંજની ગાડીમાં તો તે જાય છે. માનવું હોય તો માનો નહિ તો કાંઇ નહિ.' ગુસ્સામાં આવી મોહને કહ્યું.

મોહનના ધ્રુજતા અવાજ અને ફિક્કા પડી ગએલા ચહેરાથી બધા છોકરાની ખાતરી થઈ કે કાંઇક પણ બન્યું છે ખરૂં. આ બધા વિદ્યાર્થી ખંડેરાવ નીચે કસરતશાળામાં ખાસ તાલીમ લેતા, અને આવતી શરતોમાં ઉતરવાના હતા. તેમને ખંડેરાવ માટે બહુ જ માન હતું. દર વર્ષે એક વાર સાર્વજનિક સ્કુલ અને સર રૉબર્ટ્સ હાઇસ્કુલ વચ્ચે જુદીજુદી રમતોની શરતો થતી, અને ઘણા વખતથી સાર્વજનિક સ્કુલ દર વરસે હારતી આવી હતી. ઘણાઘણા પ્રયત્નો કરવા છતાં દોડવાની શરતોમાં તે સર રૉબર્ટ્સ હાઇસ્કુલની બરાબરી કરી જ શકતી નહિ. બંને સ્કુલોમાં એકએક વિશિષ્ટતા હતી. સાર્વજનિક પોતાના કસરતબાજો અને કસરત-શાળા માટે અનેરૂં સ્થાન ભોગવતી જ્યારે સર રૉબર્ટ્સ

હાઈસ્કુલ સ્કાઉટિંગમાં અદ્વિતીય માન પામેલી હતી. સાર્વજનિક સ્કુલના વિદ્યાર્થીઓ માંસલ સશક્ત ગાત્રોથી તરી આવતા ત્યારે મન અને તનના નર્યા તરવરાટથી જુદા પડી જતા સર રૉબર્ટ્સના સ્કાઉટોને પીછાનવા તે મુશ્કેલ વાત ન હતી.

દર વરસે આવતી શરતોમાં બંને શાળાના ઉપયુક્ત વિદ્યાર્થીઓ ભાગ લેતા, અને તે બીના એટલી બધી અગત્યની ગણાતી કે બંને શાળાના વિદ્યાર્થીઓ તેની ચાતક માફક રાહ જોતા ને પરિણામો માટે બહુ જ ઇન્તેજાર રહેતા. નદી પોતાની નજીક હોઇને તથા તરવાની સારી વ્યવસ્થા હોવાથી સાર્વજનિકના વિદ્યાર્થીઓ તરવાની હરીફાઈ સિવાયની બધી હરીફાઇમાં સર રૉબર્ટ્સ સ્કુલ સામે હાર ખાતા. તેથી તેમનો ઉત્સાહ ધીમેધીમે મંદ પડતો જતો હતો. આ ઓલવાઇ જતા ઉત્સાહને સચેત કરવા સાર્વજનિકના પ્રિન્સિપાલે છેલ્લા આઠ માસથી એક સુવિખ્યાત કસરતબાજ ખંડેરાવની નિમણુક કરી હતી. રાવના આવ્યા પછી તેના ખંત, ઉત્સાહ અને કામ લેવાની સખ્તાઇથી સાર્વજનિકના વિદ્યાર્થીઓમાં નવો જ ઉત્સાહ રેડાયો હતો. શરતોમાં જીતવાના અંકુરો તેમનાં દિલમાં ફુટવા માંડ્યા હતા અને આ વખતની શરતો કાંઇક ઓર રીતે જ રમાશે તેમ તેમનું ચોક્કસ માનવું થયું હતું. આવે કટાકટીને પ્રસંગે પ્રિન્સિપાલ ખંડેરાવને રજા આપે તે વાત માની શકાય તેવી ન હતી. પણ મોહનનો ફિક્કો ચહેરો તથા ધ્રુજતો અવાજ કાંઇ બીજી જ ખાતરી આપતા હતા.

'પણ મોહન, ખંડેરાવને શા માટે રજા આપી? તેમનો ગુનોહ શો હતો? હું નથી ધારતો કે તેના જેટલી ખંતથી બીજો કોઇ માણસ કદિ ક્યાંયે કામ કરે.' નૌતમે કહ્યું.

તિરસ્કારયુક્ત હાસ્ય કરી મોહન બોલ્યો, 'રાવની બોલવાની રીત સામે પ્રિન્સિપાલને વાંધો આવ્યો! વિદ્યાર્થીઓ સમક્ષ રાવને ગમે તેવા બીભત્સ શબ્દો વાપરતા તેમણે સાંભળ્યા. પછી તેમને ઑફિસમાં બોલાવી એક કલાક નીતિશિક્ષણ ઉપર પ્રવચન આપી પાણીચું દીધું!'

'ભાષા ગમે તેવી બોલે પણ જ્યાં સુધી આવી સરસ તાલીમ આપે ત્યાં સુધી વાંધો શો હતો? આપણે ક્યાં નાનાં બચ્ચાં છીએ કે છોકરીઓ છીએ તે રાવના અપશબ્દોથી શરમાઇ જઇએ અથવા અનીતિમાન થઇ જઇએ. આપણામાં જો કાંઇ નવું ચેતન આવ્યું હોય તો તે તેની આવી કડક ભાષાથી જ છે. અલબત્ત, હું કબુલ કરૂં છું કે રાવની વાતચીત બીભત્સ છે, પણ તમે લશ્કરી માણસ પાસેથી તે કંઇ સાહિત્ય પરિષદના ભાષણની આશા રાખી શકો? મને તો નવાઇ લાગે છે કે પ્રિન્સિપાલને તેમાં એટલું બધું શું લાગી આવ્યું! હવે આપણને તાલીમ કોણ આપશે?' વાક્ય પુરૂં કરતાંકરતાં નૌતમે પુછ્યું.

'શી ખબર? મીઠું ને ધીમું બોલતી કોઇ કન્યાશાળાની મહેતીજી શોધી લાવે. નહિતર કોઈ સાક્ષરને વ્યાયામ પર વ્યાખ્યાન આપવા બોલાવે. હવે થયું; આ વર્ષે પણ આપણે તો હારવાના જ.' મોહને નિસાસો નાખ્યો.

આખા ટોળા ઉપર દીલગીરી છવાઇ રહી; પ્રિન્સિપાલને વિશેષણો પર વિશેષણો અપાયાં. તેમના આ નિર્ણય સામે બધાએ માંહોમાંહે ખુબ નિંદા કરી અને ઉશ્કેરાએલી લાગણીને આ પ્રમાણે વાચા દ્વારા માર્ગ આપી થોડીઘણી શાંતિ મેળવી.

રાવને રજા આપી તે બાબત શાળના ઇતિહાસમાં નાનીસુની ન હતી કે નજીવી ગણી વિસારી શકાય. સાર્વજનિકના શાળાજીવનને તલસ્પર્શી કરતી આ બીના હતી. પ્રિન્સિપાલ સારી રીતે સમજતા હતા કે આવતી શરતો માટે વિદ્યાર્થીઓ કેવા ઝંખી રહ્યા છે, અને રાવનું જવું તેમના ઉપર શી અસર કરશે. મોહન અને તેના મિત્રો પ્રિન્સિપાલને વેદીઓ જ ગણતા, અને માનતા કે તેણે સ્કુલના અભ્યાસક્રમ સિવાય રમતગમતમાં કદિ રસ જ લીધો નથી. પણ સાચી વાત તો જુદી જ હતી. ઘણાં વર્ષો પહેલાં તેમના જમાનામાં પ્રિન્સિપાલ એક સારા ખેલાડી હતા. હાઇ-જંપ (અંગદ કુદકો)માં તો તેમણે ઘણાં ઈનામો મેળવેલાં જે હજુ તેમણે માનપૂર્વક સાચવી રાખ્યાં હતાં. પોતાના નામ પછવાડે લગાડવાની ડિગ્રીના અનેક અક્ષરોની હારદોર કરતાં તેમને મન આ જુના શરતોના પ્યાલા અનેક સ્થાન ભોગવતા. ખંડેરાવને શોધી શાળામાં તેમની નિમણુક કરનાર પણ પોતે જ, અને ખંડેરાવને પગાર ઉપરાંત

પોતાની પાસેથી સારી રકમ ખાનગીમા આપી બીજી શાળામાં જતા કોઇએ અટકાવ્યા હોય તો તે પણ પોતે. પણ આ ખાનગી વાત તેમના સિવાય બીજું કોઇ જાણતું નહિ.

સર રૉબર્ટ્સ હાઇસ્કૂલ સામે જીતવા માટે વિદ્યાર્થીઓ જેટલા ઇન્તેજાર હતા તેનાથી સોગણા વધુ ઇન્તેજાર પોતે હતા. પણ તેમ કરવા જતાં શાળાને બહુ ભારે કીમત આપવી ન પડે તેની તે હમેશાં ચીવટ રાખતા. સાર્વજનિકમાંથી સારા કસરતબાજ અને શ્રેષ્ઠ પંક્તિના વિદ્યાર્થીઓ નીકળે તેટલી જ તેમની ધગશ ન હતી. શાળાની બહાર જાહેરજીવનમાં સાર્વજનિકના વિદ્યાર્થીઓ ઉત્તમ ને જવાંમર્દ નાગરિક તરીકે બહાર પડે તે તેમના દિલની અભિલાષ હતી, એ જ તેમના જીવનનું ધ્યેય હતું. આનો અર્થ વિદ્યાર્થીઓને સારા ચારિત્ર્યવાન બનાવવા તે. અને તેથી જ, શરતો જીતવાને નિમિત્તે કોઇ પોતાના વિદ્યાર્થીઓના ચારિત્ર્યનો અધઃપાત કરે તો તે એ સહી શકે તેમ ન હતા. થોડા વખત ઉપર, સાર્વજનિકના કસરતશિક્ષણની તારીફ કરતા અને સર રૉબર્ટ્સના સ્કાઉટિંગની ચર્ચા કરતા તથા ગયા વર્ષોની શરતોના પરિણામની ન છાજતી રીતે ટીકા કરતા કેટલાક લેખો તેમણે છાપામાં જોયા ત્યારથી તેમને પોતાની કસરતશાળાના વિદ્યાર્થી અને તેમના ઉસ્તાદ ઉપર સ્હેજ વ્હેમ ગએલો. શરતનો પ્યાલો જીતતાં વિદ્યાર્થીના જીવનનો પ્યાલો ઉંધો વળતો તેમને ભાસ્યો, પ્રામાણિક હરીફાઇને બદલે ઇર્ષ્યાનો સંચાર થતો તેમને લાગ્યો અને પવિત્ર વિદ્યાર્થીજીવનમા અપ્રમાણિકતાભરી વેપારીશાહી સ્પર્ધા તેમણે જોઇ. તે દિવસથી તેમનું ધ્યાન રાવ અને તેની પ્રવૃત્તિ તરફ વિશેષ ને વિશેષ વળ્યું. ને એનું પરિણામ આપણે જોયું.

વાત આમ બનેલી. રાવ ઘણી જ ખરાબ ભાષા વાપરે છે તેવા ખબર પ્રિન્સિપાલને મળેલા અને તે ઉપરથી તેમને બોલાવી પ્રિન્સિપાલે ખાસ સૂચના આપેલી કે તમે તમારી રીત સુધારો નહિતર રજા આપવી પડશે. રાવે વાત કબુલ પણ રાખેલી. પરંતુ મોહને કહ્યું તે પ્રમાણે તે પછી પણ પ્રિન્સિપાલે રાવને વિદ્યાર્થીઓ પ્રત્યે ઘણા જ બીભત્સ શબ્દો વાપરતા કાનોકાન સાંભળ્યા. સાર્વજનિકનું પવિત્ર વાતાવરણ આવી અશ્લીલ ભાષાથી અપવિત્ર બને તે વાત તેમનાથી સહન થઇ શકી નહિ. તેમણે રાવને બોલાવ્યા અને બે શબ્દો સંભળાવી તુરતાતુરત રજા આપી.

તે જ દિવસે સાંજે પ્રિન્સિપાલે આખી શાળાને સભામંડપમાં એકત્રિત કરી અને 'રમત તથા સાચો ખેલાડી' એ વિષય ઉપર ભાષણ આપ્યું. રમતમાં રમત કરતાં પણ કાંઇક ઘણું જ વિશેષ છે તે બતાવવા તેમણે પુરતો પ્રયત્ન કર્યો. તાલીમથી સ્નાયુઓ અને અવયવો કેવાં ચપળ અને મજબુત બને છે, રમત જીતવામાં સંકલ્પબળ કેટલું કામ કરી શકે છે, રમતો પોતાને માટે નહિ પણ આખી સંસ્થા માટે કેમ રમાવી જોઇએ, તેનો યશ અને ઇનામ સંસ્થાને માટે છે—નહિ કે પોતાને માટે, અને સાચો ખેલાડી ભવિષ્યનો સાચો જવાંમર્દ શહેરી કેમ બને છે તે સમજાવ્યું. પછી ખંડેરાવને છુટા કરવાનાં કારણો બધા સમક્ષ રજુ કર્યાં.

'માણસની જીભ તેનું ચારિત્ર્ય કેવું છે તે બહુ જ સહેલાઇથી બતાવી આવે છે; ગંદા શબ્દો, ગંદું દિલ ઉઘાડું પાડે છે. બીભત્સ શબ્દો જેટલી સહેલાઈથી શીખી શકાય છે તેથી પણ વધુ સહેલાઈથી વાપરી શકાય છે. પણ દિનપ્રતિદિન તે આપણામાં રહેલી માણસાઇ ઓછી કરે છે. શરતો જીતવા માટે તમારે તાલીમની જરૂર છે, અને તે પણ સખ્ત તાલીમની. તાલીમ વગર—પ્રયત્ન વગર કદિ કાંઇ આવડતું જ નથી. જીવનની મોટી શરતમાં પણ તેમ જ. તમારે મન તેમ જ આત્માની કેળવણીની પણ એટલી જ—બલ્કે પહેલી જરૂર છે. અશ્લીલ ભાષા બતાવી આપે છે કે માણસનો પોતાના આત્મા ઉપરનો કાબુ કેટલો ઓછો છે. તેટલા માટે જ હું તેને ધિક્કારૂં છું: તેટલા માટે જ આજે આપણા ઘણા જ કાબેલ ઉસ્તાદને મેં રજા આપી છે. આપણી શાળાના આત્માને અપવિત્ર કરતા કોઈ પણ માણસને હું આ ચાર દીવાલોની અંદર રાખી શકું નહિ. હું તમને દરેકને આગ્રહપૂર્વક કહું છું કે સાર્વજનિકનો શુદ્ધ ઉત્સાહ શિથિલ થવા ન દેતા, પણ ખેલાડી શબ્દના સાચા અર્થ પ્રમાણે એક સારા ખેલાડી થવા પ્રયત્ન કરજો.'

પ્રિન્સિપાલનો ગાજતો અવાજ બંધ થયો અને

હાજર રહેલાને ઘડીભર એમ થયું કે સાર્વજનિકની આબરૂ સાચવવા આ વખતે બને તેટલા પ્રયત્ન કરવો. મોહને પોતાના બાંકડા ઉપર આળસ મરડ્યું. તેના ખુબસુરત ચહેરા ઉપર તિરસ્કાર અને ક્રોધ સિવાય બીજા ભાવો વ્યક્ત થતા ન હતા.

પાછળથી તે પોતાના અંગત મિત્રોને મળ્યો: 'તદ્દન છોકરી જેવી વાતો. હું તો તેમના આ ધાર્મિક પ્રવચનથી અરધો માંદો પડી ગયો. સર રૉબર્ટ્સ સાથે આપણે હારીએ છીએ તેથી જ પ્રેસિડેન્સીમાં આપણને ક્યાં યે સ્થાન નથી. કીંમત રમતની નથી, જીતવાની છે. જો આપણે સર રૉબર્ટ્સ સામે જીતીએ તો પ્રિન્સિપાલનાં આવાં હજારો પ્રવચનથી પણ વધુ પરિણામ આવે. આવા વૈરાગી જેવા પ્રિન્સિપાલ કરતાં ખંડેરાવ સોગણા વધુ કીમતી છે.'

'તે તો હું નથી માનતો. રમત, રમત ખાતર જ રમાવી જોઇએ. જીત અથવા હાર તો તેનાં પરિણામ છે. રમતની પ્રામાણિકતા અને શુદ્ધિ આગળ રૂપાના પ્યાલા અને ઢાલનો કાંઇ હિસાબ નથી. આવો મત તો આપણા પ્રિન્સિપાલ પ્રમાણે સર રૉબર્ટ્સનો દરેક સ્કાઉટ પણ ધરાવે છે. તેમનામાં કાંઇ જુદી જ જાતનો પવન છે.' ટોળામાંથી એક છોકરે કહ્યું.

મોહને તેના સામું બહુ જ ગુસ્સાભરી નજરે જોયું. તકરાર ન થાય માટે તે છોકરે વાત ફેરવી પુછ્યું, 'તમે રૉબર્ટ્સ સ્કુલના કનકસિંહ માટે શું ધારો છો?'

કનકસિંહ સર રૉબર્ટ્સ સ્કુલનો સારો દોડનારો હતો. તેણે ગયે વર્ષે બહુ જ સહેલાઇથી એ માઇલની શરતમાં મોહનને હરાવ્યો હતો. પણ આ વર્ષે રાવની તાલીમથી મોહન કનકસિંહની બરાબરી કરી શકે તેમ તો થઇ ગયું હતું. મોહનને ગયા વર્ષની હાર કેવી ખુંચની હતી તે નૈનમ બહુ જ સારી રીતે જાણતો હતો. સાર્વજનિકના ગૌરવ ખાતર નહિ, પણ પોતાના સ્વમાન ખાતર આ વખતે એ માઇલની શરત જીતવા માટે મરી ફીટવાનો મોહને નિશ્ચય કર્યો હતો. અને તેમાં વળી રાવની તાલીમથી જીતની આશા બંધાઇ હતી. ઉપર પુછેલા પ્રશ્નનો જવાબ આપતાં મોહન બોલ્યો 'આ વર્ષે તો કનકસિંહ હાર્યો જ માની લે. રાવે મને એક ખાસ યુક્તિ બતાવી છે. આ વર્ષે એ માઇલની શરત આપણી જ છે. ભલે સૌ જુએ કે સાર્વજનિક કાંઇ પાછળ નથી.'

રાવના ગયા પછી શરતોની તાલીમ સ્હેજ શિથિલ પડી. રાવની ગેરહાજરી બધાને ખુંચવા લાગી. પ્રિન્સિપાલે નવો કસરતશિક્ષક નીમ્યો, પણ નિમણુકની આગળથી જ કોઇ સારો ઉસ્તાદ નહિ આવે તેવો મત બાંધી બેઠેલા વિદ્યાર્થીઓને એ પસંદગી ગમી નહિ. મોહને તો પહેલે જ દિવસે નવા શિક્ષકનું નામ 'મહેતીજી' પાડ્યું ને વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે સહકાર થવામાં એક દીવાલ ઉભી કરી.

પણ આ સ્થિતિ લાંબો વખત ચાલી નહિ. જેમજેમ શરતોના દિવસો નજીક આવવા લાગ્યા તેમતેમ ગમે તે પ્રયત્ને પણ સર રૉબર્ટ્સની સામે જીતવું એવી લાગણીનું મોજું આખી શાળા ઉપર ફરી વળ્યું. સવારસાંજ તાલીમ બહુ જ ઉત્સાહપૂર્વક ચાલી રહી અને દરેક વિદ્યાર્થી પોતાનાથી બનતું કરવા લાગ્યો. મોહનને પણ લાગી આવ્યું કે આ વર્ષે એ માઇલની શરત જીત્યે જ છુટકો. કેમકે પોતે જીતશે એવાં બણગાં તેણે ઘણા સમક્ષ ફુંકેલાં. હવે તે વાક્યો સાચાં પાડવા તેણે પૂર્ણ પ્રયત્ન આદર્યો.

પરિણામે શરતને દિવસે સાર્વજનિક શાળાએ આટલાં વર્ષોથી કદિ નહિ મોકલેલી તેવી એક ઘણી જ તાલીમબાજ ટુકડીને શરતમાં ઉતારી.

સર રૉબર્ટ્સ હાઇસ્કુલ 'હાઇ જંપ' અને અરધા માઇલનાં ઇનામ જીતી ગઇ ત્યારે સાર્વજનિકે પા માઇલ અને એક માઇલ જીતી હારજીતનું ત્રાજવું સમતોલ કર્યું. જ્યારે એ માઇલની શરત માટે મોહન દોરી ઉપર ગયો ત્યારે બંને શાળાઓ ઉત્સાહ અને ઇંતેજારીથી ઘેલી થઇ ગઇ. બંને શાળા વચ્ચે રમાતી બધી શરતોની અંદર એ માઇલની શરત અગ્રસ્થાન ભોગવતી, અને તે શરતમાં જીત એ જ સાચી જીત, તેમ વર્ષોથી મનાતું. ગયે વર્ષે તો થોડા જ ફેરથી સાર્વજનિક હારી હતી. આ વખતે તેના ખેલાડી મોહનની શ્રદ્ધા અપૂર્વ હતી. તેના પગ હરણ માફક થનથનાટ કરી રહ્યા હતા, તેના શરીરનો એકએક સ્નાયુ દિલરૂબાના તાર માફક ઝણઝણી રહ્યો હતો.

પહેલી જ નિશાનીએ બંને ઉપડ્યા. રાવની

બતાવેલી યુક્તિ પ્રમાણે મોહને સીધું દોડવાને બદલે પ્રથમ છલંગ જ મારી, અને પછી દોડવું શરૂ કર્યું. આ છલંગને પ્રતાપે તે શરતની પહેલી જ ક્ષણથી કનકસિંહની આગળ એક વાર નીકળી ગયો અને તે અંતર એણે ઠેઠ સુધી જાળવી રાખ્યું.

આ બે સિવાયના બીજા દોડનારા તો પાછળ પડી ગયા અને પ્રેક્ષકોનું લક્ષ પણ આ પ્રથમ બે ઉપર જ હતું. બંને શાળામાં કનકસિંહ અને મોહનની બરાબરી કરી શકે તેવો એક પણ વિદ્યાર્થી ન હતો. મોહનને પોતાની આગળ દોડતો જોઈ કનકસિંહને બહુ જ લાગી આવ્યું. ઘણાં વર્ષોથી ધારણ કરેલી એ માઈલની શરતની વિજયમાળા તેને પોતાના કંઠમાંથી સરી પડતી જણાઇ. શરમથી તેનો ચહેરો રક્તવર્ણો બની ગયો. સર રૉબર્ટ્સના પ્રથમ પંક્તિના ખેલાડી સામે સાર્વજનિકનો વિદ્યાર્થી બાથ ભીડે તે વાત તેને અસહ્ય થઈ. તેણે એક ઝનુની ફલાંગ મારી અને તાળીઓના ગડગડાટની વચ્ચે કનકસિંહ મોહનની સાથે થઇ ગયો. એકબીજાના થાકવાની રાહ જોતા હવે બંને છાતીભર એકસાથે દોડવા લાગ્યા.

પોતાના ખેલાડીને સર રૉબર્ટ્સના ખેલાડીની બરાબર દોડતો જોઇ સાર્વજનિકનો ઉત્સાહ ઉભરાવા લાગ્યો. વિદ્યાર્થીઓની બુમોથી આખું મેદાન ગાજી ઉઠયું, અને આ ગર્જનાથી મોહનનો ઉત્સાહ વધ્યો. તેને પોતાનાં વાકયો સાચાં પડવાની નિશાનીઓ દેખાવા લાગી ને ધીમેધીમે એ કનકસિંહની આગળ નીકળવા લાગ્યો.

સર રૉબર્ટ્સ હાઇસ્કુલના વિજેતાને પ્રતિ ક્ષણે એમ ભાસવા લાગ્યું કે વિજયશ્રી મોહનને વરમાળ પહેરાવે છે. માથું પછવાડે નાખી, હોઠ ભીંસી કનકસિંહે છેલ્લો પ્રયત્ન આરંભ્યો. સ્થિર થઈ ગએલી તેની આંખો સમક્ષ બધું તરવા લાગ્યું, તેની નસોમાં જોસભર વહેતું લોહી મગજ ઉપર હથોડાના પ્રહાર માફક અથડાવા લાગ્યું, તેના પગ જમીનને બીલકુલ અડતા જ ન હોય ને જાણે તે ઉડતો હોય તેમ તેને ભાસ થવા લાગ્યો, અને છતાં મોહન અને પોતાની વચ્ચેનું અંતર એક ઈંચ જેટલું પણ તે ઓછું કરી શકયો નહિ. ખરેખર, મોહને તેને હરાવી દીધો હતો.

ન્યાયાધીશો એક હાથમાં દોરી પકડી તથા બીજા હાથમાં ઘડિયાળ રાખી, લળીલળીને આ સ્પર્ધા જોઇ રહ્યા હતા. હવે માત્ર પાંચ જ સેકંડમાં શરતનો અંત આવશે. મોહન જીતશે તેવું પરિણામ સૌ સ્હેજે કલ્પી શકે તેમ હતું.

કયાંથી આવ્યું, તેનો માલિક કોણ હતો, શી રીતે દાખલ થયું અને અત્યાર સુધી કેમ કોઇએ ભાળ્યું નહિં, તે જ નવાઇની વાત હતી. પણ એક નાનું ગલુડિયું, જાણે જમીનમાંથી જ પ્રેત માફક પ્રગટ થયું હોય, જાણે સાર્વજનિક અને સર રૉબર્ટ્સ વચ્ચે વધતી જતી ઇર્ષ્યાવૃત્તિ ઓછી કરવા અવતાર લીધો હોય, તેમ પ્રેક્ષકવર્ગના પગમાંથી પસાર થઈ શરતની ભૂમિ ઉપર સીધું દોડયું આવતું હતું. એક કાન ઉંચો અને બીજો કાન નીચો રાખી, સોટી જેવી પાતળી પુંછડી ટટ્ટાર રાખી, જાણે કાંઇ ખાસ અગત્યનું કામ હોય તેમ, પૂર્ણ બેદરકારીથી બંને ખેલાડીના માર્ગ તરફ તે જતું હતું. ટોળામાંના બધાએ આ કુતરાને જોયું અને ચોક્કસ માન્યું કે જો તે આ પ્રમાણે આગળ જશે તો મોહન કે કનકસિંહના પગમાં આડું આવશે. એક ક્ષણભર આનંદ અને પ્રોત્સાહનની ગર્જનાઓ બંધ પડી અને કુતરા તરફ ધમકીની બુમો શરૂ થઇ. પણ આવી કોઇપણ જાતની બુમને ન ગણકારતાં ગલુડિયું આગળ વધ્યું.

ભગીરથ પ્રયત્નથી શ્રમિત થએલા મોહનની આંખો દૂર ક્ષિતિજરેખા ઉપર સ્થિર હતી. પોતાની આજુબાજુ શું છે તેનું તેને કાંઇ ભાન ન હતું. નહોતો જોઇ શકતો તે લગભગ માર્ગમાં આવી પડેલું કુતરૂં કે દૂર ઉભેલા પ્રેક્ષકજનો; નહોતો સાંભળી શકતો તે સાવચેતીની બુમો કે પ્રોત્સાહનની ગર્જનાઓ.-અત્યારે તો તે એક રાક્ષસી યંત્રની માફક આગળ ધસ્યે જતો હતો. થોડીક ક્ષણો વધુ, માત્ર ત્રીસ વારનું અંતર, અને પોતે શરત જીત્યો ! સ્વમાન જાળવવા માટે અને સાર્વજનિકની પ્રતિષ્ઠા માટે હવે માત્ર પાંચ જ સેકંડની વાર હતી—ત્યાં તો ગલુડિયું મોહનના પગમાં અટવાયું ને તે નીચે ગબડી પડ્યો

પૂર જોરથી દોડતાં કનકસિંહે આ જોયું—ન જોયું ને શરતની દોરીએ જઇ પહોંચ્યો. દોરી તેના બાહુએ

અડી. કોઇએ તેના હાથ ઝાલ્યા. તે શ્વાસભર બેસી ગયો, અને જ્યારે તેની આંખ આગળનું ધુમ્મસ દૂર થયું ત્યારે તેણે મોહનને પાછળ પડી ગએલો ને પગમાં કુતરું આવી ગએલો જોયો.

કનકસિંહને આ સ્થિતિ સમજતાં વાર ન લાગી. મોહનને તેના કમનસીબ માટે દિલસોજી દેખાડતા ને પોતાને મુબારકબાદી આપતા અનેક અવાજો તેણે સાંભળ્યા. તે શ્વાસથી એવો તો ભરાઇ ગયો હતો કે એ વખતે તો કાંઈ બોલી શક્યો નહિ, પણ તેના મનમાં અનેક વિચારો દોડાદોડ કરી રહ્યા હતા. કનકસિંહ બહુ સારી રીતે સમજતો કે મોહને પોતાને ચોક્કસ હરાવ્યો છે, માત્ર આ અકસ્માતથી જ તે જીત્યો છે. પોતે પુરતો યત્ન કર્યો છતાં પણ મોહનની આગળ નીકળી શક્યો ન હતો તે વાત તેના મનમાં બહુ જ તાજી હતી. તેને મન આ જીત તે જીત ન હતી, પણ ભાગ્યદેવીની પ્રસાદી હતી. રમત, રમત ખાતર જ હોવી જોઇએ, ગમે તેવા સંયોગોમાં પણ સાચા ખેલાડીનો જુસ્સો વિસરાવો ન જોઇએ, અને તે જ સર રૉબર્ટ્સ હાઇસ્કુલની શોભા છે તે વાત કનકસિંહ તો શું પણ એ આખી સંસ્થાના બધા વિદ્યાર્થીઓ સારી રીતે સમજતા હતા. કનકસિંહ સારો દોડનાર હતો અથવા સારો ખેલાડી હતો એટલું જ નહિ, પણ એ બે વસ્તુ કરતાં પણ કાંઇક વધારે મહત્ત્વનું તેનામાં હતું. પોતાને મુબારકબાદી આપનારના હાથ ખસેડી તે એકદમ રમતના ન્યાયાધીશ પાસે શાન્તિથી ગયો અને જણાવ્યું કે 'ખરો જીતનાર મોહન છે; હું નહિ. તેણે મને હરાવ્યો છે!'

'તમારા આવા વિવેક માટે તમને ધન્યવાદ ઘટે છે; પણ અમે કાંઇ કરી શકીએ તેમ નથી. નિયમ પ્રમાણે જે દોરીને પ્રથમ અડે તે જીત્યો કહેવાય.' ન્યાયાધીશે જવાબ આપ્યો.

'તમારે તમારો મત ફેરવવો પડશે. હું ક્યારે જીત્યો અને ક્યારે હાર્યો તે બરાબર સમજી શકું છું. આજ તો હું ચોક્કસ હાર્યો છું ને મોહન જીત્યો છે.' કનકસિંહે આગ્રહપૂર્વક જણાવ્યું.

ન્યાયાધીશે માથું ધુણાવ્યું. આવી મુસીબત કદિ આવી ન હતી. પરિણામે સાંજે એક સભા ભરવામાં આવી. તેમાં એક કનકસિંહ નહિ પણ સર રૉબર્ટ્સ હાઇસ્કુલના બધા વિદ્યાર્થીઓએ એક અવાજે જાહેર કર્યું કે બે માઇલનું ઇનામ મોહનને મળવું જોઇએ. રમતમાં પ્રતિસ્પર્ધીના અકસ્માતનો લાભ લે તે કદિ સાચો ખેલાડી કહેવાય જ નહિ.


ને સર્વાનુમતે શરતનું ઈનામ સાર્વજનિકને આપવામાં આવ્યું.

કુતરા સાથેના અકસ્માતથી તથા હદ ઉપરાંત કરેલા પરિશ્રમથી મોહનની તબિયત એકદમ ખરાબ થઇ ગઈ. તે તદ્દન હતાશ થઇ ગયો અને તેને તુરતાતુરત શાળાને મકાને લઈ જવામાં આવ્યો. જ્યારે તેને ખબર મળ્યા કે કનકસિંહે ન્યાયાધીશ પાસે માગણી કરી છે કે ઈનામ મોહનને મળવું જોઇએ, ત્યારે તેણે એક તિરસ્કારયુક્ત હાસ્ય કરીને કહ્યું, 'ખોટો વિવેક. એવું તે હાથ આવેલું ઇનામ કોઈ જવા દે? મારે તો આવતા વરસથી રમવું જ નથી.'

તે જ દિવસે સાંજના જ્યારે તેને ફરી ખબર આપવામાં આવ્યા કે કનકસિંહની માગણીથી અને આખી સર રૉબર્ટ્સ હાઇસ્કુલના ટેકાથી બે માઇલનું ઇનામ સાર્વજનિક સ્કુલને આપવામાં આવ્યું છે, ત્યારે તેને શરત તે શું તેનો આછોઆછો ખ્યાલ આવવા લાગ્યો. પ્રિન્સિપાલે ભાષણમાં રમતને જે સ્થાન આપ્યું હતું અને હાર–જીતને ગૌણ પદે ગણી હતી તે સમજાવા લાગ્યું. કનકસિંહની સ્થિતિમાં પોતે હોય તો શું કરે? 'હાથ આવેલું ઇનામ કદિ કોઇને પાછું આપું જ નહિ' તેવો એના અંતરમાંથી ટહુકો આવ્યો અને તે શરમીંદો બની ગયો. તેણે પથારીમાં મોઢું છુપાવી દીધું. કનકસિંહે જે કરી બતાવ્યું તે પોતે વિચારી પણ નથી શકતો એ ખ્યાલે તેને પોતાની જાત બહુ તુચ્છ લાગી. વધુ ઝડપ કે સારી સહનશક્તિ જ માત્ર સાચો ખેલાડી બનાવી શકતાં નથી. રમત ખાતર રમત રમી, હાર કે જીત કાંઇ હિસાબમાં પણ ન ગણતાં પ્રામાણિકપણે રમત રમતાં હાર કે જીત સરખા ઉત્સાહથી સ્વીકારે તે સાચો ખેલાડી.

સર રૉબર્ટ્સ હાઇસ્કુલના પ્રામાણિક ખેલાડીપણાથી મોહન બે માઇલની શરત જીત્યો, એટલું જ નહિ પણ તેણે મોહનને એક સાચો ખેલાડી પણ બનાવ્યો.


ગજાનન ભટ્ટ



દિવ્ય ગાન


ઘન વાદળમાં
વહેતા જળમાં
સુરવ્યોમ અને જનભોમ વચ્ચે
જગનાયકનો
નવરંગ ભર્યો
ગાયત્રીમંત્ર ગવાઈ રહ્યો !

જગ વિનાયક સૂર્યનારાયણનું સ્તોત્ર ગાતાં હોય તેમ, કોઈ અજબ રીતે, આકાશ અને સાગર વચ્ચે કુદરતની સૌંદર્યપુંજ સમા અવનવા રંગો અને તેજનાં ભાલાં મનોહર દૃશ્ય ઉપજાવી રહ્યાં છે.



સિદ્ધપુરના રુદ્રમહાલયનો એક અવશેષ

મધ્યસ્થ મુખ્ય દેવળની ઉત્તરમાં આવેલો પ્રવેશમંડપ
નકશામાં એ Eની જગ્યા પર છે : જુઓ આ અંકમાંનો એ વિષેનો લેખ




સિદ્ધપુરનો રુદ્રમહાલય

લેખક
ગજાનન પાઠક
સ્થપતિ

હિંદ-સ્થાપત્યમાં બૌદ્ધ કાળ વીતી ગયા પછી બ્રાહ્મણ કાળનો ફરી ઉદય થયો ત્યારે ચણાએલાં (કોરી કાઢેલાં નહિ) મકાનોમાં ગુજરાતનાં મકાનો જેવાં જ્વલંત મકાનો હિંદમાં બીજે ક્યાંય થયાં નથી. તેમાં પણ સિદ્ધપુરના રુદ્રમહાલયનાં દેવળોની ગોઠવણી (Planning) એના અવશેષો પરથી જોતાં સર્વથી ઉત્તમ વિન્યાસવાળી લાગે છે. મુળરાજ સોલંકીએ એ સંવત ૯૯૮ માં શરૂ કર્યો હતો અને સિદ્ધરાજ જયસિંહે ૧૨૦૨ માં એ પુરો કર્યો, એવો ઉલ્લેખ એના અવશેષોમાંથી મળી આવેલ છે.

રુદ્રમહાલયનું નામ શંકરના રુદ્ર સ્વરૂપ પરથી પડેલ છે. ઇશ્વરના ત્રિગુણાત્મક સ્વરૂપમાંની કાળની કલ્પનાનું એ સ્વરૂપ છે, અને તેમાં સૌન્દર્ય સાથે અતુલ સામર્થ્ય અને ભયાનકતા કલ્પાઈ છે. આ સામર્થ્ય અને ભયાનકતા ગુજરાતમાં બ્રાહ્મણોએ એવી તો સુંદર રીતે સ્થાપત્યમાં ઉતારી છે કે ગુજરાત એને માટે મગરૂર બની શકે. દક્ષિણમાં જોકે ગુજરાતના કરતાં વધારે વિસ્તારવાળાં અને પ્રચંડ શૈવ મંદિરો પુષ્કળ બંધાયાં છે; પણ તેમાંથી એ દેવનું સામર્થ્ય અને તેના કરતાં ભયાનકતા વધારે આવિર્ભાવ પામતી દેખાય છે; જ્યારે ગુજરાતનાં દેવળોમાં એ સામર્થ્ય અને ભયાનકતામાં લાઘવ ઘણી સારી રીતે મુકાએલું છે. લાઘવ તો ગુજરાતનું જ છે. જેમ કવિ નર્મદાશંકરે ગુજરાતને 'પ્રેમશૌર્ય અંકિત' કહેલ છે તેમ ગુજરાતના સ્થાપત્યને પણ આપણે ખુશીથી 'પ્રેમશૌર્ય અંકિત' કહી શકીએ.

રુદ્ર અગિયાર છે, માટે રુદ્રમહાલયમાં અગિયાર દહેરાંઓને ગોઠવી એક મુખ્ય દેવળ વચ્ચે મુક્યું છે. આ અગિયારની ગોઠવણી એટલી તો સરસ છે કે આપણે તેને શાહજહાનના તાજમહેલનાં મકાનોની ગોઠવણી સાથે સરખાવી શકીએ. અત્યારે તો આ બધાં જમીનદોસ્ત થઈ ગયાં છે, પણ નકશા પરથી આપણે એની અસલ ગોઠવણીનો ખ્યાલ કરી શકીશું. નકશામાં જ્યાં K કર્યો છે એ એક નાનકડી ચોકી છે. એમાંથી નીકળતી પૂર્વ પશ્ચિમની મધ્યરેષા આખા સમૂહની મધ્યરેષા બને છે. હવે એ મધ્યરેષા પર મુખ્ય દેવળને કલ્પો. એ પાંચ માળનું હોવાનું કહેવાય છે. એનું શિખર કંઇક ૧૨૫ ફુટ ઉંચું હતું. એના રંગમંડપ આગળ A પાસે પ્રવેશદ્વાર છે. A અને K ની મધ્યમાંથી પસાર થતી એક આડી મધ્યરેષા પર J પાસે બે દહેરીઓ છે. હવે A ને વટાવી રંગમંડપની મધ્યમાં ઉભા રહો. ત્યાં પાછી એક આડી મધ્યરેષા પડી, તેના પર પાછી બીજી બે દહેરીઓ દેખાશે. એ દહેરીઓ અને મંડપના ઉત્તર તથા દક્ષિણના પ્રવેશમંડપોમાંથી વળી બે ઊભી મધ્યરેષા પર ઉભા રહી પશ્ચિમ તરફ જોશો તો બે તરફ બે દહેરીઓ દેખાશે. એ જ રીતે રંગમંડપના ઉત્તર અને દક્ષિણ પ્રવેશમંડપોમાંથી પશ્ચિમ




સિદ્ધપુરના રુદ્રમહાલયનો નકશો

આ નકશો, એના અવશેષો પરથી, શિલ્પશાસ્ત્રના આધારે પાટણના એક સલાટે તૈયાર કરેલો તે પરથી સરકારી સંરક્ષક ખાતાએ દોરેલો છે. એમાં હાલમાં બચી રહેલા અવશેષો ઘેરા રંગમાં બતાવ્યા છે.

તરફ એવી જ બીજી બે દહેરીઓ છે. આમ મધ્યસ્થ દેવળની ઉત્તર તથા દક્ષિણે સમાન્તરે અને પશ્ચિમમાં લગભગ પાછળ, પણ બધી જ રંગમંડપમાંથી દેખાય તેવી રીતે આઠ દહેરીઓ મુકેલી છે. બાકીની ત્રણ દહેરીઓ મુખ્ય દેવળની પછવાડે કરી છે. આ ઉપરાંત ઠેકઠેકાણે વડનગરમાં છે તેવાં તોરણો—'કીર્તિસ્થંભો' આ મધ્યરેખા ઉપર સમાન્તરે આવેલા હોય આખો સમૂહ ઘણો જ નિયમિત છે. આવી કેન્દ્રવર્તી ગોઠવણ સ્થાપત્યશાસ્ત્રમાં ઉત્તમોત્તમ ગણાય છે. એક મકાનથી તે મોટાં શહેરો આ જ પદ્ધતિએ સુંદર બની શક્યા છે. જયપુર શહેર આ રીત પર રચાએલું છે. નવું દિલ્હી પણ આ જ સિદ્ધાંત પર ગોઠવાએલું છે.

આ આખી ગોઠવણીની સુંદરતામાં નદી પરનો ઘાટ વળી ઑર વધારો કરે છે. તમે એક ખ્યાલ કરો કે એ આખો સમૂહ તેના મધ્યસ્થ પ્રચંડ દેવળ સાથે ખડો છે, નદીમાં સ્વચ્છ જલ વહે છે અને તમે હોડીમાં



સિદ્ધપુરના રુદ્રમહાલયનો એક ભાગ

ફરતાફરતા એને નિહાળો છો. એ જોઈ તમે જરૂર એમ બોલી ઉઠશો કે 'આ અપ્રતિમ સુન્દર છે.' નદી પરનાં આપણાં અને મુસલમાની મકાનોમાં એક ખાસ ફરક એ છે કે, આપણે મકાનોનાં મોઢાં નદી તરફ રાખેલાં છે, જ્યારે મુસલમાનોએ એમનાં મકાનોની પીઠ નદી તરફ રાખી છે. તાજ મહેલની પીઠ નદી તરફ છે, દિલ્હી–આગ્રાના મહેલો પોતાની પીઠ નદી તરફ કરીને ઉભા છે. એમનામાં નિમાજને માટે નહાવાની જરૂર નથી ગણાઇ એટલે મસ્જિદ નદીકાંઠે કયાંથી હોય? આપણે તો નદી અને મકાનનું દર્શન એકસાથે જ થાય તેમ કર્યું છે.

એક કાળે આપણી આવી રસવૃત્તિ હતી. આપણે હાથે આવાં અપ્રતિમ સર્જનો થયાં છે, એ જ સર્જનોનાં સ્થાન પર આપણે હવે શું જોઇએ છીએ? નકશા પર ફરી નજર કરો.

આવી કૃતિઓમાંથી કેટલુંક તો કુદરતે પાડ્યું, એમાં આપણે આપણને દોષ ન દઇએ. મુસલમાની સલ્તનતે ધર્મઝનુનથી કેટલું ય પાડ્યું, પણ એ જ ઝનુન વડે એમણે તો ઘણાં ય સર્જનો પાછાં ઊભાં કર્યાં. આ જગ્યાએ મુખ્ય મંદિરની પછવાડે આવી રહેલી દહેરીઓને બહુ જ ખુબીથી જોડી દઇને મંદિરની મસ્જિદ કરી નાખી છે! ત્યાં આંગણામાં આપણે કરી રાખેલા કુંડને તેઓએ નિમાજ વખતે પગ ધોવાને માટે ટાંકું કરી નાખ્યું. એમની એ જગ્યા અત્યારે તેઓ બહુ જ સાફ દશામાં ટકાવી રહ્યા છે. પણ આપણે શું કર્યું છે! આપણે તો એવા બેદરકાર રહ્યા કે મધ્યસ્થ મંદિરના રંગમંડપની જ વચ્ચે એક ઘર ઘુસી ગયું છે! જમીનદોસ્ત થઈ ગએલા એ

મંદિરના પાયા પર આપણને બીજું કાંઇ જ ધાર્મિક સ્મારક કરવાનું નહિ સુઝતાં ગમે તેવાં બેડોળ મકાનો ઘુસી ગયાં છે. એ મકાનો જો મુસલમાનોનાં હોય તો આપણે કોઇએ કેમ વાંધો ન લીધો? આપણે જાણીએ છીએ કે મુસલમાન પોતાની નાની સરખી કબરને પણ કોઇ આંગળી અડાડે તો શોરબકોર કરી મુકે છે! રંગમંડપના ઉત્તર તરફના પ્રવેશમંડપને પણ બરોબર અડીને એક ઘર થએલું છે. ફોટોગ્રાફમાં એ ઘરની બેડોળ ભીંત એ મંડપને આધારે ઉભેલી આપણે જોઇએ છીએ. હજારો લોકો આ પવિત્ર મનાતા સ્થળના ઘાટ પર શ્રાદ્ધ સરાવતા હશે, પણ કોઇને આ સ્થળ તરફ પાણીના છાંટા ઉડાડતાં આ વિચાર આવ્યો છે? આપણે આવાં તો કેટલાં યે સ્થળો બગાડી નાખ્યાં! કેટલી યે વાવોનાં પાણીમાં આજ કીડા ખદબદે છે! વઢવાણની માધાવાવના પાણીની બદબો આસપાસ ૫૦ કદમ દૂર ફેલાય છે. જેનાં પાણીના કોગળાથી ઉલટી થાય તેવા દામોદર કુંડ, ભીમ કુંડ, ગૌમુખી ગંગા વગેરે જગ્યાએ જઇ આપણે પાછા શ્રાદ્ધ સરાવતા હઇશું ત્યારે ઉપરથી ઈશ્વર જરૂર આપણા તરફ હસતો હશે.

એ તો ભલું થજો લાટ સાહેબ કર્ઝન સાહેબનું! એમણે ગમે એટલાં ખરાબ કામો કર્યાં કહેવાય છે, પણ હિંદ સ્થાપત્યનું રક્ષણખાતું કાઢી એ કલાની જે એક પૂજા કરી છે, તે એવી છે કે એમણે કરેલાં બધાં પાપો હણાઇ જાય. એ રક્ષકખાતાનાં માણસો ફરતાંફરતાં જ્યારે આ ખંડિયેરો પાસે આવ્યાં ત્યારે એમના વડા સાહેબ, આ દેવળોના વિસ્તાર પર એટલા તો મુગ્ધ થયા કે એનાં પડી રહેલાં ખંડિયેરો પુરતો જ નકશો તૈયાર કરીને એમણે એક પાટણના સલાટ—સ્થપતિ (Architect)ને બોલાવ્યો, ને એણે એ પડી રહેલા અવશેષો પરથી શિલ્પશાસ્ત્રના આધારે અસલ રૂદ્રમહાલય કેવો હશે તેની કલ્પના એક કાગળ પર દોરી કાઢી ને એ વડા સાહેબને આપી! અત્રે રજુ થએલો નકશો એ સલાટના ખસરિયા (સ્કેચ) પરથી વડા સાહેબે કરેલો છે, અને આ વર્ણન પણ એ સલાટને જ આભારી છે.

અથાણું

મુંબાઈમાં અભ્યાસ કરતા એક કોલેજીયને ગામડામાં રહેતા એના પિતાશ્રી ઉપર નીચે પ્રમાણે પત્ર લખ્યો:

પૂ. પિતાશ્રી, તાકીદે ૫૦ રૂપિયા મોકલી આપશો; ઘણી જ જરૂર છે. લિ. આજ્ઞાંકિત રમેશ.

તા. ક. આ પત્ર ટપાલમાં નાખ્યા પછી મને એટલો પશ્ચાત્તાપ થયો કે તે પાછો આપવા મેં ટપાલવાળાને ખુબ વીનવ્યો, પણ એણે પાછો આપ્યો નહિ. હું પ્રભુને પ્રાર્થના કરૂં છું કે આ પત્ર તમને ન પહોંચે.

એ ચાલાક દીકરાને એના પિતાશ્રીએ જવાબ આપ્યો:

ચિ. રમેશ, તારી પ્રાર્થના ફળી છે. ચિંતા કરીશ નહિ. મને એ પત્ર નથી પહોંચ્યો!

卐

આંધળાનો પાઠ ભજવનાર ઍક્ટર આવેલ નહિ હોવાથી નાટકના મેનેજરે બીજા એક ઍક્ટરને તેનો પાઠ ભજવવા કહ્યું. પણ તે ઍક્ટર કહે, 'મને એના પાઠનો એક શબ્દે ય આવડતો નથી.'

મેનેજર કહે, 'કાંઇ વાંધો નહિ; વાંચીને બોલજો!'

卐

એક શેઠ—છોકરા, હું પેલા દરવાજામાં થઇને બાગમાં જઈ શકીશ?

છોકરો—હા, મને તો લાગે છે કે તમે જઇ શકશો. મેં હજી હમણાં જ એક રૂનું ધોકળું ત્યાંથી લઈ જતાં જોયું!

卐

મગન—છગન, સાઈકલ ફેરવવા નીકળ્યો છે, પણ ધ્યાન રાખજે કાંટા કાંકરા વાગે નહિ; નહિ તો પંચર પડી જશે.

છગન—જોતો નથી, જોડા પહેર્યા છે પછી કાંટા ક્યાંથી વાગવાના હતા?

卐

ન્યાયાધીશ—તેં આ તારમાસ્તરને કેમ માર્યો?

ગુનેહગાર—સાહેબ, એ મારો ખાનગી તાર વાંચી જતા'તા!

卐

વકીલ—તમે મારા બોલવા તરફ થોડું ધ્યાન આપશો?

અસીલ—હું બને એટલું થોડું જ ધ્યાન આપું છું!

卐

ડ્રોઇંગ શિક્ષક—(મનુએ આપેલા કોરા કાગળ સામું જોઇ) આમાં તું શું ચીતરી લાવ્યો છે?

મનુ—સાહેબ, એરોપ્લેન.

ડ્રોઇંગ શિક્ષક—ક્યાં છે? હું તો કાંઈ જ જોઇ શકતો નથી.

મનુ—સાહેબ, એ એટલે ઉંચે ઉડે છે કે તમે તો શું પણ કોઇ ન જોઇ શકે!

શિવાજી મહારાજના દેશમાં

[૪]

કૃષ્ણા — ગોકાકનો ધોધ — કિર્લોસ્કર વાડી અને ઓગલે વાડી

સીતા-રામની ચરણરજથી પાવન થએલ, ગોદાવરીની પ્રિય સખી કૃષ્ણાનાં દર્શન અમને થયાં. કૃષ્ણાતીરે અનેક તીર્થો છે. મહાબળેશ્વરમાં એનો આંગળી જેવડો પ્રવાહ પૂજાય છે. ત્યાર પછી વાઇ, માહુલી, નરસોબાની વાડી–એમ તીર્થપરંપરા ચાલી જ જાય છે. એનો અંત અમે જોયો નથી.

બ્રહ્મચારી-શિરોમણિ દત્તાત્રેયનું માહાત્મ્ય ગુજરાતે નથી પિછાણ્યું. આબુ, ગિરનારનાં ઉચ્ચતમ શિખરે એમના વાસ હોવા છતાં ગુજરાતની પ્રજાના હૈયામાં એ નથી વસ્યા. એમને વસવા જેવું ઉન્નત આર્યહૃદય જ કદાચ નહિ મળ્યું હોય.

કૃષ્ણાતટે નરસોબાની વાડીમાં દત્તગુરુનું ધામ છે. અહીં હજારો લોકો એમને વંદના કરી પાવન થાય છે. કેટલાં યે મગજની ખસી ગએલી સાંકળો એ શાંત, પુનિત વાતાવરણમાં જોડાઇ જાય છે.

કુલકર્ણીજીના મામા વાડીમાં રહેતા. મામાને ઘેર લગ્ન હતાં. કૃષ્ણાતીર્થનાં દર્શન કરવા અને મહારાષ્ટ્રીય લગ્ન જોવા હું કુલકર્ણીજી સાથે વાડીએ ગયો.

મધરાત સુધી અમે બે ય દત્તોબાને મંદિરે બેસતા. કૃષ્ણાનો રેતાળ પટ, સાચાં મોતી જેવાં નીરમાં નાચતો ચંદ્રમા, ઘાટનાં પચીસ પહોળાં પગથિયાં–ત્યાં દત્તગુરુના વાસ. માણસ મનુષ્ય મટી દેવ થઇ જાય એવું એ સ્થાન હતું.

મહારાષ્ટ્રનાં બ્રાહ્મણલગ્ન જોયાં. સંસ્કારિતા તો હોય જ. વેદોક્ત વિધિ. સવારસાંજ શરણાઇના નોખનોખા મીઠા સુર સંભળાય. પણ ક્યાં ય જ્ઞાતિભોજન ન દીઠું ! ફટાણાં સાંભળવાની હોંશ પુરી ન થઇ ! 'નવરા દેવ' (વરરાજા)ને દેવ જેટલું માન અપાતું જોયું. કન્યાની ઉમર પંદર વરસની સહેજે હશે.

લગ્નની વાનીઓ ખવડાવવાની કુલકર્ણીજીની રીત જરા જુદી છે. ભાતભાતની વાનીઓ થાળી ભરીને લાવ્યા. મેડી ઉપર એક ઓરડીમાં અમે બે જ જણ બેસતા. પોતે બે બટકાં ભર્યાં ને પાણી લેવાને બહાને બહાર નીકળી, બહારથી સાંકળ વાસી દીધી ! મેં જ્યારે સોગનપૂર્વક કહ્યું કે થાળી ખાલી કરી છે ત્યારે જ ઓરડી ઉઘડી. એમને જ્યારે કાઠિયાવાડી મહેમાનગતીનો સ્વાદ ચખાડીશ ત્યારે જ એનું સાટું વળશે.

એક વાર સાંજે અમે બેઠા'તા. ગોપાળભાઇના મામાનાં બે બાળકો આવ્યાં. બંને કાકોભત્રીજો હતા. ત્રણત્રણ વરસની પીઢ વય !

ગોપાળભાઇ મને કહે ' આ બંનેની કુસ્તી જોવા જેવી છે.' બેયને કુશ્તી કરવાનો હુકમ કર્યો, ' ચલા શેકી મારા.'

રામમૂર્તિ અને સૅન્ડો જેટલા જ ગાંભીર્યથી બંનેએ સાથળ ઠબકાર્યા, ખંભા ભટકાડ્યા, કુશ્તી જામી. બે ય પઠ્ઠા હતા. બે મિનિટમાં કુશ્તી ખલાસ ! એકબીજા ઉપર જઇ પડ્યા. હસીને ઉભા થઇ ગયા. બાલમંદિરમાં લઇ જવાનું મન થઇ ગયું. શરીરવિકાસનુ તત્ત્વ મહારાષ્ટ્રમાં ઘર કરીને રહ્યું છે, એના એ પ્રત્યક્ષ પુરાવા હતા.

* *

વૈશાખી પુનમની રાત. આભમાંથી અમી વરસતું હતું. ગોકાક શહેરથી સાત માઇલ દૂર સ્ટેશનમાં હું પરદેશી મુસાફર પડ્યો હતો. સવાર પડવાની વાટ જોતો'તો. ચંદ્રને અજવાળે ધોધ જોવો એ નિશ્ચય હતો. અરુણોદય થઈ જવાની ચિંતામાં આંખ મળતી નહોતી. ત્યાં તો ઘડિયાળમાં ટણુણુન્ ટણુણુન્ ચારના ટકોરા થયા. આંખો ચોળીને બેઠો થઇ ગયો. ગાંડો માણસ ડાહ્યો થઇ જાય એવી ચાંદની જામી પડી'તી.

નરસોબાની વાડી (શીરોલ રોડ)થી ગોકાક રોડની દોઢ રૂપિયાની ટિકિટ હતી. ગોપાળભાઇને બેલગામ જવું'તું. ગોકાક વચ્ચે આવે. હું ગોકાક ઉતર્યો; એ

બેલગામ ગયા. અમારા ચારે ય નાના દોસ્તોને કોલ્હાપુરમાં મલખમ અને તરવાનું શીખવા પરાણે મુકતા આવ્યા'તા.

ગોકાકનો રસ્તો જાણી લીધો'તો. અજવાળું તો હતું જ. એકલો ચાલી નીકળ્યો. સ્ટેશન અને શહેરની વચ્ચે ધોધ હતો; એટલે ત્રણેક માઇલ દૂર.

દોઢેક માઈલ ચાલ્યા પછી કાન લંબાવવા માંડ્યા; પણ અવાજ સંભળાય નહિ. ઘડીવાર ઉભો રહ્યો. એક પક્ષી બોલ્યું ને ભયંકર શાંતિનો ખ્યાલ આવ્યો. મનમાં થયું કે ભુલો તો નહિ પડ્યો હોઉંને! ત્યાં તો બે માણસો સામા મળ્યા. જંગલી જેવા હતા. મેં પુછ્યું, 'હે વાટ ગોકાકચી આહે ન?'

બે ય બબડતા બબડતા ચાલ્યા ગયા. ત્યાં મરાઠી ભાષા લગભગ નકામી. ગુડગુડ ગુડગુડ કાનડી કામની. મને પુરી મરાઠી યે ન આવડે ત્યાં કાનડી ક્યાંથી લાવું? આંખો મીચીને આગળ ચાલ્યો.

મનમાં વિચાર આવે કે કાંઈક અવળું છે ઇ નક્કી. નાનાને મુકીને આવ્યો તે એના નિસાસા પડ્યા, બીજું કાંઇ નહિ. પણ હશે. હવે 'ગતં ન શોચ્યમ્' એમ કરીને મન વાળ્યું.

થોડી વારે બેચાર ઉંચાં મકાન આવ્યાં. પાસે ગયો તો મીલનાં બે મોટાં ભુંગળાં ભાળ્યાં. પાસે જબરી નદી વહી જતી'તી. નદીપાર જવાનો મોટો, ઉંચો, લોઢાનો પુલ કર્યો છે. સવાર પડવાને વાર હતી. ચંદ્ર ઝાંખો પડવા માંડ્યો'તો. પુલ ઉપર થઇ સામે પાર ગયો. ત્યાંથી નદીમાં ઉતર્યો. નદી તો એ જ. ઘટપ્રભા નામ. ભીમસેનની ગદાના માથા જેવી ગોળ-ગોળ શિલાઓ. ધોધ અહીં જ ક્યાંક હોવો જોઇએ, પણ અવાજ કાં નહિ? તર્કવિતર્ક કરૂં છું ત્યાં સામે લીલીછમ બે ડુંગરીઓ દીઠી. બસ! એમાં જ ધોધ હોવો જોઇએ. ચંદ્રને ઝાંખો પડતો જોઈ મેં ઉતાવળ કરવા માંડી. પગ ઝડપથી આગળ વધતા'તા. આંખો સામેની ટેકરીઓમાં ધોધનું પાણી શોધતી હતી. પગ ને આંખોમાં જીવ આવી રહ્યો'તો.

'અરે, મૂળ, મૂળ!' (અરે, છોકરા, છોકરા!)

મોટી આગ લાગી હોય એમ ચારપાંચ જણે એકસામટી રાડ નાખી. મેં પાછળ જોયું તો ચાર-પાંચ જણા હાથના ઇસારાથી મને પાછા ફરવાનું કહેતા'તા. મેં કાંઇ ગણકાર્યું નહિ. પણ આગળ ડગલું ભરવા પગ ઉપાડું છું ત્યાં મારી નજર નીચે ગઇ. મારા શરીરમાંથી ધ્રુજારી વછુટી! ચાર ડગલાં આગળ ભર્યાં હોત તો સો ફુટ ઉંચેથી નીચે જઇ પડત! મારા ઉપરથી ઘાત ગઇ! એક આભારભરી નજર પાછળ ફેંકી હું ત્યાં જ બેસી ગયો. હું શોધતો હતો તે મળી ગયું. એને જ લોકો 'ગોકાકચા ધબધબા' કહે છે! ભર ચોમાસે આખી નદી ત્યાંથી નીચે પડે છે ને બે મીલને વીજળીકશક્તિ પુરી પાડે છે. કાળે ઉનાળે મને છેતર્યો. હાથીના પગ જેવડાં બે વહેન નીચે પડતાં હતાં. ધીર ગંભીર રવે ગાન ચાલતું હતું. ઉપર-થી નીચે પડતાં, પાણીનું એકેએક બિન્દુ છુટું પડી જતું'તું. લક્ષ્મીજી સુપડાને ખુણે મોતી વાવલતાં હોય એવો દેખાવ હતો. એટલો નાનકડો પ્રવાહ, પણ પાંચ મિનિટ સામે ન જોઈ શકાય. જોવા જઇએ તો નીચે પડવાનું મન થઇ જાય! પરદેશ જતા મિત્રની જેમ હૈયું ખેંચે!

ધરામાં વાંસજાળ પાણી હશે! ત્યાંથી ઉંડીઉંડી ભેંકાર બેખડો વચ્ચે થઇ, સામી લીલી ડુંગરીઓમાં ઘટપ્રભા નદી અલોપ થઇ જાય છે.

મીલો જોઇને હું સ્ટેશને ગયો. ચોમાસામાં કોઇ વાર ફરી આવવાનો મનસુબો કરી ટિકિટ લીધી. સાંજે કોલ્હાપુર પહોંચી ગયો.

卐 卐

કોલ્હાપુરથી પુના જતાં મીરજ જંક્શન મુકીએ કે તરત જ કિર્લોસ્કર વાડી આવે છે. પાછલી રાત્રે અમે છ યે મિત્રો કિર્લોસ્કર વાડી ઉતર્યા. સવારમાં કારખાનાં જોવા ગયા.

નાનકડું ગામ વસી ગયું છે. નાનાં, હારબંધ ઝુંપડાં જેવાં ઘર, શહેર જેવા રસ્તા, ચોખ્ખાઇ જેવું નામ. એક તરફ કારખાનાનાં ઉંચાં મકાન; બીજી તરફ નાનકડું નાટ્યગૃહ ને રમતનું મેદાન. અમે નાહીધોઈ પરવાર્યા ત્યાં આઠ વાગ્યા. દોડતા મજુરો કારખાને જતા હતા. ઉતાવળા અધિકારીઓ ઑફિસ-માં જતા હતા. કારખાનું લોઢાનું છે. સ્થાપક શ્રી કિર્લોસ્કર ધીર પુરુષ છે. નવયુગના યાંત્રિક મંથન-કાળમાં જગત સાથે હરીફાઇમાં ઉતરવાનું સાહસ બહુ હિંદીઓ નથી ખેડતા. એમણે એ ખેડ્યું છે.

સાહસ એ એમનો વિશિષ્ટ ગુણ છે. વિવેકી પણ એવા જ. અમને બધું કાળજીથી બતાવવા ભલામણ કરી. નીરાંતે જોવાય માટે એક દિવસ રોકાઈ જવા આગ્રહ કર્યો.

કિર્લોસ્કરનાં હળ આજ કાઠિયાવાડનાં ગામડાંઓમાં પણ પહોંચી ગયાં છે. જુના હળ કરતાં બમણું કામ આપે છે. લોઢાના પંપ પણ અહીં મજબુત બને છે. અમે એકેએક ક્રિયા જોઈ. લોઢાના રસમાંથી પહેલાં જે આકારો બનાવે છે તે જોવા ન મળ્યું. તેને માટીમાં કોરેલા જોયા. એના ઉપરથી આછો ખ્યાલ આવે.

પુના તરફ જતાં કિર્લોસ્કર વાડીથી ત્રીજું સ્ટેશન ઑગલે વાડીનું. બપોરે બાર વાગ્યે ઑગલે વાડી પહોંચ્યા. ઑગલે કુટુંબના એક ભાઇ કુલકર્ણીજીના બાલમિત્ર હતા, એટલે બધું બરાબર દેખાડયું.

પ્રભાકર ઓગલે આઠ પુત્રના પિતા છે. સૌથી મોટા આત્મારામ ઓગલે કાચના કારખાનામાં નોકર હતા. કોઇ કુશળ કમ્પાઉન્ડર, સ્વતંત્ર વૈદ્ય થાય તેમ આત્મારામ ઓગલેએ સ્વતંત્ર કારખાનું કાઢયું. નાના ભાઇઓને ભણાવ્યા. જર્મનીથી ફાનસ બનાવવાની વિદ્યા લઇ આવ્યા. અત્યારે આઠે ભાઇઓ એકએક કામના નિષ્ણાત છે. કારખાનું જામી પડયું છે. સૌથી નાનો ૨૧ વર્ષનો ઓગલે હરિકેન બનાવવાના નવા કારખાનાનો વડો એન્જીનિયર છે. ફાનસના ભાગ જુદાજુદા સાંચાઓ ઉપર તૈયાર થાય છે. એક ઠેકાણે એ બધા જુદાજુદા ભાગોને જોડી દઈ આખું ફાનસ તૈયાર કરવામાં આવે છે. બીજે ઠેકાણે ‘ પ્રભાકર કંદીલ ’ નામ લખાય છે. કાચના રસમાંથી ચીમની બનતી જોવી એ અમારા માટે ચમત્કાર જેવું હતું. ‘ આંત યેઉં નયે ’ અને ‘ No admission ’ (અંદર આવવું નહિ) એવાં ઑફિસનાં પાટિયાં ત્યાં બને છે. આખી જી. આઇ. પી. રેલવે કાચનો બધો માલ ઓગલેનો જ વાપરે છે. કાચનાં ફુલદાન અને સુંદર રમકડાં ઉડીને આંખે વળગે એવાં હતાં. ઘર સુધી સાચવવાની ચિંતા ન હત તો થોડા નમુના સાથે લઇ લેત.

રાતે અગિયારની ગાડીમાં બેઠા. સતારા રોડ ઉતર્યા. શહેર બાર માઇલ દૂર છે. ધર્મશાળામાં રાત ગાળી.

લક્ષ્મણજીની મૂર્ચ્છા વાળવા હનુમાન જતિ દ્રોણગિરિ લઇ જતા'તા. એક હાથ થાક્યો. હાથ બદલવા ગયા ત્યાં કાંકરી ખરી. લોક કહે છે કે એ કાંકરી તે જરંડો ડુંગર! સતારા રોડથી ત્રણ માઇલ દૂર, હજાર–દોઢ હજાર ફીટ ઉંચી એ ટેકરી સપાટ મેદાનમાં એકલી પડી છે. એ જરંડો ડુંગર, એ દ્રોણગિરિની કાંકરી! ઉપર હનુમાનજીનું ભવ્ય મંદિર છે. હજારો લોક જાત્રાએ આવે છે. નામ જરંડેશ્વર રાખ્યું છે. અમે ય ઉપડયા.

બિસ્તરા લઇ ઉપર ચડતાં કેડ રહી ગઇ. બહુ ઉંચો નહિ, પણ સીધો સોટા જેવો. ચડવું ન ફાવે. કોલ્હાપુરથી ખાસ નાસ્તો તૈયાર કરાવ્યો'તો. ટોપલો એક નાસ્તો ચડાવી ગયા ત્યારે માંડ થાક ઉતર્યો!

બીજી તરફ ઉતરીએ ત્યાં કૃષ્ણા નદીનું માહુલી તીર્થ હતું. એ જોઇ સાંજ પહેલાં સતારા પહોંચવું'તું. સૂર્ય ચડવા માંડયો'તો.

ઉતરતી વખતે અમે બિસ્તરા રગડતા મુકી દીધા. બે હાથ પહોળી કેડી ઉપર દડબડ દડબડ બિસ્તરા જાય રડચે. અમારો વેગ પણ વધતો જાય. કોઇવાર બિસ્તરો આડોઅવળો જતો ત્યારે હેરાનગતી થતી. પણ સરવાળે લાભ જ થયો.

માહુલી પહોંચ્યા ત્યાં સુરજ માથે આવ્યો. કૃષ્ણાકાંઠે ઝાડની છાંયડીમાં ધામો નાખ્યો. બ્રાહ્મણને ઘેરથી તપેલી માગી આવ્યા. ખીચડીશાક રાંધ્યાં.

પતરાવળાં નાખ્યાં. જમવાની તૈયારી કરીએ છીએ ત્યાં સામી દુકાને નજર ગઇ. પાકેલી કેરી અમારી મુર્ખાઇ સામે હસતી હતી. આવી પાકેલી કેરી, વળી ભાજી જેટલી સોંઘી. એ મુકીને ખીચડું ખાવું એ કેરીનું ભયંકર અપમાન હતું. આવી બેદરકારી માટે અમને પશ્ચાત્તાપ થયો. પ્રાયશ્ચિત્ત કરી પાપ ધોવાની ઉતાવળમાં, અને અપમાનિત સ્ત્રીજાતિનું માન જાળવવાની પ્રબળ ઇચ્છા પાર પાડવા ખીચડીશાક સાથે ભળશે કે નહિ તે પણ વિસરી ગયા!

આઠ આનાની કેરી લીધી. કેરી–ખીચડી ખાઇ અમે પેટ ઠાર્યું.

સતારા ૭ માઇલ દૂર હતું. નમતે પહોરે સતારે ઉપડી ગયા.

રામનારાયણ નાગરદાસ પાઠક

મારા ફળીમાં

પક્ષીનિરીક્ષણ

મારા ફળીમાં એક સુંદર ઘટાવાળો લીમડો આવેલો છે. આ ઉનાળામાં તો મેં મારી બેઠક લીમડા નીચે જ રાખી હતી. સવારસાંજ લીમડા નીચે બેસવું અને બપોરના સુવું પણ ત્યાં જ. ઉનાળાના પ્રખર તાપથી બચવા માટે મારા ફળીનાં તેમજ આજુબાજુનાં કેટલાંક પક્ષીઓ પણ ત્યાં આવતાં ને કિલકિલાટ મચાવી આખા ચોગાનને ગજાવી મુકતાં. વહેલી સવારે અને મોડી સાંજે કોયલો આજુબાજુમાંથી ટહુકવા માંડતી અને જમાનાજુનું વેર લેવા તેમની પાછળ કાગડા પડતા. બપોરના વખતમાં કાબરોના કચકચાટ, ખિસકોલીના ચિતકાર, ચકલીઓના ચકચકાટ ને લેલાંની લવરીથી કોઈ તીર્થ-સ્થળના મેળાની માફક મારો લીમડો ગાજી રહેતો હતો.

આ બધી જાતના અવાજની વચમાં મેં એક દિવસ સાંજે સુંદર સંગીત સાંભળ્યું. તપાસ માટે ઉંચે જોઉં તો બે બુલબુલ ગેલ કરી રહ્યાં હતાં. કાળી કલગીવાળાં માથાં, સફેદ છેડાવાળી કાળી પુંછડી, ઝીણી લીટીવાળું રાખોડી શરીર ને કદિ પણ ન ભુલી શકાય તેવો પુંછડી નીચે રાતો ડાઘ ધરાવતું, ચકલીથી સ્હેજ મોટું પક્ષી તે બુલબુલ. જેના વિષે કવિઓએ પુષ્કળ કાવ્યો લખ્યાં છે, જેનાં સંગીત ઉપર અનેક રસિકો મુગ્ધ બન્યા છે તે બુલબુલ. તેના માળા આપણે ત્યાં દરેક બગીચામાં ઉનાળાના મે અને જુન માસમાં જ્યાંત્યાં માલુમ પડે છે; માત્ર જરૂર છે આપણે આંખ ઉઘાડી રાખવાની. પછી તો હું તેમને વારંવાર લીમડાની સળીઓ વીણતા જોવા લાગ્યો, અને આજુબાજુમાં તેઓ અવશ્ય માળો બાંધતા હશે તેવી મારી ખાતરી થઇ.

લગભગ બધાં પક્ષીઓ એપ્રિલ, મે ને જુન માસમાં જ ઈંડા મુકે છે. તેમનું સંવનન, સંગીત અને પીંછાના રંગોની ભભક જોવી હોય તો આ જ વખતમાં. મે માસમાં કાબરો અને ચકલાંનાં તો બચ્ચાં પણ તૈયાર થઈ જાય છે. જુનની શરૂઆતમાં કાગડા, કોયલ અને કાળાકોશી ઈંડાં મુકવાની શરૂઆત કરી ચુકે છે. બુલબુલ વરસ દિવસમાં બે



બુલબુલ

વખત ઇંડાં મુકે છે. મને તો પક્ષીઓ માટેની વસંતઋતુ ચૈત્ર–વૈશાખમાં શરૂ થતી હોય એમ લાગે છે. લગભગ દરેક પક્ષી આ ઋતુકાળમાં જોડાય છે જેમાંનો મોટો ભાગ આખી જીંદગી પર્યન્ત જોડાઇ રહે છે. બુલબુલ માટે પણ એમ મનાય છે કે નર અને માદા આખી જીંદગી સુધી એકબીજા સાથે જોડાઈ રહે છે. કબુતરની બાબતમાં તો મારો જાતનો અનુભવ છે કે તેની માદા એક નરને છોડી બીજા સાથે સહેલાઇથી જોડાઇ શકતી નથી. એક માદાને, તેનો નર મરી ગયા પછી બીજા નર સાથે પાંજરામાં રાખવામાં આવી. બીજે દિવસે માલુમ પડ્યું કે તેણે ચાંચો મારીમારી નરને જખમી કરી નાખ્યો હતો! આ ઉપરાંત એવું પણ સાબિત થયું છે કે પાંજરામાં પક્ષીઓ ઇંડાં બહુ જ મુસીબતે મુકે છે; જ્યારે બહાર બહુ જ છુટથી મુકે છે. કેદખાનામાં પરતંત્રતા ભોગવતી પ્રજાને ગુલામો પેદા કરવાનો હક્ક નથી, એ સિદ્ધાંત પક્ષીઓ જેટલી ચોખ્ખી રીતે સમજતાં મનુષ્યો ક્યારે શીખશે?

એક દિવસ બપોરના હું મારી ઑફિસમાં બેઠો હતો, એટલામાં અચાનક સીટીના સુંદર અવાજ જેવો ટુવી... ટુવી... ટુવી... અવાજ સંભળાયો. બારી-માંથી બહાર જોઉં તો ચકલીથી અરધા કદનું એક સુંદર નાનું પક્ષી કરેણની ડાળેડાળે કુદી બોલતું હતું. પક્ષી નાનું પણ અવાજ મોટો! માથા તથા ચાંચનો રંગ રતાશ ઉપર, પાંખો ને બરડાનાં પીછાંનો રંગ ખુલતા પોપટિયા જેવો, પેટ તદ્દન સફેદ, ચાંચ પાતળી ને અણીદાર અને પુંછડીની વચ્ચેનાં બે પીછાં



ટેઇલરબર્ડ-દરજી પક્ષી-ફુત્કી

બીજાં પીછાં કરતાં મોટાં અને બહાર નીકળતાં.

આ પક્ષીને અંગ્રેજીમાં Tailor-Bird (દરજી પક્ષી) અને આપણે ટાસ્કા અથવા ફુત્કી કહીએ છીએ. અંગ્રેજી નામ પ્રમાણે, આ પક્ષી બે અથવા ત્રણ પાનને દોરા, પરાળ અથવા કરોળિયાના જાળા વતી સીવી માળો બનાવે છે. ઘણીવાર જો પાન બહુ જ મોટું હોય તો એક પાનનો પણ માળો બનાવે છે. પોતાની અણીવાળી ચાંચનો સોય તરીકે ઉપયોગ કરી તે પાનને બરાબર સીવે છે અને માળાને મજબુત બનાવે છે. પછી અંદરના ભાગમાં રૂ, ઊન કે બીજો કાંઇ પોચો પદાર્થ ભરી બચ્ચાંને રહેવાલાયક માળો બનાવે છે. બચ્ચાં મુકવાની ઋતુમાં નરની પુંછડીનાં વચલાં બે પીછાં મોટાં થાય છે. મેં જે ફુત્કી જોઇ તે નર હતો. આ તેનો ઇંડાં મુકવાનો વખત છે, માટે તેનો માળો આટલામાં જ હશે એમ ધારી હું શોધવા નીકળ્યો. તે બોલતું હતું ત્યાં આજુબાજુમાં જોઉં તો એક અંગ્રેજી ફુલઝાડની ડાળોના ત્રાસમાં મેં બુલબુલનો માળો જોયો. આ તો કોલંબસને હિંદુસ્તાન શોધતાં અમેરિકા જડ્યો એના જેવું થયું.

સુંદર ટોપલી જેવો, લંમડાની સળીઓનો બનેલો એ એક નાજુક માળો હતો. તેની અંદર બુલબુલે રૂ, ઊન કે બીજો કાંઇ પોચો પદાર્થ ભરી બીજાં પક્ષીઓની માફક સુકોમળ બનાવેલો ન હતો. છોડની ડાળીઓ સાથે કરોળિયાનાં જાળાં વતી તેને અકબંધ જડી લીધો હતો. જમીનથી તે માત્ર ચાર ફુટ ઉંચો હતો. ફુલ-ચકલીની પેઠે બુલબુલ પણ માળા જમીનથી બહુ ઉંચા બાંધતું નથી, અને



માળામાં ઇંડાં સેવતું બુલબુલ (ફોટો)

લગભગ એવે સ્થળે બાંધે છે કે જ્યાંથી તેનાં ઈંડાં બીજાં પક્ષીઓ જલદી ઉપાડી જાય.

બેચાર દિવસ માળો ખાલી રહ્યો. બુલબુલ પણ ત્યાં આવતું જણાતું નહિ. પણ જુનની પાચમી તારીખે સવારે બુલબુલે તેમાં જાંબુડા જેવડું એક ઇંડું મુક્યું. ઇંડું રંગે સફેદ પણ તેની ઉપર જાંબુડિયા રંગનાં છાંટણાં, ને ઉપરના ભાગમાં જાંબુડિયો રંગ જરા વધુ ઘેરો. પછી તો તા. ૬-૭ને દિવસે બીજાં બે ઈંડાં મુક્યાં. પક્ષીઓ દરરોજનું એક જ ઇંડું મુકે છે; કેટલીક વાર તો બે દિવસે એક ઇંડું મુકે છે.

હવે તો આખો દિવસ બુલબુલ માળામાં બેસી રહેવા લાગ્યું. નર પણ કોઇકોઇ વાર તેની સંભાળ લેવા આવતો હોય તેમ દેખાતું. આ સમયમાં અમે બુલબુલના માળાના, તેનાં ઇંડાંના અને ઈંડાં સેવતા બુલબુલના ઘણા ફોટા લીધા. પહેલે પ્રસંગે તો તે બીને નાસી ગયું અને ચારપાંચ કલાક સુધી આવ્યું નહિ. અમને બીક લાગી કે તે કદાચ નહિ પણ આવે. પણ સાંજે તે આવી પહોંચ્યું અને પછી તો એવું ટેવાઇ ગયું કે અમારાથી બીલકુલ બીતું નહિ. સાધારણ રીતે દસ દિવસે ઇંડાં પાકી તેમાંથી બચ્ચાં નીકળે છે. પણ આજ જ્યારે હું આ લખું છું ત્યારે બાર દિવસ થયા છે છતાં હજુ ઈંડાંમાંથી બચ્ચાં બહાર પડ્યાં નથી. કોઇક વાર પક્ષીઓ ખોટાં ઇંડાં પણ મુકે છે.

લીમડાનું બીજું ધાંધલિયું પક્ષી તે કાબર. આપણને સૌને આ પક્ષી બહુ જ પરિચિત છે, છતાં તેની કેટલીક ખુબી તો જો ધ્યાન આપ્યું હોય તો જ

જડે. તે વિદૂષકની જાતનું પક્ષી છે ને ઘણી જાતના અવાજ કાઢી શકે છે. ભલભલાં મોટાં પક્ષીઓને એ પજવે છે, અને મોટી જીવાતનો નાશ કરી ચોક, ફળી અને બગીચા સ્વચ્છ રાખે છે.

મારા પાડોશમાં શ્રી કંચનરાય ભાઈ નામના એક પક્ષી-વિજ્ઞાન-વિશારદ ગૃહસ્થ રહે છે. પક્ષીઓ બાબતનું તેમના જેટલું જ્ઞાન ભાગ્યે જ બીજા કોઇનું હશે. તેઓ ઘણી જાતનાં અલભ્ય પક્ષીઓ ઉછેરે છે અને કેળવે છે. પક્ષીઓના જ્ઞાન બાબત મારી ઘણી મુશ્કેલીઓનો ઉકેલ તેઓ કરે છે. ટુંકામાં તેઓ આ બાબતમા મારા જેવા અનેકના ગુરુ છે. તેમને ત્યાં એક કાબર છે તે મોઢેથી ઘંટ વગાડે છે. તેમના બંગલા પાસે શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન છે તેમાં અવારનવાર ઘંટ વગડ્યા કરે છે, તે સાંભળી આ કાબર મોઢે ઘંટ વગાડતાં શીખી ગઇ છે. આવી તો તેની અજબ અનુકરણશક્તિ છે! સાંજે જો તમે કાબરોને પોતપોતાના માળા તરફ જતી જુઓ તો જણાશે કે તેમની ઉડવાની ઝડપ કાગડા કરતાં ઘણી વિશેષ છે. વળી તમે કોઇ દિવસ સાંજે માળા તરફ કાબરને એકલી ઉડી જતી નહિ જુઓ; હમેશાં તેમનાં જોડકાં જ પાછાં ફરતાં દેખશો.

આ કાબરોમાં પણ ઘણી જાતો હોય છે. મારા લીમડા ઉપર જે કાબર દેખાય છે તેનું વર્ણન આ પ્રમાણે છેઃ બીજી કાબરો કરતાં તેનું કદ સ્હેજ નાનું, માથું કાળું અને તેના ઉપર સુંદર પીંછાંનો કાળો ચકચકિત અંબોડો અથવા કલગી. આ કલગી ઉભી રહેતી નથી, પણ માથા ઉપર આડી પડેલી હોય છે. શરીર ભુરૂં, પગ પીળા અને છાતી રતાશ ઉપર. બધી રીતે બહુ જ સુંદર. આને બ્રાહ્મણી મેના અથવા બબ્બઇ કહેવામાં આવે છે. આ પક્ષીની અનુકરણશક્તિ ઘણી જ તીવ્ર છે. જે શીખવો તે એ બહુ જ સારી રીતે શીખી લે છે. શ્રી. કંચનરાય ભાઇને ત્યાં બબ્બઇનું એક જોડકું છે તે બહુ જ સુંદર બોલે છે.

કાબરો અને ચકલીઓ માળા બાંધવામાં બહુ જ બેદરકાર હોય છે. એ બંનેના માળા સ્હેજે ભાંગી જાય તેવા હોય છે. કાબરો તો ઝાડના થડની અંદરના પોલાણમાં પણ માળા બાંધે છે. ઘણી વાર તો લક્કડખોદે પાડેલાં કાણાં જ તેઓ વાપરે છે.

આ વખતે આ જ લીમડા ઉપર કોયલો અને કાગડા બાબત ઘણું જોયું. તે એટલું બધું છે કે અવકાશે એક સ્વતંત્ર લેખ તેના ઉપર લખવા ઇચ્છા રાખું છું. આ વખતે મેં પક્ષીનિરીક્ષણમાં નાના દૂરબીનનો ઉપયોગ કર્યો હતો. ઘણી વાર પક્ષી એટલે ઉંચે બેઠું હોય કે બરાબર દેખી શકાય નહિ. ઘણી વાર દૂર ઝાડ ઉપર પક્ષીને બોલતું સાંભળી તેને જોવા ત્યાં જઇએ એટલી વારમાં તો એ ઉડી જાય. તેમની ચાંચ, પીંછાં, પગ વગેરે બરાબર સ્પષ્ટ રીતે જોવા માટે જો બાયનોકયુલર અથવા નાના ટેલેસ્કોપનો ઉપયોગ કરવામાં આવે તો બહુ જ સરળતા પડે. મેં બ્રાહ્મણી મેના તથા માદા કોયલને દૂરબીનની જ મદદથી બરાબર નિહાળેલી.

ગજાનન ભટ્ટ

સાહિત્યનું પાણી

'કુમાર'ના ચૈત્રના અંકમાં પાણી વિષેનો લેખ પાણી-પાણી કરી નાખે એવો છે. એમાં તો પાણીના ઉપયોગ, ગુણ, અને આરોગ્ય જાળવવામાં તેની જરૂરિયાત વિષે લખ્યું છે, પરંતુ અહીં તો, આપણા ગુજરાતી સાહિત્યમાં એ 'પાણી'એ કેટલું પાણી આણ્યું છે તે વિષે વાત કરવાની છે. એટલું બધું લાંબું લખવાનો બીલકુલ ઇરાદો નથી. માત્ર નીચેનાં થોડાં વાકયો વાંચી જશો એટલે કહેવાનો મુદ્દો સમજાશે.

ખરેખર, એણે બાપના વારસાના બધા પૈસાનું પાણી કરી નાખ્યું છે.

ત્યારે જોઈશું હવે, તમારામાં કેટલુંક પાણી છે તે.

આ મોતી બહુ પાણીદાર લાગે છે.

અને મારા ભાઇનો ઘોડો પણ કંઇ ઓછો પાણીદાર છે? એથી તો એને એ પાણીપંથો કહે છે.

ત્યારે એને પાણીને મુલે વેચવા શા માટે કાઢ્યો છે?

અરે, પણ આ મારા હાથપગ પાણીપાણી કેમ થઇ જાય છે?

એ તો મીઠાઇ જોઇને તારા મોંમાં પાણી આવે છે તેમાં.

તો યાદ રાખજે તારી આંખમાં પણ પાણી આવશે.

ના રે ભાઇ, આજથી પાણી મુકયું, તારી સાથે વાદ જ ન કરવો.

આ વિષે વધુ માહીતી જોઈતી હોય તો ઘણું કરીને 'સુંદરી સુબોધ' અને 'સાહિત્ય' માસિકોમાં થોડાં વરસ અગાઉ 'પાણીનું પાણી' આવ્યું હતું.

વાંચનારને પણ કાંઇ આવું સુઝી આવે ને આ સંગ્રહમાં વધારો કરવા ઇચ્છે તો જરૂર મોકલી આપે. પણ એ છપાવવા જેટલું પાણી એમાં હોવું જોઇએ.

બચી

રત્નાગિરિમાં એ વરસે કેરીનો તો પાર ન મળે. ઝાડ ઉપરથી કેરી પડ્યાનો ટપ્ અવાજ થાય ને અમે ત્રણે જણા દોડીએ. આ રીતે દિવસમાં લગભગ ૨૫–૩૦ કેરીઓ પડતી.

એક દિવસે ધબ્ અવાજ થયો ને અમે ત્રણે દોડયા. જોયું તો કેરી ન હતી પણ એક ખિસકોલીનું બચ્ચું પડી ગયું હતું. તરત જ મેં એને ઉપાડી લીધું. એને આખે શરીરે, કોંકણના આંબાઓ ઉપર હોય છે તેવા લાલ મંકોડા ચોંટયા હતા. એને જોઇને મને બહુ દયા આવી. મેં બધા મંકોડા ઉતારી નાખ્યા ને એને ઘરમાં લઇ આવ્યો.

નાનપણથી જ પ્રાણીઓ પાળવાનો મને શોખ છે. મેં એક કુતરૂં પાળેલું, તેનાથી છુટો પડતાં હું બે કલાક રડેલો. એક વાર કુતરાએ વાંદરાનું બચ્ચું વીંખેલું, તેને પાળવા માટે પણ મારી બા સાથે બે કલાક રકઝક કરેલી; અને અંતિમ જવાબ નકારમાં મળતાં છાનોછાનો ખુબ રડેલો.

આજે ખિસકોલીનું બચ્ચું પાળવા માટે મળ્યું તેથી મને બહુ આનંદ થયો. પણ મારા હર્ષના ઉભરા ધીરેધીરે શમવા લાગ્યા, કેમકે ખિસકોલીના એ મૂર્ખ બચ્ચાને ખાવાની જરા પણ સાન ન હતી. મેં વાટકીમાં દુધ મુકયું તે પણ એણે ન પીધું. હું મુંઝાયો. પણ વળી એક ઉપાય સુઝયો. મારી લંગોટી લઇ આવ્યો. એનો એક છેડો ફાડી તેનું અણીવાળું આંચળ બનાવ્યું. એ આખું દુધમાં બોળીને એના મોઢામાં આપ્યું. તરત જ બચ્ચાંએ તે ચુસવા માંડયું. મને આનંદ થયો. બે કલાક બેસી મેં તેને વાટકી ભરી દુધ પાયું. હવે બચ્ચું જીવશે એવી કાંઇક આશા બંધાઇ.

ધીમેધીમે બચ્ચું મોટું થતું ગયું. હું એને કાણાંવાળી પેટીમાં રાખતો. એટલામાં આવ્યા કરમદાં અને જાંબુના દિવસ. એક દિવસ હું કરમદાં લઇ આવ્યો. મજાનાં કાળાં, પાકાં અને મીઠાં એવાં દસબાર કરમદાં એની પેટીમાં મુકી દીધાં. સાંજે આવીને જોયું તો બધાં કરમદાં એમ ને એમ પડેલાં! કરમદાં ન ખાવા માટે મેં બચ્ચાંને બેચાર સભ્ય ગાળો દેતાંદેતાં કરમદાં ઉપાડયાં. પણ આ શું ? એકેએક કરમદું અંદરથી પોલું ! બચ્ચાંએ આબાદ બધાં કરમદાંનો ગર કાણાં પાડીને ખાધેલો! આ જોઇ હું બહુ જ રાજી થયો.

પણ હવે તે પેટીમાં રહેતું હોવાથી બહારના જગતથી બહુ બીતું હતું. તેને ટેવ પાડીને જરા બહાદુર બનાવવા મેં એને બીજે જ દિવસે પેટીમાંથી બહાર કાઢયું. બહારનો પ્રકાશ જોઇ એ ચમકયું. એકદમ મારા હાથમાંથી છટકીને બગીચામાં દોડયું ને એક દરમાં ભરાયું. મને થયું કે અંદર જો એકાદ કાકો બેઠો હશે તો સ્વાહા કરી જશે. ખિસકોલી પાળવાની મારી બધી આશા સુકાઇ ગઈ. છતાં પણ 'પ્રયત્ન તો કરીએ' એમ વિચાર કરી મેં દર ખોદી કાઢયું. અંદર હાથ નાખતાં બચ્ચું તો પકડાઇ ગયું પણ ગભરાટમાં એણે પોતાના તીણા દાંતનો મને ઠીક પ્રસાદ ચખાડયો. મારી આંગળી લોહીલોહાણ થઇ ગઇ. પણ મેં એને જવા તો ન જ દીધું.

એક દિવસે એ બચ્ચાંનું નામ પાડવાનો વિધિ કરવામાં આવ્યો. એ બચ્ચું ખિસકોલી (સ્ત્રી જાતિ) હોવાથી મેં એનું નામ 'બચી' પાડયું. એમા પલાયન પછી હું હમેશાં એને ખિસામાં જ રાખતો. પહેલાં હું એને બાજુના ખિસામાં રાખતો પણ ત્યાં કેટલીક વાર મારૂં ધ્યાન ન રહે ત્યારે બચીને ચગદાવું પડતું. એટલે પછી મેં એને છાતી ઉપરના ખિસામાં રાખવા માંડી. ત્યાં ખિસાની કોર ઉપર પોતાના બે પગ અને મોઢું કાઢી જાણે ઝરૂખામાં બેસીને કોઇ રાજરાણી જોતી હોય એમ બચી ચારેકોર જોતી. જરા પણ બીક લાગે કે તરત જ પગ અને મોઢું અંદર ઉતારી લેતી. ખાસ કરીને એ મૉટરથી બહુ બીતી. મૉટરનો અવાજ સંભળાય કે તરત જ ખિસાના એક કોરના ખુણામાં લપાઇને બેસી જતી. પછી તો એ મારી સાથે ખુબ હળતીમળતી થઇ. એને જમીન ઉપર મુકી હું દોડું તો તરત જ એ મારી પાછળ દોડતી, અને મને પકડી પાડી શરીર ઉપર ચઢી એકદમ આગલા ખીસામાં આવી બેસી જતી!

અમે બધા કેરી ખાવા બેસીએ એટલે હું ખાતો

હોઉં એ કેરીની ચીરી, મારા હાથ ઉપર ચડી બચી એઠી કરી નાખે. પછી નછુટકે મારે એને એ ચીરી દેવી પડે. ચીરી હાથમાં આવે એટલે બચી પાછલા બે પગ ઉપર બેસી આગલા બે પગ વડે ખાવા માંડે. એને ચીરી આપ્યા પછી મેં ભાગ્યે જ ત્રણચાર ચીરી ખાધી હોય ત્યાં તો પાછી પેલી ચીરી અરધી જ મુકી દઇ તે મારી બીજી ચીરી એઠી કરી જતી. આ ખરાબ ટેવ પડે એ ઠીક નહિ, એમ વિચારી મેં એક યુક્તિ કરી. એક દિવસ મેં તેને હમેશની પેઠે એક ચીરી આપી. તે પડતી મુકી બચી જ્યારે બીજી ચીરી લેવા આવી ત્યારે મેં તેને હાથ ઉપર ચડવા જ ન દીધી અને અમે ખાઇ રહ્યા ત્યાં સુધી તેને ડાબે હાથે પકડી રાખી, પેલી પડતી મુકેલી ચીરી પણ મેં એને ખાવા ન દીધી. તે દિવસથી બચી એની ખરાબ ટેવ ભુલી ગઇ.

એ વરસે વરસાદ ખુબ પડેલો. સવારસાંજ હું હાથે જ રાંધતો. ચુલા પાસે બેસી તાપવાનું બચીને બહુ ગમતું. ઘઉંની ગરમાગરમ ભાખરી ઉતરે એ ખાવાની પણ લાલચ તો ખરી જ. હું એને પા ભાખરી ખાવા આપતો. કેરીના પ્રસંગ પછી રોટલા એઠા કરવાની ટેવ પણ એ ભુલી ગઇ. ખરેખર, ત્યારથી બચી સભ્ય બની ગઇ હતી!

હું લખવા બેસતો ત્યારે પણ બચી આવીને ખડિયામાં મોઢું નાખતી, પણ શાહીનો સ્વાદ ખરાબ લાગતાં નાસી જતી. ત્યાર પછી બે દિવસ સુધી એનું મોઢું વાંદરા જેવું રંગાએલું રહેતું. પણ આ મઝા તો ચારપાંચ વાર જ થઇ. પછી તો એને ખબર પડી ગઈ કે એ ચાખવાની ચીજ જ નથી.

એક વાર એની પુંછડી ઉપર સંકટ આવ્યું. એ બહુ જ નાની હતી ત્યારે મારી જોડેના એક વિદ્યાર્થીએ એને પુંછડીથી પકડી. બચી મારી પાસે આવવા પ્રયત્ન કરવા લાગી. જોરથી આંચકો મારીને એ છુટી તો ખરી, પણ પા ભાગની પુંછડી તે વિદ્યાર્થીના હાથમાં રહી ગઇ! ત્યારથી બચી પોણી પુંછડીવાળી થઇ; પણ એથી કાંઈ એની શોભા પોણી નહોતી થઇ.

બચીનો ખાવાનો કાર્યક્રમ બહુ મોટો હતો. સવારે દુધ, નવ વાગ્યે મારી સાથે રોટલો, બપોરે પાછાં થોડાંક ફળ અને રાતના ફરીથી રોટલો. આ સિવાય ઘરમાંથી ચોરીને અને બહાર ફરવા જાય ત્યાંથી ખોળીને ખાય એ તો જુદું.

દિવસે તો જાણે ઠીક, પણ રાતના બિલાડીની બહુ બીક રહેતી. રખેને એ બચીનો કોળિયો કરી જાય! એટલે હું એક પાંજરૂં લાવ્યો. તેનું બારણું ઉઘાડું રાખ્યું અને અંદર ૪ તોલા સુતરની એક ફાળકી બેવડી વાળી ઉપર કપડું પાથરી બચી માટે માળા જેવી પથારી બનાવી. પણ બચીને એકલા કપડાથી સંતોષ ન થયો. તેણે મારૂં ઉનનું ઓઢવાનું ફાડીફાડીને પોતાને માટે પેલા માળામાં સરસ પથારી બનાવી. એવી પથારી બનાવતાં તો મને પણ ન આવડત! સાંજ પડે અને ભોજન મળે કે તરત જ બચી પોતાના પાંજરાની અંદરના માળામાં ભરાઇ જતી તે ઠેઠ સવારે જાગતી. ખિસકોલીઓ સૂર્યવંશી લાગે છે, કેમકે બચી કોઈ દિવસ પક્ષીની પેઠે સુરજ ઉગ્યા પહેલાં ઉઠતી નહિ.

એક દિવસ અમારે ગામ જવાનું થયું. આઠ વાગ્યે ઉપડવાનું હતું. બચી રોજ સવારે ક્યાંક બહાર ફરવા જતી. અમારો જવાનો વખત થયો એટલે મેં બચીને ખુબ શોધી, પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ. બધા એક પછી એક ચાલવા માંડ્યા એટલે વીલે મોઢે હું પણ બચીના બે મહીનાના સહવાસ પછી છુટો પડ્યો.

ગામથી આઠ દિવસે અમે પાછા આવ્યા. પણ અરેરે, એ દરમ્યાન તો બચી બીચારી કેટલી યે વાર આવીને જતી રહી હશે!

સ્વીકાર

પ્રેમશૃંગાર દોહાવલી: સંકલિત; કર્તા અને પ્રકાશક, કહાનજી ધર્મસિંહ, રાજકોટ; કી. ૦-૪-૦

સરોવરની સુંદરી: લેખક, રમણલાલ નાનાલાલ શાહ; પ્રકાશક, બાલજીવન કાર્યાલય વડોદરા; કી. ૦-૨-૦

મામા શમની વાર્તા: લેખક, મગનલાલ મહેતા; ભીલ સેવા મંડળ, દાહોદ.

૨૦૦ વર્ષનું કેલેન્ડર: (ઇ. ૧૮૦૦ થી ૨૦૦૦) પ્રયોજક તથા પ્રકાશક, તીમોથી ડી. અડવાની, અમદાવાદ.

ભારતી વડોદરા રાજ્યની માધ્યમિક શાળાઓ માટે નીકળતું પત્ર: તંત્રી અને પ્રકાશક જી. એમ. જાધવ વડોદરા. કી. ૦-૨-૦

ભગિની સમાજ, મુંબઇનો ૧૧મો વાર્ષિક વૃત્તાંત.

મારી પોતાની વાત

એક વખત ભાઈ હ—એ એક વરરાજાને ખીજવેલા. બીજા તો ઘણાની એ મશ્કરીઓ કરતા, પણ વરરાજાનું તો માન રાખશે એમ અમે માનેલું.

ચોરીમાં વરરાજા બેઠા છે. વરકન્યાના છેડા ગાઠેલા છે અને કંઈ લૌકિક, કંઇ ધાર્મિક એમ ક્રિયાઓ થઇ રહી છે. સ્ત્રીઓ ગીત ગાય છે અને સર્વત્ર હર્ષ વ્યાપેલો છે. મારા ભાઇએ હ—ના કહેવાથી વરરાજાના કસબી જોડા ચાલાકીથી ઉપાડ્યા અને ઝડપથી ભાઇ હ—ના હાથમાં પસાર કર્યા. હ—જોડા લઇને નાઠા તે વરરાજાએ આંખના પલકારામાં જોઇ લીધું. એટલા માટે તો એ હાથમાં ચાબુક લઇને જ બેઠા હતા, અને બધાંને સખ્ત નોટિસ આપેલી કે જો કોઇ મારા જોડા ઉપાડશે તો આ ચાબુકે ચાબુકે મારીશ. એવામાં આ બનાવ બન્યો.



પછી તો વરરાજા વીફર્યા. છેડા ગાંઠેલો દુપટ્ટો ફેંકી એ તો દોડ્યા હ—ની પાછળ. આગળ હ—દોડે છે ને પાછળ વરરાજા. વરરાજાને દોડવાની મુશ્કેલી ઘણી હતી, પણ એને એ ગણકારતા નથી. કસબી મોટો ઝભ્ભો, કમરબંધ, માથે કસબી પાઘડી અને ગળામાં તથા હાથે ઘરેણાં સાચવે છે, હ—ને ગાળો ભાંડતા જાય છે અને દોડ્યા જાય છે.

હ—રસ્તે જતા લોકોને એટલું જ કહેતા જાય છે કે 'જુઓ, પેલો વર ચોરીમાંથી નાઠો છે અને કોઇથી ઝલાતો નથી.' લોકો એને ટાઢો પાડવા પ્રયત્ન કરે છે; પણ વરરાજાને હ—પકડવો છે, એટલે એ કોઇનું બોલ્યું સાંભળતા નથી. પણ હ—ની દોડ મુળે જબરી હતી, અને આજે ચકરડી ભમરડી બહુ મે થઇ પણ એ ન જ ઝલાયા ને વરરાજા કાયમની મોજડીઓ ખોવાના ભયમાં આવી પડ્યા. સ્ત્રીવર્ગમાં આ વિષય પર કોલાહલ મચી રહ્યો હતો. વરપક્ષની સ્ત્રીઓને મન એમનું આ સખ્ત માનભંગ હતું. કન્યાપક્ષ ઓશિયાળો થઇ ગમે તેવો બચાવ કરી રહ્યો હતો. લડાલડી, ધાંટાધાંટ, રોકકળ થઇ રહી હતી. ઘરડાં બાધાઓ રાખતાં હતાં. ચોરી મુકીને નાઠેલા વરે જે અપશુકન કર્યાં હતાં તેની પણ ભારે ચિંતા થઈ રહી હતી.

એટલામાં ત્રીજી ચકરડીએ ભાઇ હ—ઓચિંતા એમનાં માતુશ્રીથી જ પકડાઇ ગયા અને વરરાજાના કસબી જોડા સલામત ચોરીમાં પહોંચ્યા.

હ—નો ફિટકાર તો બહુ યે થયો, પણ આમ મશ્કરીમાં 'વરરાજા ગાંડાની માફક ચાબુક લઇને જોડા સારૂ નાઠા શું?' એવો તો અભિપ્રાય સુદ્ધાં કોઇએ પ્રદર્શિત ન કર્યો. પણ હશે, હ—ને એવા ફિટકારની શી અસર થવાની હતી!

એ પછી તો ઘણા દિવસો વહી ગયા. ભાઇ હ. પરણ્યા ને અમે પણ ૧૪–૧૫ વર્ષની ઉમરે પરણ્યા. પરણ્યા પછી બધાં કહે કે હવે તો રમતો મુકી કંઇક ભણો તો ઠીક. એ શિખામણ અમે માથે ચડાવી. પરંતુ પછી પોળોની રમતો મુકી ક્રિકેટ ખેલવામા અને મૅચો રમવામાં અમારો વખત જતો. પણ અમારા વખતની મૅચો કે ક્રિકેટો સોંઘી બહુ. ચામડાનો બૉલ ચાલે, ને મૅચોમાં સામાવાળા હારે તેનાં સ્ટંપ બૅટ જીતી લાવીએ તેથી છએક મહિના નભતું.

વાંચનનો શૉખ મારા મોટા મામાને ઘેરથી

લાગેલો. તોપણ અભ્યાસ બહારની પહેલીવહેલી ચોપડી મેં કઇ વાંચી એ સાંભરવું અશક્ય છે. ગજરામારૂ, સદેવંત સાવળીંગા, ગુલબંકાવળી (અરધી), શંકરદેવ અને દેવળદેવીનો સંવાદ, શંકરપાર્વતી (બીલડી રૂપે), અમદાવાદના બાર દરવાજાનું વર્ણન, ભજન સંગ્રહ, શ્રી ચતુર મનોરંજક ગરબાવળી, ઓખાહરણ, નળાખ્યાન, અભિમન્યુનો ચક્રાવો, શામળભટ્ટના છપ્પા, નરસિંહ મહેતાનું મામેરૂં વગેરે ચોપડીઓ ગુજરાતી ભણતો હતો તે વખતની વાંચેલી અત્યારે યાદ આવે છે.

મોટા મામા (સ્વ. વરજરાય સાકરલાલ વકીલ) ને ઘેર બુદ્ધિપ્રકાશ, હિતેચ્છુ, હિંદુસ્તાન, શમશેર બહાદુર, જ્ઞાનસુધા વગેરે સામયિક પત્રો આવતાં તે હું વાંચતો, અને દલપતકાવ્ય, નારાયણ હેમચંદ્રનાં પુસ્તકો વગેરે એમની લાયબ્રેરીમાંથી અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં આવ્યો તે દરમ્યાન વાંચી કાઢયાં હતાં.

એ વખતે બુદ્ધિપ્રકાશ મને બહુ જ ગમેલું. એનાથી બુદ્ધિનો પ્રકાશ વધે છે એમ મને પોતાના અનુભવથી લાગેલું. 'જીવનગતિ નિર્ણય' નામની ઘણુંકરીને 'જયન્ત'ની તખલ્લુસથી લખાતી લેખમાળાએ તો મારા મન પર કાયમની અસર કરી છે. 'હિતેચ્છુ' પણ હું નિયમિતપણે વાંચતો અને 'હિંદુસ્તાન'નો મુદ્રાલેખ તો મને એટલો બધો ગમેલો કે પાછળથી મેં મારી નોંધપોથીમાં પણ એ નોંધી રાખ્યો છે. એનો મુખ્ય ભાગ નીચે પ્રમાણે હતોઃ

જો સચવાય સ્વતંત્રપણું જ,
ભલે, ભવ નિર્ધનના સહીએ જી;
ઉન્નતિ દેશતણી થતી હોય જ,
ભોજન, ઉંઘ, જજો કહીએ જી.

એ હિંદુસ્તાન, હાલ પ્રજામિત્ર પારસી ભેગું ભળી ગયું છે તે નહિ, પણ સ્વ. વનમાળી લાધારામ નામના એક ઉત્સાહી તંત્રી ચલાવતા તે. સંસાર સુધારો, રાજ્ય, સાહિત્ય, નાટક, ગ્રંથાવલોકન, ધર્મ વિચાર વગેરે વિષયો એમાં ચાલુ બનાવો ઉપરાંત સારા આવતા અને હું એ ખુબ રસથી વાંચતો હતો.

પરંતુ મામાને ઘેર વાંચવામાં બહુ વખત ફાવ્યું નહિ અને વરસ–દોઢ વરસથી વાંચનનું વ્યસન તો પડી ગયું હતું. આખરે ભાઇ હ—ને જ મેં મારી મુંઝવણ જણાવી. એમણે મને કહ્યું કે 'લાયબ્રેરીઓમાં મફત વાંચવાનું મળે છે; ચાલ તને એવી એક લાયબ્રેરી બતાવું.' એમ કહી એ મને રાયપુર દરવાજે ચકલેશ્વર મહાદેવ પાસે આવેલી તે વખતની આપારાવ ભોળાનાથ લાયબ્રેરીમાં લઇ ગયા. જે અનેક બાબતોમાં ભાઇ હ—નો હું ઋણી છું, તેમાં સૌથી વધારે ઋણી આ લાયબ્રેરી બતાવવા માટે છું.

લાયબ્રેરીઓ કાઢનાર કેવું મોટું પુણ્ય હાંસલ કરે છે તેનો પણ મને એ વખતે ખ્યાલ આવ્યો. આપારાવ ભોળાનાથ કોણ હશે તે તો હું નહોતો જાણતો, પણ એમનો ઉપકાર તો દરરોજ મારા મનમાં માન્યા જ કરતો હતો.

મામાના ઘર ઉપરાંતનાં ગુજરાતી, મુંબાઇ સમાચાર, હિંદી પંચ, સુદર્શન વગેરે છાપાં મેં આ લાયબ્રેરીમાં જોયાં, અને જોયાં ત્યારથી જ એ બધાં 'ગુજરાતી' મથાળાથી તે આ પત્ર ફલાણેફલાણે સ્થળે ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ છાપ્યું ત્યાં સુધીનું લખાણ નિયમિતપણે વાંચી જતો! બધાં પત્રો એ જ પ્રમાણે, સમજણ પડે કે ન પડે તોપણ, વાંચતો અને એનાથી હું અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં આવ્યો ત્યાં સુધીમાં તો મારૂં સામાન્ય જ્ઞાન ઘણું વધ્યું હતું.

અમદાવાદ ન્યૂ ઇંગ્લિશ સ્કુલમાં હું ભણતો હતો. જીવકોર લલ્લુભાઇ ન્યૂ ઈંગ્લિશ સ્કુલના નામથી એ હાલ ઓળખાય છે. હવે તો એને પોતાનું મકાન છે, પણ તે વખતે એ કાળુપુર ટંકશાળમાં ભાડાના મકાનમાં હતી.

એક મરાઠા કસરત માસ્તર નવા આવ્યા હતા અને પોતાના હૃષ્ટપુષ્ટ અને મજબુત શરીરથી એમણે તે વખતના શિક્ષકો તેમ જ વિદ્યાર્થીવર્ગનું ખુબ ધ્યાન ખેંચ્યું હતું. અમારી નિશાળમાં કસરતશાળા પણ એ માસ્તરના આવ્યા પછી થઇ અને ડબલ બાર, સિંગલ બાર, ડિંચકા, સાંકળો, સીડી અને પાટિયું વગેરે નવાંનવાં સાધનો અમને બહુ જ ગમવા લાગ્યાં.

પહેલું ટોળું જે આ કસરતશાળામાં દાખલ થયું તેમાં હું પણ હતો. નિયમિત હાજરીથી, કસરતના દાવ એક પછી એક શીખવાથી અને લશ્કરી તાલીમના જેવા સખ્ત નિયમોને વશ થવામાં જરા પણ આનાકાની નહિ કરવાથી હું થોડા જ સમયમાં કસરત માસ્તરની પ્રીતિનું પાત્ર થઇ શક્યો.

શરૂઆતમાં એકાદ નવો દાવ શીખીએ કે શરીરનું અંગેઅંગ આઠ દિવસ સુધી કળે. છતાં ધીરજ રાખી, દુઃખને નહિ ગણકારતાં એનાથી ટેવાઇ જવાની શિખામણ કસરત માસ્તર અમને આપતા. એ જ કસોટીનો સમય હતો. કોઇ પણ ચીજની નવીનતા ઝાઝો વખત નથી રહેતી અને આટલા ટુંક વખતના દુઃખથી પણ ઘણા હારી જાય છે. હું નવીનતા જવા છતાં કસરતના ખરા ગુણને લીધે ટકી રહ્યો, અને શરીર કસરતથી ટેવાઇ રહે ત્યાં સુધી અવયવોને જે દુઃખ થયું તે થવા દીધું. પણ એવી રીતે ટકી રહેનાર ચારપાંચ વિદ્યાર્થીઓથી વધારે નહોતા. માસ્તરે પણ થોડી સંખ્યાથી હારી ન જતાં અમને ચારપાંચ જણને પોતાના ઉત્તમોત્તમ દાવ શીખવ્યા.

કસરતશાળાની કસરતથી એકેએક અંગ જેવું કેળવાતું તેવું ક્રિકેટ કે બીજી દેશી કે પરદેશી રમતથી કેળવાતું હોય એમ મને ન લાગ્યું, અને આમાં સમય પણ ઘણો બચતો.

પંદરવીસ મિનિટમાં દાવ થઇ જતા. એ સમયમાં વખત બચાવવાની પણ મારે ઘણી જરૂર હતી, કેમકે ભણતાંભણતાં મારે કંઇક કમાવું પડે એમ હતું. મારા બાપા હવે પેન્શન લઇને ઘેર આવ્યા હતા અને એ દસ રૂપિયાની માસિક આવકમાં કુટુંબનું ગુજરાન ચલાવવું મુશ્કેલ હતું.

કસરત પહેલાં, અજીર્ણ, માથું દુખ્યા કરવું, જરાજરામાં શરીરનું બગડવું વગેરે ચાલ્યા કરતું, પણ કસરત પછી એ નાનીનાની ફરિયાદો તો ગઇ જ, ઉપરાંત ભારે રોગો સામે થવાની પણ તાકાત આવી. સ્નાયુઓ હૃષ્ટપુષ્ટ થતા જોઇને આનંદ થતો હતો. આળસ તો જે દિવસથી અખાડામાં પગ મુકયો તે દિવસથી ગયું તે હવે આવશે.

એએક વર્ષમાં શરીરનો બાંધો મજબુત અને લઠ્ઠ બન્યો અને શરીરબળ સાથે મનોબળ પણ આવી ગયું. બીક લાગવાની કુટેવ, મને લાગે છે કે આપણી ગૃહશિક્ષણની ખામીમાંથી ઉદ્ભવે છે અને તે પણ મારામાં હતી. ભૂત, પ્રેત, ચોર, બાવા વગેરે બીકો કસરત કરવાથી ગઇ અને પછી તો પાછલી રાતનાં ચારચાર વાગ્યે ઉઠીને હું એકલો કાંકરિયે ફરવા જવા લાગ્યો.

હરિપ્રસાદ દેસાઇ

ગાજવીજ

વિજ્ઞાનની શોધ પાછળ મચ્યા રહેનારા ધીરેધીરે વાયુશાસ્ત્રને લગતા સવાલોમાં પણ ઉંડા ઉતરવા લાગ્યા છે. વાતાવરણમાં થતા અનેક ફેરફારોના ભેદ ઉકેલતાંઉકેલતાં તેઓ ગાજવીજ કેમ ને શા માટે થાય છે તેની શોધખોળ પણ કરી રહ્યા છે.

ગાજવીજ એ માત્ર કુદરતનાં યંત્રોની એક પ્રકારની ક્રિયા જ છે. આ કુદરતી યંત્રો તે વાદળાંઓ અને તેને ચલાવનાર શક્તિ તે પવન. પવનને લીધે જ્યારે એ વાદળાં રૂપી યંત્રને ગતિ મળે છે ત્યારે તેમાંથી તણખા ઝરે છે. આ તણખા આપણને વિજળીના ચમકારા રૂપે દેખાય છે અને તેનો અવાજ મેઘગર્જનાના કડાકા રૂપે સંભળાય છે.

વાદળામાંથી તણખા શા માટે ઝરે છે એનો કોયડો બેન્જામિન ફ્રાંકલિને ૨૦૦ વર્ષ ઉપર ઉકેલ્યો. તેણે શોધી કાઢયું કે આ તણખા તે આકાશમાં ઉત્પન્ન થતી વિજળી છે. પણ વાદળાંમાં એ વિજળી આવી ક્યાંથી, એ સવાલનો હવે આપણે વિચાર કરીએ.

મેઘાડંબર ચડી આવતો તો સૌએ જોયો હશે. એ વેળા વાદળાંનાં મોટમોટાં મોજાંના ગોટગોટ આકાશમાં વેગથી ચડતા દેખાય છે. એ વાદળાં જમીનથી થોડાક હજાર ફીટની ઉંચાઇએથી ચડતાં-ચડતાં આકાશમાં ઠેઠ પાંચપાંચ માઇલની ઉંચાઇ સુધી ચડી જાય છે. જમીન ઉપરનો ઠંડો ભારે પવન વાદળાં તરફ ધસે છે, અને તેમાં ભરાઇને તેને ઉંચે ને ઉંચે ધકેલતો જાય છે. ધોધમાર વરસાદ કે કરા પડે છે તે આનો પુરાવો છે, કેમકે એટલી બધી ઉંચાઈ સુધી ચડયા વિના હવામાંની વરાળ ઠંડી પડીને તેનું પાણી બને નહિ. એ પાણી ઉંચે વધારે વખત રહે તો તેના કરા બંધાતા જાય છે.

પાણી જ્યારે ઘણી ઉંચાઇએથી નીચે પડે છે ત્યારે તે વિખરાતું જઇને તેનાં નાનાંમોટાં ટીપાં થઇ જાય છે. એ વરસાદ. વરસાદનાં કેટલાંક ટીપાં તો હોઢહોઢ ઇંચ જેવડાં મોટાં હોય છે. પાણીની નીચે પડવાની ઝડપ માપતાં એમ સિદ્ધ થયું છે કે હોઢ ઇંચ મોટાં ટીપાં નીચે પડતાં હોય ત્યારે તેનો વેગ વધુમાં વધુ દર સેકંડે ૨૪ ફુટ જેટલો હોય છે.

હવે જો હવા ૨૪ ફુટની ઝડપે નીચેથી ઉપર

ચડતી હોય તો તો આ ટીપાં નીચે પડી જ ન શકે, કેમકે સામસામી સરખી ગતિ થઇ. પવનની ગતિ ઓછી હોય તો જ પાણીનાં ટીપાં નીચે પડી શકે; અને તે પણ મોટાં ભારે ટીપાં. નાનાં ટીપાં તો પવનની ગતિને લીધે ઉપર ને ઉપર જ રહી જાય છે.

પણ આ પાણી, હવા, વાદળાં વગેરેની વાતોમાં અત્યાર સુધી વિજળીની વાત તો આવી જ નહિ. વિજળીની ઉત્પત્તિ આકાશમાં કેમ થાય છે તે ઠેઠ ૧૯૦૯ની સાલ સુધી તો કોઈ જ કળી શક્યું નહોતું. ઇ. સ. ૧૯૦૯માં સીમલાની વેધશાળાના મુખ્ય અધિકારી મી. સિમ્પ્સને સીમલામાં પાણીનાં ટીપાંઓ ઉપર પોતે કરેલા પ્રયોગોનું વર્ણન પ્રસિદ્ધ કરી જણાવ્યું કે ઉપરથી પડતાં પાણીનાં મોટાં ટીપાં વિખરાઇને તેનાં નાનાંનાનાં ટીપાં થતાં જાય છે તેમતેમ એ નાનાં ટીપાંઓમાં પૉઝિટિવ વિજળી ઉત્પન્ન થાય છે, અને આસપાસની હવામાં નેગેટિવ વિજળી ઉત્પન્ન થાય છે. આ નાનાં ટીપાં ઉંચે ચડતી હવાના ધક્કાને લીધે ફરી પાછાં ઉંચે ચડવા લાગે છે અને ત્યાં વળી પાછાં અનેક નાનાં ટીપાં ભેગાં મળી મોટાં ટીપાં રૂપે બંધાય છે; ફરી પાછાં તે નીચે પડતાં તેનાં નાનાં ટીપાં બની તેમાંથી પૉઝિટિવ અને નેગેટિવ વિજળીઓ ઉત્પન્ન થાય છે. આમ મોટાંમાંથી નાનાં અને અનેક નાનાંમાંથી ફરી મોટાં ટીપાં થવાથી વિજળીક શક્તિ અત્યંત વધી પડે છે અને તેનું દબાણ પણ ખુબ વધતું જાય છે; તે એટલે સુધી કે વાદળામાં સમાતી પણ નથી. પરિણામે આસપાસની હવા જેમાં નેગેટિવ વિદ્યુતશક્તિ ઉત્પન્ન થઇ હોય છે તેની સાથેનાં કે પૃથ્વીના કોઈ ભાગ સાથેનાં ઘર્ષણથી પાણીનાં ટીપાં ભરેલાં એ વાદળાં અથડાવાથી વિજળીનો ચમકારો થાય છે.

એમ અડસટવામાં આવ્યું છે કે દુનિયામાં વરસે દહાડે ૧,૬૦,૦૦,૦૦૦ વાવાઝોડાં થાય છે. કોઇ પણ ક્ષણે એકસામટાં ૧૦૦૦ તોફાનો તો પૃથ્વીની આસપાસ ચાલુ જ હોય છે, અને દર સેકંડે પૃથ્વી ઉપર વિજળીના ૧૦૦ ચમકારા તો દેખાયા જ કરે છે. બીજા ગ્રહો ઉપરના તીક્ષ્ણ દૃષ્ટિવાળા વાસીઓની નજરે આપણી પૃથ્વી વિજળીના ચમકારાઓથી વીંટાએલી દેખાતી હશે!

વિજળીના એક ચમકારામાં વિજળીનું પ્રમાણ સરેરાશ ૨૦ કોલંબ, એટલે કે વિજળીના એકાદ સાધારણ દીવામાં એક મિનિટમાં વપરાય એટલા વિજળીના પ્રવાહ જેટલું જ હોય છે. આટલી ઓછી વિદ્યુતશક્તિ હોવા છતાં એ આકાશી વિજળીનો એક જ ઝબકારો કે ઝપાટો કોઈ ઝાડ, મકાન કે માણસને જમીનદોસ્ત કરી ભારે ભયંકર પરિણામ લાવી શકે છે એનું કારણ શું?

કારણ એ જ કે એટલી ઓછી વિજળીની પાછળ રહેલું બળ બહુ ભારે હોય છે. વિજળીના એવા એક સામાન્ય પ્રવાહની પાછળ એક અબજ વોલ્ટનું દબાણ હોય છે! એ દબાણને લીધે જ એ વિનાશક બને છે. દાખલા તરીકે બંદુકની ગોળી કદમાં ઘણી જ નાનકડી હોય છે અને વજનમાં પણ બહુ ભારે નથી હોતી; છતાં તે બંદુકમાંથી અતિશય વેગથી છુટતી હોવાને લીધે એ વેગના દબાણના કારણે જ પ્રાણઘાતક બને છે. તેવું જ વિજળીનું. એનો પ્રવાહ ઓછો હોય છે, પણ એની પાછળ રહેલું એક અબજ વોલ્ટનું દબાણ એને ભયંકર બનાવી મુકે છે.

પ્રત્યેક દસ સેકંડે થતા વિજળીના આવા એક ચમકારામાં દસ લાખ ઘોડાબળ (હોર્સપાવર) જેટલી શક્તિ ઉત્પન્ન કરતા ઇલેક્ટ્રિક ડાયનેમાનું બળ હોય છે. માણસજાતે અત્યાર સુધી બનાવેલા દુનિયાના મોટામાં મોટા ડાયનેમા કરતાં એ દસગણું હોય છે. એ શક્તિ આકાશમાંથી પરભારી જ ઉતારીને માનવજાત તેને ઉપયોગમાં લેશે—ફાવશે ત્યારે વાપરશે, ફાવશે ત્યારે રજા આપી શકશે, એવો વખત પણ આવે તો નવાઇ નહિ! (અંગ્રેજી ઉપરથી)

સ્વીકાર

છત્રપતિ શિવાજી મહારાજ: લેખક, કકલભાઈ કોઠારી; પ્રકાશક, અમૃતલાલ દલપતભાઇ શેઠ, સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર, રાણપુર; કી. ૦-૧૦-૦ **રઢિયાળી રાત:** ભાગ ત્રીજો, સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, ઉપર પ્રમાણે કી. ૦-૮-૦ **દશ લાખનો દલ્લો:** લેખક, રમણિકલાલ જ. મહેતા; પ્રકાશક, આર. રૉય ઍન્ડ કં. કાંદાવાડી, ગીરગામ, મુંબાઇ નં. ૪; કી. ૨-૦-૦ **[illegible]** લેખક, વસનજી જી. દેસાઇ, સ્કાઉટ માસ્તર; પ્રકાશક, [illegible] ટાવર પાસે, નવસારી. કી. ૧-૦-૦

ફુલવાડી

વ્હાણુલાને વધામણે

: શાલિની-માલિની-મન્દાક્રાન્તા-સ્ત્રગ્ધરા વૃત્ત :

૧

ધીમે ધીમે ચન્દ્ર નિસ્તેજ થાય,
ગગન ગહન ઓથે તારલાઓ છુપાય;
માળા માંહી ઉઠીઉઠી હવે પક્ષીઓ ગીત ગાય,
ઉંડે ઉંડે ગભીરા કલરવ દૂરના ગામડેથી સુણાય.

૨

ઠંડો ઠંડો વા સુવાસિત વાય,
પ્રબળ પવનલ્હેરો વાંસળી ગેબી વા'ય;
બાલુડા શું હસતું મધુરૂં વ્હાણલું રમ્ય વાય,
પુત્રપ્રાપ્તિ પ્રસંગે પૂરવ પટલમાં સાથીઆ શા પુરાય!

૩

રે બીડાતી કલાન્ત આ કુમુદિની,
વિરહ થકી પીડાતી પોયણી પ્રેમભીની;
કિન્તુ પેલી કમલિની જુઓ નાચતી કુદતી શી!
સ્વામીસંયોગ આરો નવવધૂ સરખી આજ આનંદતી શી!

૪

પુષ્પેપુષ્પે ષટ્પદો મત્ત ગુંજે,
સકલ રસિક સૃષ્ટિ વિશ્વસૌન્દર્ય પૂજે;
સૌને વ્હાણું ગજબ અરપે લ્હાણું આશા તણું કૈં,
સર્વે સાનન્દ ગાયે, નભ, વન, સર આ, ગાન ઉત્કર્ષનું કૈં.

૫

: અનુષ્ટુપ :

માતાનો હર્ષ ના માય, આવે જો પુત્ર બારણે;
પ્રકૃતિ એમ ઓવારે વ્હાણુલાને વધામણે.

ચતુરભાઈ શંકરભાઈ પટેલ

ૐ

નિસર્ગદર્શનનાં જે થોડાંક રમ્ય કાવ્યો આપણા સાહિત્યમાં છે તેમાંનાં શ્રેષ્ઠની પક્તિમાં આવી શકે એવું ઉપલું કાવ્ય ચારેક વર્ષ પહેલાં 'વસન્ત'માં પ્રકટ થયું હતું. એમાં પ્રભાતની રમણીયતા ચીતરતા અદ્ભુત વર્ણનરસ સાથે મનોરમ કાવ્યભાવ, સુંદર કલાવિધાન, અને એ બંને સાથે એકરૂપ થઇ હીંચોળા લેતી નવમધુરી છન્દરચના છે.

પ્રભાત જાણે ધીમેધીમે ફુટતું આવતું હોય,—પ્રથમ આછું સાન્ધ્યતેજ, પછી ઉષાદર્શન, પછી અરુણરેખા અને છેવટે સંપૂર્ણ સૂર્યપ્રભા-એમ પ્રભાતવર્ણનના આ કાવ્યની પણ પ્રત્યેક કડી પહેલી પંક્તિથી ધીમા ડગ માંડતી છેલ્લી પંક્તિએ સંપૂર્ણત્વ પ્રાપ્ત કરી જાણે આપણા હૃદયમાં ધીમેકથી પ્રવેશતી લાગે છે. પ્રથમ પંક્તિ શાલિનીની, બીજી માલિનીની, ત્રીજી મન્દાક્રાન્તાની અને ચોથી સ્ત્રગ્ધરાની ગોઠવીને (કાવ્યશાસ્ત્રના પિંગળના નિયમ પ્રમાણે પણ એ ચારે છન્દ એક જ પ્રકારના ચડતી ઉતરતી પંક્તિના છે) કવિ પોતે નિસર્ગદર્શનમાં જે સૂક્ષ્મ કાવ્યભાવ અનુભવે છે તેને જ આબાદ આલેખીને વાચકના હૃદયમાં કેવી અદ્ભુતતાથી પ્રવેશ કરાવે છે!

પહેલી કડી જ કેટલું રમ્ય ચિત્ર ખડું કરે છે! અને એમાં નૈસર્ગિક ક્રમ પણ કેટલો આબાદ અને ઉચ્ચ કાવ્ય-ભાવ સાથે સાચવ્યો છે! પહેલું ચન્દ્રતેજ ફિક્કું પડે છે, પછી તારલાઓ છુપાતા જાય છે, પછી માળાનાં પક્ષીઓ કલરવ કરે છે, અને એ અરસામાં ધીમેધીમે દૂરના ગામડાનો ઉંડોઉંડો ગભીર કલરવ સંભળાતો જાય છે.

બીજી કડીમાં પ્રભાતના આનન્દની શરૂઆત શાલિનીના નાના છન્દથી ધીમેધીમે થતી આવી, સ્ત્રગ્ધરાના સંપૂર્ણ છન્દમાં સંપૂર્ણતાએ પહોંચે છે. શાલિનીની પહેલી લીટી ધીમેથી ઠંડો સુવાસિત વા ફેલાવે છે; શાલિનીથી 'પ્રબળ' માલિનીની બીજી લીટીમાં 'પવનની પ્રબળ લ્હેરો ગેબી વાંસળી વા'ય છે.' એ એથી વધતી મન્દાક્રાન્તાની ત્રીજી લીટીમાં પહેલી બે લીટીઓનો આનંદ વ્હાણુલાના બાલહાસ્ય સ્વરૂપે ફુટી નીકળે છે અને ચોથી સ્ત્રગ્ધરાની લીટી 'પૂર્વના પટલમાં સાથીઆ પુરી'ને પુત્રપ્રાપ્તિના એ આનન્દને અવધિએ પહોંચાડે છે. વળી આ કડીની પહેલી ત્રણ લીટીને છેડે 'વાય' શબ્દ ત્રણ જુદાજુદા અર્થમાં આવેલો છે.

ત્રીજી કડીમાં બે ભાવ ચીતરાયા છે. પૂર્વાર્ધમાં એકના વિરહની વેદના અને ઉત્તરાર્ધમાં બીજાના સંયોગનો આનન્દ. પૂર્વાર્ધની પ્રથમ લીટીના વિરહની 'કલાન્ત'તા બીજી લીટીમાં 'પીડા'નું સ્વરૂપ ધરે છે; ઉત્તરાર્ધની પ્રથમ લીટીમાં નાચતી કુદતી કમલિનીના સંયોગના આનન્દને બીજી લીટીમાં 'આરો' આવી જાય છે.

ચોથી કડીમાંનું સૃષ્ટિના આનન્દનું રમ્ય ચિત્રદર્શન મત્ત ષટ્પદોના ગુંજનથી શરૂ થઇને છેલ્લી લીટીમાં 'સાનન્દ ગાન ગાતાં નભ, વન, સર—સર્વે'માં કેટલું સંપૂર્ણતાએ પહોંચે છે!

કાવ્યને સંપૂર્ણતા અર્પવી હોય, અવધિને આરે પહોંચાડવું હોય, રસપ્યાલાની છલોછલ ટોચ ભરવી હોય, તો ગમે તે છન્દના કાવ્યને છેડે અનુષ્ટુપની કડી મુકી દેવી! આ કાવ્યમાં કવિએ પ્રભાતવર્ણન કરી રહીને કાવ્યરસનું સ્હેજ અધુરૂં રહેલું પ્યાલું પ્રકૃતિમાતાના નિઃસીમ આનન્દના વર્ણનરસના અનુ-ષ્ટુપ વડે છલોછલ ભરી દીધું છે.

વેર

'અરેરે ગજબ થઇ ગયો. કેવી ભલી બાઇ! જાણે સ્વાર્પણની મૂર્તિ! રાંકના રતન જેવો એકનો એક દીકરો છે;–હજી નાનો બાળ છે. કુટુંબમાં બીજું કોઇ નથી. તેની સંભાળ કોણ લેશે?'

'તે ખુબ રડતો હશે, નહિ વારૂ? રડે જ ને? બીચારો નિરાધાર થઇ ગયો.'

'ના, ના, રડતો તો કાંઈ નથી. પણ તેમાં શી નવાઇ? બાળકને શી ખબર હોય?'

'પણ પછી સર્પનું શું થયું?'

'સર્પને પકડીને દૂર મુકી આવ્યા. કેટલાકે મારી નાખવાનું કહ્યું. જુઓ તો ખરા, આટલા નાના છોકરામાં શી સમજણ! કહે કે, 'સર્પ તો ઘણા યે હશે; કેટલાકને મારશો?' . . . . ભાઇ બોલ્યા, 'ત્યારે કરડવા દેવા ને મરવું?' છોકરે જવાબ આપ્યો, 'હું એમ કયાં કહું છું? હું તો કહું છું કે આપણે આ ઉકરડા વગેરે દૂર કરીએ તો સર્પ રહે કયાં? અને —કાકા, આપણા દાક્તર તો બહુ હોશિયાર છે. ઘણાંને સાજા કરે છે. એ સર્પની દવા કેમ નથી રાખતા?

ॐ

'આ તેજસ્વી યુવાન કોણ છે? અહા, તેનું લલાટ કેવું ચમકે છે! શરીર પણ કેવું સુદૃઢ અને સુંદર છે! તેમાં વસતો આત્મા પણ સુંદર જ હશે.'

'તે અમારી શાળાનું ભૂષણ ગણાય છે.'

'તેનાં માબાપ કોણ છે?'

'માબાપ ઘણાં વરસ થયાં ગુજરી ગયાં છે.'

'અરેરે ત્યારે તો નિરાધાર! એનું પોષણ કોણ કરે છે?'

'પોતાની જાતે. પણ એને માટે તમે 'નિરાધાર' શબ્દ ન વાપરતા. વિનયમૂર્તિ હોવા છતાં એવો શબ્દ સાંભળવા એ તૈયાર નથી.'

'પોતાની જાતે કમાઇને ભણનારા અમેરિકા જેવા દેશોમાં છે. આપણે ત્યાં એવું કયાં છે?'

'આપણે ત્યાં યે છે. શરૂઆત આના જેવાએ કરી દીધી છે.'

'તે શું કામ કરે છે?'

'તે સુતારકામ જાણે છે. ખુદ એ ધંધાના માણસો કરતાં પણ અનેકગણી સુંદર વસ્તુઓ બનાવે છે, અને તેની માગણી ખુબ રહે છે. વળી તેણે આપણે ત્યાં (Wood-cut) લાકડાં ઉપર ચિત્રોનાં બીબાં કોતરવાનો હુન્નર ચાલુ કર્યો છે. કળા અને કારીગરીનો કેવો સુંદર યોગ! તે દ્વારા એણે કેટલાક સુંદર વિચાર આપણને આપ્યા છે. વર્તમાનપત્રાદિ સાહિત્યમાં તેને માટે પુષ્કળ અવકાશ છે.'

ॐ

'રમેશ, તમે બી. એસસી. થઇને શું કરવાના?'

'ભાઇ, બીજું શું? હમણાં હાઇસ્કૂલોમાં સાયન્સ દાખલ થયું છે તેથી સારો ચાન્સ મળે તેમ છે.' રમેશે જવાબ આપ્યો.

'અને મધુસૂદન, તમારો શો વિચાર છે?' ચંદ્રકાંતે પુછ્યું.

'આપણને પણ પચાસ–સાઠ ગમે ત્યાંથી મળી જાય એટલે સંતોષ.'

આખી સંસ્થામાં માત્ર એક જ વ્યક્તિ હતી જેને મન વિજ્ઞાનનું મહત્ત્વ વધારે હતું, જેને તેનો ઉપયોગ મનુષ્યજાતિના કલ્યાણ માટે કરવાની અહેચ્છા હતી.

ॐ

'કેમ રૂસ્તમ, પેલા — એ તને દગો દીધો તેનું શું કર્યું?'

'એ તો દોસ્ત અબ્દુલ, તું આપણો સ્વભાવ કયાં નથી જાણતો? આપણું સૂત્ર તો Tit for tat. 'તારા ડાબા ગાલ ઉપર કોઇ તમાચો મારે તો જમણો ગાલ ધરજે' એ ઇસુખ્રિસ્તના ઉપદેશ પ્રમાણે ચાલવાની મારામાં શક્તિ નથી.' રૂસ્તમે નિખાલસ જવાબ આપી દીધો.

'રૂસ્તમ, એ નબળાઇ માત્ર તારામાં જ નથી. મને ઘણું થાય છે કે હું આમ ન કરૂં, પણ પ્રસંગ આવે છે ત્યારે ભાન ભુલી જવાય છે.' અબ્દુલે કહ્યું.

'પણ શ્રીનિવાસ, તમે તમારા વેરની વાત કરતા હતા તે તો કહો.' રૂસ્તમ બોલ્યો.

'શ્રીનિવાસને વેર! એ માની જ કેમ શકાય?' રૂસ્તમ બોલી ઉઠયો.

'હા, ભાઇ, હા,' શ્રીનિવાસે હસતાંહસતાં કહ્યું. 'મારે પણ એક વેર છે.'

[અનુસંધાન પાન ૩૦૧ના પહેલા કાલમને છેડે]

બાળવિભાગ

બરફીપુરીનો રાજા

રતનનો આજે જન્મદિવસ હતો. તેને સાત વર્ષ પુરાં થયાં. પાડોશીઓએ અને સગાંઓએ તેને સારીસારી ચીજો ભેટ આપી. તેના કાકાએ થાળી ભરીને બરફી મોકલી.

રતન તો કહે, 'આહા! મજા પડી. મને તો બરફી જ બહુ ગમે.' તે તેની બાએ સાંભળ્યું અને રતન બહુ ગળચુડી હતી એટલે શિખામણ આપી કે 'જો બેટા, બહુ ન ખાતી. લાવ એક કોરે મુકી દઉં. તને રોજ થોડીથોડી આપીશ. એક સાથે બહુ ન ખાઇએ.' એમ કહીને બાએ તેને એક મોટું ચોસલું આપીને થાળ હાથમાં લીધો.

'બા, અં . . . બા, એ તો મારે માટે છે ને? તો મારી પાસે જ રહેવા દેને! હું બહુ નહિ ખાઉં!'

'ના, મારું કહ્યું માન!' એમ કહીને તેની બાએ થાળ ખાલી કરી એક ડબામાં બરફી મુકી. 'જા, હવે બહાર રમવા જા.'

પણ રતન તો ન ગઇ અને કોઠારની પાસે મોં ચડાવીને બેઠી. 'એક ચોસલું વધારે ખાઇએ તેમાં શું થાય?' એમ બબડતી બબડતી બાની પાછળ ગઇ ને એ ડબો ક્યાં મુકે છે તે જોઈ રાખ્યું. બા જરા આઘીપાછી થઇ એટલે રતને તો કોઠારમાં જઇ છાજલી આગળ ચડીને પેલો ડબો લીધો ને કોઠારમાંથી બહાર આવી પોતાના ગાદલા તળે તેને સંતાડી દીધો કે કોઇને ખબર જ પડે નહિ.

રાત પડી ત્યારે અંધારામાં તેણે ડબો કાઢીને બરફીનું એક ચોસલું મોંમાં મુક્યું. પછી બીજું લીધું. પછી ત્રીજું. છેવટે ખવાય જ નહિ એમ લાગ્યું ત્યારે રહી. ડબો અરધો ખાલી થઈ ગયો હતો.

એમ કરતાં તેની આંખ મીંચાઇ ગઈ, અને જુએ છે તો પોતે કોઇ મોટા રણમાં આવી પડી છે! અરેરે! હું ક્યાં આવી? આવું રણ ક્યાંથી આવ્યું? એ રણ જુએ તો રેતીનું કે કાંકરાનું નહોતું. જમીન ઉપર ઘાસને બદલે સુતરફેણી હતી. ઝાડ બધાં સક્કર લાકડીનાં જ હતાં. તેના પરથી ટપકતાં ટીપાં સાકરની ચાસણીનાં જ હતાં. આઘે ડુંગર જુઓ તો ગોળની મોટીમોટી શિલાઓનો જ બનેલો!

આ જરૂર દેવતાઈ દુનિયા છે એમ રતનને લાગ્યું. તે સુતરફેણીના બાચકા ભરી મોંમાં મુકવા લાગી, ને ઝાડ પરથી ચાસણી ચાટવા માંડી. કોઇ તેને રોકનાર જ મળે નહિને!

પણ થોડી વારે તેણે ત્યાંનાં માણસો જોયાં, પણ તે બધાં નરી સાકરનાં! આંખો લાલ હીરા જેવી ચમકે અને લુગડાં પણ ગંદી રોટલી જેવાં. તેમનાં ઘર જોયા હોય તો ત્યાં પણ ગોળ અને સાકર વિના બીજું કશું મળે નહિ!

'આ લોકોનાં ઘર કોઇ ખાઈ નહિ જતું હોય?' એવી તેને શંકા થઇ. પણ તેમની લાલ આંખો જોઇ એ પાસે ગઇ નહિ. એ તો વળી પાછી સક્કર લાકડી તોડીને ખાવા લાગી.

એટલામાં તેની નજરે દૂર એક ગઢ દેખાયો. તે બધો મીઠાંમીઠાં ચોસલાંનો જ હોય એમ લાગ્યું. ગઢનાં કાંગરા પર રાતીપીળી પીપરમીટના ટીકડાઓ હતી.

આવું મજાનું તો કોઇ દિ' મેં જોયું નથી એમ વિચાર કરતી રતન જરા આગળ ગઈ તો એકલા માવાના બનેલા કેટલાક સિપાઇઓ ઉભા હતા. રતને તો એક જણનો હાથ તોડીને મોંમાં મુકયો. એ તેને ગળ્યો તો લાગ્યો પણ તરત તેણે રાડ પાડી. સામેના કિલ્લા ઉપરથી એક ઘંટ વાગવા માંડયો, જાણેકે કંઈ ભયંકર બનાવ બન્યો ન હોય! રતન બીવા માંડી, પણ હવે શું થાય?

જોતજોતામાં કેટલાક સાકરિયા સિપાઇ તેને ઘેરી વળ્યા. તેમણે તેને કહ્યું કે 'તેં મોટો ગુનોહ કર્યો છે. માટે સામે બરફીપુરીનો કિલ્લો છે ત્યાંના રાજાના હુકમથી અમે તને પકડીને લઇ જઇશું.'

એમ કહી સિપાઇઓ તેને પકડીને ગઢમાં લઇ ગયા. દરવાજામાં પેસતાં જ જુએ તો સાકરના થાંભલા-વાળાં મકાનો, બદામના રોટલાનાં છાપરાં અને પેંડાથી તો રસ્તો લાદેલો !

દીવાળીમાં સાકરના બંગલા થાય છે એવા એક મોટા સિંહાસન પર રાજાજીને બેઠેલા તેણે જોયા. રતનના મનમાં તો જાણે હમણાં વઢશે—હમણાં વઢશે એમ થયા કરતું હતું પણ રાજા તો ઉલટા હસવા લાગ્યા !

'વાહ વાહ, તું જ બટુકડી છોકરી મારૂં રાજ ખાઇ જતી પકડાઇ; ખરૂંને ?'

'મહારાજ, મને ખબર નહોતી. મને કોઇએ રોકી નહિ ને બધું ગળ્યુંગળ્યું લાગ્યું એટલે મેં ખાધું.' જોકે મનમાં તો તે જાણતી હતી કે કોઇને પુછ્યા વિના ન ખવાય.

રાજા હસ્યા. 'સિપાઇઓ, જાઓ એને કેદ-માં પુરો, અને મુરબ્બો જ ખાવા આપજો.' તેમણે હુકમ કર્યો.

રતનને તો એ ઠીક લાગ્યું એટલે ખુશ થઇને સિપાઇઓ જોડે ચાલી. ત્યાં રાજાએ પાછો હુકમ કર્યો, 'જોજો હં . . . મુરબ્બો જ આપજો, બીજું કાંઇ નહિ. ખાવા માગે તો યે મુરબ્બો ને પાણી પીવા માગે તો યે મુરબ્બો જ આપજો !'

રતન તો વિચારમાં પડી કે આ તે કેવું નગર છે ! અહીં કોઇ દુશ્મન આવીને તેને ખાઇ નહિ જતા હોય ? આ સિપાઈ, ઘર, મહેલ, બધું સાકરનું છે તે ચટ થઇ જાય !

પણ તે કેદમાં ગઈ પછી તેને સમજણ પડી કે મુરબ્બો પહેલે દિવસે તો ભાવ્યો પણ બીજે દિવસે એકલો ગમ્યો નહિ. ત્રીજે દહાડે તો બકારી થવા લાગી અને પછી તો તે જોતાં જ મોં ફેરવી જતી.

તો યે આટલી બધી મીઠાઇ હજુ કેમ કરી પહોંચ્યા કરે છે તેનો વિચાર એને આવ્યા જ કરતો. એવામાં રાજા તેને મળવા આવ્યા. વાતવાતમાં રતને કહ્યું કે 'અમારે ઘેર તો મીઠાઇ તાળાકુંચીમાં રાખે છે.'

'તોયે મૂરખ છોકરાં એમાંથી પણ ખાઈ જાય છેને ?' રાજાએ બરોબર લાગ જોઇ કહી દીધું ને રતન ભોંઠી પડી ગઇ.

રાજા તે જોઇ કહે, 'ચાલ મારી જોડે. કિલ્લા ઉપરથી તને બધું બતા-વીશ એટલે ખબર પડશે.'

રતન કિલ્લા ઉપર ચઢીને જુએ છે તો મા-ખીઓના લુમખાના પેઠે કોઇ દુશ્મનનું લશ્કર ગઢ તરફ ચાલ્યું આવતું હતું.

'અરે, રાજાજી ! જુઓ તો ખરા, આ બધા પાસે આવ્યા ને તમારા સિ-પાઇ તો કંઇ જ કરતા નથી—તેમને રોકતા યે નથી.' રતન બોલી ઉઠી.

રાજા કહે, 'તું તારે જોયા કર, શું થાય છે તો.'

થોડી વારમાં બધી-

મશાલચી

પશ્ચિમ બાજુ સાગરતીર,
જાતો દીઠો સુરજ વીર;
સંધ્યા યે નાઠી દેખાય,
અંધારૂં ઘેરૂં ઉભરાય.

ઝગી રહ્યા નભમાં ચોમેર,
તારલિયા દીવાની પેર;
કોઇ મંદ ને ધીમો બળે,
કોઇ તેજ અદકું પાથરે.

કોઇક દૂર સુદૂર જણાય,
કોઇક દૃષ્ટિથી ન મપાય;
ગણવા ધાઈ જેની વાર,
વધી પડે તે અપરંપાર.

ગણું ગણું ને ભુલી જાઉં,
મન માંહિ અતિશે મુંઝાઉં;
અવનિના દીવાની જેમ,
પ્રકટાવે કો માનવ તેમ ?

આ માનવનું શું છે નામ ?
કરે રોજ તે કોનું કામ ?
રૂપ રંગમાં કેવો હશે ?
આભ લગી તે પહોંચી શકે ?

મશાલચી એ ક્યાંહી વસે ?
જોવા આતુર થાઉં રહે;
બતાવશો કો એનો વાસ ?
જાઉં મારે એની પાસ.

(મળેલું.)

પુરીના લશ્કરે ગઢની આસપાસ ગરમાગરમ મીઠી ચાસણીનો રસ ધોધબંધ વહેતો કરી દીધો. ખેતરો પર ગોળનો રસ પથરાઇ રહ્યો અને તેમાં ગુલાબજાંબુ, પેંડા વગેરે તરતાં દેખાયાં. દુશ્મનનાં માણસો તો એ જોઇ નીચા વળી ખાવા ને ચાટવા જ મંડી પડ્યા અને એટલી બધી ચાસણી પીધી કે લડવા માટે ઉભા જ ન થઇ શકયા!

બરફી નગરના ચોકીદારો એ જોઇ રાજાની પેઠે હસવા લાગ્યા અને દુશ્મનો ખાતાખાતા પડવા લાગ્યા ત્યારે તેમની મશ્કરી કરવા લાગ્યા. તેઓ કોઇ રીતે મીઠાઇ છોડીને ખસી જ શક્યા નહિ ને.

બરફીપુરીના રાજા અને તેનાં માણસો ખુબ હસે અને તેમની ગમ્મત કરે. છેવટે સૌએ પોકાર કર્યો કે આપણી જીત છે, આપણી જીત છે! હારેલા દુશ્મનો પાછા ભાગવા લાગ્યા અને ફિકકાંફચ મોઢા લઇ ડાકટરો ને વૈદ્યોને હાંક મારતા દોડ્યા. એ બધા નાસી ગયા એટલે રાજાએ પોતાના નોકરોને હુકમ કર્યો કે, 'જાઓ, આપણો માલ પાછો ભંડારમાં ભરી દો. તમે દરેક જણ ફક્ત ત્રણત્રણ ગુલાબજાંબુ જ લેજો.'

રતને આ બધું જોયું, અને રાજા આગળ પગે પડી માફી માગતી બોલી કે, 'મહારાજ, હવે હું કોઇ દિવસ મીઠાઇ ચોરીને ખાઇશ નહિ. મને માફ કરો.'

એટલું બોલે છે ત્યાં તો તેની આંખ ઉઘડી ગઇ અને તેની બાએ કહ્યું, 'બાપુ, ગભરા મા. લે, આ દવા પી જા. તને સમજણ પડીને?' દવા પીતાંપીતાં રતને કહ્યું 'પણ બા, પેલા દુશ્મનના લશ્કરનું શું થયું હશે? ઓ... ઓ... મારૂં માથું ભમે છે!'

'એનું વળી બીજું શું થાય?' એમ કહેતાં તેની બાએ પેલો અરધો થઇ ગએલો બરફીનો ડબો તેને ઓશીકેથી કાઢીને બતાવ્યો. (અંગ્રેજી પરથી)

[અનુસંધાન પાન ૨૯૮થી]

'ત્યારે કહોને.'

'એ કહેવા કરતાં કરી બતાવવું વધુ ઠીક છે.'

જ

વિજ્ઞાનના આકાશમાં એક નવો તારક ઉગ્યો છે. હિંદના વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. શ્રીનિવાસે અદ્દભુત શોધ કરીને હિંદનું મુખ ઉજ્જવળ કર્યું છે. સર્પદંશ થનાર માણસને ડૉ. શ્રીનિવાસે શોધેલી દવાનું ઇન્જેકશન આપવાથી વિષની અસર થતી નથી અને તરત જ આરામ થઇ જાય છે.

અહો, કેટકેટલી જીંદગીઓની રક્ષા! માનવજાતનું કેટલું કલ્યાણ!

જ્ઞાનલીલા

આ વખતે તો જ્ઞાનલીલાના જવાબો થોકબંધ આવ્યા છે. દિવસે દિવસે એમાં વધારે વાચકો રસ લેતા જાય છે એ જોઇ અમને ઘણો હર્ષ થાય છે. બધા મળીને આવેલા ૯૩ ઉત્તરોમાંથી ૫૭ને ખરા ગણ્યા છે.

'ભાવનગર'માંથી કુલ અઢાર શબ્દો નીકળે છે. પુરે-પુરા શબ્દો લખી મોકલનાર તો માત્ર પહેલા ત્રણ જ ભાઇઓ છે. તેમને ઇનામ મોકલાશે. ત્યાર પછીના સાત ભાઇઓએ સત્તર શબ્દો લખી મોકલ્યા છે. તે પછી દસ ઉપરાંત સુધી મોકલનારનાં નામ ઉત્તેજન માટે નીચે આપ્યાં છે.

ખરા ઉત્તરો મોકલનારનાં નામઃ (૧) નવનીતલાલ ચીમનલાલ મોદી વડોદરા (૨) બેચરદાસ દયારામ ત્રિવેદી દ્વારકા (૩) કિરીટસિંહ જોરાવરસિંહજી ગોહિલ ભાવનગર (૪) ત્રંબકલાલ દેવજીભાઈ પંચમિયા ઘાટકોપર (૫) કાન્તિ-લાલ નગીનદાસ પટેલ અમદાવાદ (૬) ચાંપસિંહ વિજપાળ શાહ ઘાટકોપર (૭) હરિલાલ મલુકચંદ પારેખ મુંબાઇ (૮) કુબેરદાસ શીવદાસ પટેલ દેત્રોજ (૯) ડાહ્યાભાઇ ઇશ્વરભાઈ પટેલ વડદલા (૧૦) નવનીતલાલ હીરાલાલ રાવળ અમદાવાદ (૧૧) નરેન્દ્ર જમનાદાસ મહેતા વડોદરા (૧૨) હીરાલાલ એચ. પારેખ ભાવનગર (૧૩) કાન્તિલાલ નંદલાલ હકાણી ભાવનગર (૧૪) વીરચંદ ભીખાભાઇ શેઠ વણોદ (૧૫) યશાકનૈયાલાલ દલસુખરામ અમદાવાદ (૧૬) વિશ્વનાથ હરગોવિંદ ભટ્ટ ભાવનગર (૧૭) બાલુભાઇ હરિભાઈ મહેતા ભાવનગર (૧૮) પનાલાલ ગીરધરલાલ શાહ વાલવોડ (૧૯) ખેરાજ આશારિયા શાહ મુંબાઇ (૨૦) ડૉ. મેકેન્ઝી પી. સોલા બાજીપુરા (૨૧) સરલાદેવી પ્રતાપરાય દેસાઇ સુરત (૨૨) અનંતરાય મણિશંકર રાવળ અમરેલી (૨૩) વ્રજલાલ કેશવલાલ સંઘવી લીંબડી (૨૪) જગન્નાથ મોહનલાલ ત્રિવાડી અમદાવાદ (૨૫) કેશવલાલ જે. પટેલ સારસા (૨૬) જયન્ત-કુમાર એસ. ઓઝા જામનગર (૨૭) ભોગીલાલ નાથજીભાઇ ભટ્ટ ચુણેલ (૨૮) અમૃતલાલ ગુલાબચંદ દોશી મહુવા (૨૯) મણિલાલ નાગરદાસ મોદી અજમેર (૩૦) રમણિકલાલ સુખલાલ ચુડગર વઢવાણ (૩૧) ભાનુશંકર પ્રભાશંકર દવે અમદાવાદ (૩૨) યુવાનસિંહ ચાવડા જમશેદપુર (૩૩) ચુનીલાલ છોટાલાલ ત્રિવેદી પણુચણુ (૩૪) શાન્તિલાલ કચરાભાઇ દોશી વઢવાણ (૩૫) મોતીલાલ ગોવિંદભાઇ

પટેલ આનંદી (૩૬) હીરજી ખીમજી મુંબાઇ (૩૭) નટવરલાલ હિ. ભરૂચ (૩૮) વાડીલાલ લક્ષ્મીચંદ સંઘવી જામનગર (૩૯) નટવરલાલ વ્રજલાલ વોરા અમદાવાદ (૪૦) વીરચંદ પાનાચંદ શાહ મુંબાઇ (૪૧) સુરેન્દ્રરાય હિ. બક્ષી પાટણ (૪૨) ડાહ્યાભાઇ લલ્લુભાઇ પટેલ મુંબાઈ (૪૩) એ. એસ. વીરાણી પોરબંદર (૪૪) માણેકલાલ છગનલાલ શાહ લીંબડી (૪૫) નટવરલાલ અંબાશંકર યાજ્ઞિક વાંકાનેર (૪૬) ચંપકલાલ રાયચંદ ખામગામ (૪૭) સારાભાઈ કેશવલાલ ત્રિવેદી મુંબાઇ (૪૮) ભોગીલાલ હીરજી મહેતા જામનગર (૪૯) મણિલાલ મહાસુખલાલ ગાંધી નડિયાદ (૫૦) પુરૂષોત્તમ કાનજી ચોથાણી કરાંચી (૫૧) જયન્તિલાલ ન. પારેખ સાબરમતી (૫૨) કુમારી ચંપાલક્ષ્મી વ્રજલાલ ભાવનગર (૫૩) કિસનલાલ ની. ગેરીઆ અમદાવાદ (૫૪) હરિલાલ દેવકરણ દેસાઇ ધોરાજી (૫૫) કપીન્દ્ર માધવલાલ મહેતા ભાવનગર (૫૬) જેઠાલાલ સાકરચંદ મુંબાઇ (૫૭) જગજીવન મગનલાલ તુરખિયા લીંબડી.

ખરા જવાબ નીચે મુજબ: **શોધી કાઢો :** (૧) ગુંચવાએલી કહેવતો: પાળે તેને ધર્મ ને મારે તેની તલવાર; ભાંગ્યું તો યે ભરૂચ; ઉંટ ઝાંગરતાં જ પલાણીએ; નામ મોટાં ને દર્શન ખોટાં; મોઈ જેરાના મોટા ડોળા. (૨) દયાનંદ સરસ્વતી. **ગણિતગમ્મત:** **અ** ની ઉમર ૬૬ વર્ષ; **બ** ની ૫૪. **ઓળખી કાઢો:** દુધ અને મોગરી. **શબ્દ ગોઠવણુ:** નીચે બાજુમાં.

		ખ		
	સો	બ	ત	
કુ	મા	ર	પા	ળ
	ઉ	દા	સ	
		ર		

શી સગાઈ? મા અને દીકરો. **શબ્દસાંકળી:** સફર, ફરજ, રજત, જતન, તનય, નયન. **ગોઠવી કાઢો:** બા, બાર, બાન, નર, ભાગ, ભાર, વન, વગ, વર, વગર, નવ, નગ, નગર, નભાવ, ગવન, સ્વ, રગ અને ગર.

નવા સવાલ

(૧) શોધી કાઢો: આ નીચે પાંચ ગુંચવાએલી કહેવતો આપી છે; શોધી કાઢો: (૧) તેના ગોથા ખેળ ગય ચુંજ્યું (૨) હા હા એને ઝાથીગી ખોલ વડડે નોચ્ચે (૩) પાઈ ટાણી સઠે એ ખગ (૪) હાનો તો પનાનો રાણુ હાણો (૫) જાડા દેવર કદી રોય શાહો.

(૨) ગણિતગમ્મત : (૧) ૨+૨=૪, ૨×૨=૪–આવી જ રીતે ૩માં એવી કઈ રકમ ઉમેરતાં જે જવાબ આવે તે, તે જ રકમથી ૩ને ગુણતાં જવાબ આવે તેની બરોબર થાય?

(૨) 'તમે એક જ મિનિટ મોડા થયા છો,' સ્ટેશન માસ્તરે કહ્યું, 'પણ કાંઇ વાંધો નહિ; થોડીથોડી મિનિટને આંતરે જ ટ્રેનો જાય છે.'

'વારૂ' બેસારૂએ જવાબ આપ્યો, 'જો કલાકે ત્રણ ટ્રેનો વધારે દોડતી હોત તો મારે એક મિનિટ ઓછું ખોટી થવું પડત.'

ત્યારે એને કેટલી મિનિટ ખોટી થવું પડયું હશે?

(૩) ઓળખી કાઢો : (૧) નાન્યેતર જાતિના એક ફુલને નરજાતિનો પ્રત્યય લગાડતાં એક જાતનો રોગ થઈ જાય છે; અને તેવી જ રીતે એક નરજાતિના ઠંડા પદાર્થને નારીજાતિનો પ્રત્યય લગાડતાં એક જાતની મીઠાઇ બની જાય છે; તો એ બંને શું હશે? (પ. વા. પટેલ)

(૨) એક ઝાડ, ઇશ્વરી આઠ શક્તિઓમાંની એક શક્તિ અને જુના વખતના એક રાજાનું નામ અનુક્રમે સાથેસાથે ગોઠવતાં અગ્નિનું એક સ્વરૂપ બની જાય છે; તે કયું? (ડા. ઈ. પટેલ)



(૪) એક ખેડુત બાજુની આકૃતિમાં બતાવ્યા પ્રમાણેનું ખેતર મુકીને મરી ગયો. તેમાં સોળ ઝાડ છે. તેના ચાર દીકરાઓ વચ્ચે એ ઝાડ સરખે ભાગે વહેંચવાનાં હતાં; સરખી જગ્યાની જરૂર નહોતી. વર્તુળ ઉપરના એક બિંદુએથી ફુટતી ત્રણ દીવાલો બાંધી છોકરાઓ એ પ્રમાણે ચાર ભાગ પાડી શકયા. તો તેમણે કેવી રીતે દીવાલો બાંધી હશે?

(૫) શબ્દ ગોઠવણુ: આ સામેના નમુના મુજબ નવ શબ્દો એકએકની નીચે મુકેલા છે. એ દરેક શબ્દ ત્રણ અક્ષરનો બનેલો છે. તેમના અર્થ અનુક્રમે નીચે પ્રમાણે થાય છે: (૧) બેઠક (૨) મુસાફર (૩) બધું (૪) ઘણો (૫) માલ વગરનું (૬) એક પ્રાણી (૭) લખનાર (૮) શરીરનો એક ભાગ (૯) એક કરિયાણું. આ શબ્દો તમે ખરેખરા શોધી કાઢશો,

×	૩	૮
×	.	.
×	૨	.
×	.	.
×	૪	.
×	૭	.
×	૯	.
×	.	૫
×	૧	૬

એટલે ચોકડીથી બતાવેલી લીટીમાં એક જાણીતી કહેવતનો અર્ધો ભાગ બની જશે. અને તે ઉપરાંત જ્યાંજ્યાં આંકડા માંડયા છે ત્યાંત્યાંના અક્ષરો એ આંકડાના ક્રમ પ્રમાણે ગોઠવવાથી તે જ કહેવતનો બાકીનો અર્ધો ભાગ આવી જશે.

(૬) ગોઠવી કાઢો: લખતર—ગામના ચાર અક્ષરમાંથી જેટલા બને એટલા વધારેમાં વધારે નવા શબ્દો ગોઠવી કાઢો.

(૭) શબ્દસાંકળી : અનુક્રમે સાત શબ્દો એવા આપો કે જેના દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઇને પછીનો શબ્દ બનતો જાય અને તે દરેકનો અર્થ અનુક્રમે નીચે પ્રમાણે થાય. (૧) એક હિંદુ જ્ઞાતિ (૨) તસ્બીત (૩) સંખ્યા (૪) શરીરનો એક ભાગ (૫) મૃત્યુ (૬) એક જાતનું વાજીંત્ર (૭) જલદી.



માધુકરી

અમ હૃદય શૌર્ય-અંગાર નથી હોલાયો,
સમયે દાવાનળ સમો ઉલટશે ચાહ્યો !
ભારતની ધ્વજની હેઠ અમે ધુમીશું,
જયજય જયજય જયકાર રણે જ કરીશું !
એ આશ અમારી જયગીતે ને જય ડંકાએ જડી જડી,
જય ડંકાએ જડી જડી !
ભરતભૂમિના શૂર પુત્ર તે સદા ન રહીશું રડી રડી ! —**કવિ ખબરદાર**

કવિ ફિરદોસી

ઇરાનના આ નામચીન કવિનો જન્મ તુરાનાં એક ગામડામાં હિજરી ૩૨૩-૨૪ (૯૩૫-૬)માં થયો હતો. આ ગામ એક નદીને કિનારે હતું. નાનો ફિરદોસી નદી કિનારે ફરતો-રમતો હોય તે વેળા નદી ઉતરીને ભાર ભરેલાં ગાડાં આવતાં જુએ. નદીની રેતીમાં આંતરડાં તુટી જાય એટલું બળ કરી-કરી બળદો ભાર ખેંચે. આ દેખાવ જોઈ દયાળુ ફિરદોસીનું હૈયું વીંધાય. શું કરૂં તો આ દુઃખી જીવોનું દુઃખ ઓછું થાય, એ વિચાર એના દિલને વલોવ્યા કરે. તેને રોજ થાય કે નદી ઉપર એક પુલ હોય તો બળદોની પીડા ટળે. નાનો ફિરદોસી લાકડાં વીણી લાવે, બાળકલ્પનાથી ગોઠવે અને પુલ જેવું કંઈ કરે. પણ નદીનું પાણી એ બધું તાણી જાય. વળી ફિરદોસી ફરી એથી વધારે પ્રયત્નથી લાકડાં એકઠાં કરે, ગોઠવે ને નદી ખેંચી જાય. બાળારાજાથી આમ પુલ તો ન બંધાયો, પણ મનમાંથી એ ધગશ ગઈ નહિ. ભગવાન પૈસા આપે તો બધા ખરચી નાખી આ દુઃખી પ્રાણીઓનું દુઃખ ટાળું એ ઝંખના એને હમેશાં રહ્યા કરે.

આવા સહૃદયી બાળકની ઉંમર વધતી ગઇ ને હૃદય ખીલતું ગયું તેમ કવિતાદેવીની તેના પર કૃપા થઇ. હૃદય કવિતાથી ઉભરાવા લાગ્યું. વિચાર થયો કે કોઇ રાજ્યમાં જઇ મારી કવિતા બતાવું, રાજાને પ્રસન્ન કરી ધન મેળવું અને તુસમાં આવી નદીકિનારે પુલ બંધાવું. ક્યાં જવું, કોનો આશરો માગવો ? ગિરા (વાણી-કવિતા) અને હીરાના સાચા ઝવેરી વગર એની પરીક્ષા કોણ કરે ? એવામાં એણે મહમુદ ગિઝનીની કીર્તિ સાંભળી, એની વિદ્વત્તા વિષે સાંભળ્યું અને તેની પાસે જવા વિચાર કર્યો. હિંદુસ્તાન મહમુદ ગિઝનીને એક જુલમગાર ચડાઈ કરનાર અને લોભી તરીકે જેટલો પિછાને છે તેટલો વિદ્વાન તરીકે નથી ઓળખતું. મહમુદ ભારે વિદ્વાન અને કવિતાનો પરીક્ષક હતો.

આપણો આ ઉગતો ને આશાભર્યો ગામડિયો કવિ ફિરદોસી મુશ્કેલીઓ વેઠતો એના દરબારમાં આવ્યો. ગોળ ટીપણા જેવા વાળેલા કાગળના ભુંગળામાં એણે કવિતા લખી હતી. કવિતા પાદશાહના હાથમાં મુકી એ પાદશાહના મુખ સામું જોઈ રહ્યો. અનેક દરબારીઓની વચ્ચે અને રાજ્યના અનેક વિચારોથી ભરેલા મગજે બાદશાહે કવિતાનો કાગળ ઉકેલવા માંડ્યો ને જલદીજલદી નજર ફેરવી જવા લાગ્યો. કવિ ફિક્કો પડતો જતો હતો. એને એમ લાગ્યું કે બાદશાહ કવિતામાં રસ ન પડવાથી માત્ર નજર જ ફેરવી જાય છે; હમણાં ફેંકી દેશે. પણ કાગળનો વીંટો પુરો થતાં બાદશાહના ચહેરા પર મીઠાશ તરી આવી. કાગળ બંધ કર્યો, પણ કવિતાની લીટીએ લીટીની છાપ બાદશાહના હૃદય પર પડી હતી. એણે પહેલેથી છેલ્લે સુધી કવિતાની ટુકે-ટુકમાં રહેલી ખુબીનું મોંએથી વિવેચન કર્યું. બાદશાહની યાદદાસ્ત ને એની રસ સમજવાની શક્તિથી સૌ ચકિત થયા. બાદશાહે કવિને કહ્યું, 'કવિ, મારા દરબારમાં રહો. મારા વિષે કવિતા કરો. હું તમને દર કડી દીઠ એક સોનૈયો ઈનામ આપીશ.'

કવિએ મહમુદના દરબારમાં રહી ત્રીસ વર્ષના અથાગ પરિશ્રમે ૮૦ વર્ષની વયે પાદશાહની પ્રશંસા રૂપે સાઠ હજાર બેતનો શાહનામા નામનો કાવ્યકોષ લખ્યો. હિસાબ ગણતાં તેના એક લાખ ને વીસ હજાર સોનૈયા કવિને આપવા જોઇએ. પ્રધાને પાદશાહને લોભને માર્ગે દોર્યો કે એક ગામ-ડિયા કવિને આટલું બધું સોનું આપવું ન ઘટે. એને સોનાને બદલે રૂપા નાણાં જ આપીને વચનભંગનું પાપ કરવાની બુદ્ધિ એણે સુઝાડી. પાદશાહ મુળ લોભી તો હતો જ. એને આ સલાહ ગમી ગઈ. એક લાખ વીસ હજાર રૂપા મહોરની

થેલીઓ ભરી તેણે કવિને ફતારે મોકલી. કવિ તે વખતે હમામખાનામાં નહાતા હતા. રૂપા મહોર આવી જાણી તે ખુબ નિરાશ થયા. તેમાંથી થોડીક હમામખાનાના ગાલીકને ને થોડા તે મહોરો ઉચકી લાવનાર હેલકરીને આપી: અને પછી હમામખાનાની ભીંત પર કવિએ લખ્યું, 'પાદશાહ જોકે છે તો દરિયો, પણ તેમાં ડુબકી મારતાં મોતી ન જડયું; એમાં ફિરદોસીના નસીબનો વાંક.' આટલું લખી એક પાઈ પણ લીધા વગર કવિ શહેર છોડી ચાલી નીકળ્યા.

પાદશાહને આ જાણી અપમાન લાગ્યું અને તેના કોપથી ઘણાં વરસ કવિને દુ:ખમાં ને નાસભાગમાં ગાળવાં પડ્યાં. આ દરમ્યાન કવિએ જે પાદશાહ વિષે એવું સુંદર શાહનામું લખેલું તેને જ વિષે એક ઉપહાસ કાવ્ય (Satire) લખ્યું. તે કવિતા પણ લોકની બત્રીસીએ ચડી. એક વાર તુસના ચકલામાં એક છોકરો એમાંની બેત લલકારી રહ્યો હતો, તે સાંભળીને 'અરેરે જેનાં મેં વખાણ કરેલાં તેની જ મેં નિંદા કરી' એ વિચારે કવિનું હૃદય વીંધાયું. હાય મારીને અતિ વૃદ્ધ થએલા કવિ ત્યાં જ પડયા અને એમનો આત્મા ઉડી ગયો!

ઘણા વરસે પાદશાહને પોતાના લોભ માટે પસ્તાવો થયો અને સોનાદામ ભરી ઉંટ મોકલ્યાં. પણ એક ઝાંપેથી એ ઉંટ આવ્યાં ત્યારે બીજે ઝાંપેથી કવિનું મુડદું નીકળ્યું. કહે છે કે નાણું લાવનાર અમલદારે બાદશાહને કહાવી મોકલ્યું કે આમ બન્યું છે; હવે મહોરો તેની દીકરીને આપવી કે કેમ? વળી બાદશાહનો લોભ ઉભરાયો. નાણું પાછું મંગાવ્યું; માત્ર ચોથા ભાગનું જ તેની દીકરીને આપ્યું. નદીકાંઠે પુલ બાંધવાની પિતાની ઇચ્છા પુરી કરવા દીકરીએ તે નાણું લીધું. તે મહોરો, તે પુલ, તે ફિરદોસી કે મહમુદ ગિઝની કોઈ હાલ હયાત નથી, પણ તેમના સંજોગોને લીધે જે ભલીભુંડી લાગણીઓ મનુષ્યહૃદયમાં ઉભરાઈ તેને જગત વરસો સુધી સંભાર્યા કરશે.

ફારસી સાહિત્યમાં ફિરદોસીનું સ્થાન હજી સુધી અણછતાયું અને અગમ્ય છે. ફિરદોસીનો પ્રતિસ્પર્ધી હજી સુધી કોઇ થયો નથી. ફિરદોસી એ કવિનું તખલ્લુસ છે. એનું પુરૂં નામ તો હસનબીન અસહકબીન શરફશાહ છે.

જગતના સાહિત્યમાં 'મહાકાવ્ય' (Epics) ઘણાં જ ઓછાં છે ને એ ઓછામાંનું એક મહાકાવ્ય ફિરદોસી કૃત 'શાહનામા' છે, અને 'શાહનામા'ના કવિ તરીકે જ ફિરદોસીને જગત પિછાને છે. બીજું કાવ્ય 'યુસફ અને જુલેખાં' છે. ફિરદોસીએ કેટલાંક ભાવપ્રધાન કાવ્યો (Lyrics) લખ્યાં છે, પણ 'શાહનામા'જ કવિની અમરતા માટે બસ છે. 'શાહનામા'ને લખાયે આઠઆઠ સદી વીતી છે, છતાં યે 'શાહનામા'નું સ્થાન હજી એવું ને એવું છે. એની કવિતા સરળ ને વહેતી, લાલિત્ય અને મૃદુતાભરી પ્રૌઢ છે. 'શાહનામા' પુર્વનું ઇલિયડ છે.

(મજુર રાંદેરા)

સિલ્હટનો વીર કુમાર શશિમોહન દે

આસામના સિલ્હટ પરગણાના એક ગામડામાં ફૈયઝઅલી નામનો એક દુષ્ટ વ્યભિચારી મુસલમાન રહેતો હતો. તેણે ગામની અનેક વહુદીકરીઓની લાજ લુંટી તેમની જીંદગી ધૂળ કરી હતી; ગામમાં બધે ત્રાસ ફેલાઇ રહ્યો હતો અને તેનો ભોગ થઇ પડવામાંથી બચવા માટે કેટલીક તો બીજે ગામ ચાલી ગઇ હતી. ગામલોકોના હીચકારાપણા અને નીતિશૂન્યતાને લીધે આ માણસ આટલો લાંબો વખત સુધી અત્યાચાર ચલાવી રહ્યો હતો એ ખરેખર શરમભરેલું જ છે.

આખરે તેણે એક ગરીબ માણસની સોળ વર્ષની જુવાન સ્ત્રીને કીમતી ભેટસોગાદોની લાલચ મોકલી ભોળવી ફસાવવાનો પ્રયત્ન કર્યો. એ નાની બાળાનું નામ પવિત્રા. પવિત્રાએ પોતાના નામ પ્રમાણે તેની બધી ભેટસોગાદોને તિરસ્કારી નકારી કાઢી. પેલા હેવાને તો આટલેથી ન અટકતાં એક દિવસ તેની ઝુંપડીમાં ઘુસી પવિત્રાને તથા તેની માને ધમકી દીધી કે મારી ઈચ્છાને તાબે નહિં થાઓ તો હું તમને બંનેને બળાત્કારે બેઆબરૂ કરીશ. ધમકી દઇને તે ચાલ્યો ગયો.

તેમની પડોશમાં રહેતા શશિમોહન દે નામના એક અઢાર વર્ષના કુમારને આ વાતની જાણ થઈ. તેનું ખમીર ઉછળી આવ્યું અને તેણે તેમનું રક્ષણ કરવાનું વચન આપી અભયદાન દીધું. થોડા દિવસ પછી એક સાંજે ફૈયઝઅલી દુષ્ટ વાસનાથી પવિત્રાના ઘરમાં બળાત્કારે પેઠો, અને એ બાળા ઉપર હુમલો કરવાની તૈયારીમાં હતો એટલામાં શશિમોહન પોતાના ત્રણ સાથીઓ લઇને વહારે આવી પહોંચ્યો. તેણે ફૈયઝઅલીને બળાત્કાર કરતો રોકવા સારૂ તેના પર લાઠી વડે હુમલો કર્યો. પરિણામે ફૈયઝઅલી મરણ પામ્યો.

શશિ પર ખુનનું તહોમત આવ્યું; કેસ સેશનમાં ગયો; પાંચ હિંદુ અને બે મુસલમાન સભ્યોની જ્યુરી બેઠી; તેમણે સર્વાનુમતે શશિને નિર્દોષ જાહેર કર્યો; ન્યાયાધીશે પણ એ સ્ત્રીસન્માનના રક્ષણહાર વીર કુમારને નિર્દોષ ગણી છોડી મુક્યો.

આજકાલ બંગાળમાં વહુદીકરીઓ ઉપરના બળાત્કારના પ્રસંગો બહુ બને છે; તેમાંની ઘણી તો ખુન કે મૃત્યુની ભોગ પણ થઈ પડે છે. આ દુરાચાર સામે પ્રજાની આંખ હજી પુરી ઉઘડી નથી, અને સરકારે પણ તે સામે કોઈ ખાસ તાત્કાલિક અસરકારક પગલાં લીધાં નથી. માત્ર અહીંતહીં કોઇકોઇ પાણીદાર માણસો આ બદીની સામે યુદ્ધ ખેડી રહ્યાં છે. આવા કપરા સંજોગોમાં જીવનું જોખમ ખેડી એક અસહાય ગરીબ અબળાની વહારે ધાવામાં વીર કુમાર શશિમોહનનું ખમીર ઝળકી ઉઠે છે.

ફૈયઝઅલી પોતાને મળેલી સજા ભોગવવા અને પશ્ચાત્તાપ કરી સુધરવા સારૂ જીવ્યો હોત તો સારૂં થાત. પરંતુ એવા દુષ્ટ વ્યભિચારીઓની અધમ જીંદગીઓ કરતાં સ્ત્રીઓનું



શશિમોહન દે

શિયળ અનેકગણું કીમતી છે; અને આવા અત્યાચારોમાંથી અબળાઓનું રક્ષણ કરવા જતાં એવા વીર રક્ષણહારોને હાથે કોઇ દુષ્ટનું મૃત્યુ નીપજે તો એ અનિવાર્ય છે. કોઇ પણ ભોગે અબળાઓનું રક્ષણ તો થવું જ જોઇએ. (મોડર્ન રિવ્યૂ)

જનસમાજ યોદ્ધા ઉપર હમેશાં આફરીન હોય છે. પંડિતોને, બહુ તો, લોકો દૂરથી હાથ જોડશે, લખપતિથી ગરજ જેટલો પ્રસંગ પાડી છેટા રહેશે, પણ યોદ્ધાને તો લોકો પોતાને માથે ચડાવશે. —કાલેલકર

વાયુયાનના બીજા બે વીર

ગયા અંકમાં પ્રગટ થએલા ઍલન કૉબહામના વૃત્તાંત પછી તો વાયુયાનનાં અનેક સાહસો દુનિયાના જુવાનોએ આકાશના પટ પર ખેડયાં છે, અને દિન પર દિન મળતા જતા તેના એક પછી એક વર્તમાન દિગ્મૂઢ કરી એવી શ્રદ્ધા પ્રગટાવે છે કે બહુ જ થોડા વખતમાં પૃથ્વીની પેઠે આકાશમાં પણ માણસ નિર્ભયતાથી સફર કરતો થશે.

ગયા મે માસની ૨૨મી તારીખની સવારે દુનિયાએ દિગ્મૂઢ ડોળે સાંભળ્યું કે ચાર્લ્સ લિન્ડબર્ગ નામના એક જુવાન અમેરિકન વિમાનીએ ન્યૂયૉર્કથી પારીસ સુધીનો ૩૬૦૦ માઇલનો લાંબો પંથ ઓગણચાળીસ કલાક સુધી અખંડ એરોપ્લેન ચલાવીને એક સપાટે કાપી આટલાંટિક ઓળંગ્યો છે. દુનિયામાં એવડી લાંબી એકધારી હવાઈ મુસાફરી કોઇએ હજી સુધી કરી ન હતી.

માત્ર ૩૯ કલાકમાં આખા આટલાંટિક મહાસાગરને હવાઈ માર્ગે મૉનોપ્લેનથી પહેલવહેલો ઓળંગી ન્યૂયૉર્કથી પારીસ સહીસલામત પહોંચનાર; એ ભયંકર અને ગાંડા ગણાતા મહાસાગરનાં પ્રચંડ વાવાઝોડાં ને તોફાનો સામે બાથ બીડવાનું સાહસ ખેડી દુનિયા આખીને ચમકાવનાર અને



ચાર્લ્સ લિન્ડબર્ગ

પરિણામે વિજયી નીવડી ફ્રાન્સની વીર પ્રજાને હાથે બાદશાહી પરોણાગત પામનાર ૨૫ વર્ષનો એ અમેરિકન નવયુવાન ચાર્લ્સ લિન્ડબર્ગ અમેરિકાના ડેટ્રૉઇટ ગામમાં ૧૯૦૨ના ફેબ્રુઆરીની ૪થી તારીખે જન્મ્યો હતો. ગયે જ વર્ષે ગત થએલો એનો પિતા યુનાઇટેડ સ્ટેટ્સની કાઉન્સિલનો સભ્ય હતો; એની મા તે જ ગામની શાળામાં કેમિસ્ટ્રીની શિક્ષિકા છે.

બેએક મહીનાની વાત પર નંગેસે અને કોલી નામના ફ્રાન્સના બે હવાઈ નાવિકો પારીસથી ન્યૂયૉર્ક પહોંચવા માટે આટલાંટિક ઓળંગવા નીકળેલા. પણ એ સાહસમાં તેઓ નિષ્ફળ નીવડયા અને ગુમ થયા. ફ્રેન્ચ ધનવાન મિ. ઓરટેગે સૌથી પહેલો આટલાંટિક ઓળંગનાર માટે ૨૫૦૦૦ ડોલરનું ઇનામ કાઢયું હતું. નંગેસે અને કોલીની નિષ્ફળતા પછી અમેરિકામાં અનેક હવાઇ નાવિકો આટલાંટિક ઓળંગવાની તૈયારી કરી રહ્યા હતા. તેમાં ડેટ્રૉઇટનો ૨૫ વર્ષનો જુવાન ચાર્લ્સ લિન્ડબર્ગ પણ હતો:

અનુકૂળ હવા અને વાતાવરણ જોઈ, ૨૦ મી મેને દિવસે સવારે સાત વાગ્યે, પોતાના માનીતા મોનોપ્લેન 'ધ સ્પિરિટ ઑફ સેન્ટ લૂઇ'માં તે ચેસ્ટફીલ્ડના મેદાનમાંથી ઉડયો. તેને ઉડતો ચક્ષમ કહેતી અમેરિકન પ્રજા તેના આ સાહસના પરિણામ વિષે અધીરી બની રહી.

૨૦મી અને ૨૧મી તારીખના તે ધન્ય દિવસે વિકરાળ કાળ જેવા આટલાંટિકને જે વેળા લિન્ડબર્ગ ઓળંગી રહ્યો હતો અને ન્યૂયૉર્કના બૉક્સિંગના થીએટરમાં ૪૦ હજાર પ્રેક્ષકો તેની સફળ સફર માટે પ્રાર્થના કરતા હતા તે વેળા તેની માતા નિયમિત રીતે પોતાની શાળામાં શિક્ષણ આપતી હતી। એને શ્રદ્ધા હતી કે પોતાનો પુત્ર વિજયી જ નીવડશે.

રાતના દસને સુમારે લિન્ડબર્ગ પારીસ ઉતરશે એવા સમાચાર મળતાં આખું પારીસ ઉત્કંઠ બની ગયું અને

પારીસના એરોપ્લેનના મેદાન 'લ બુર્જે' આગળ આતુર માનવીઓનાં ટોળેટોળાં ઉભરાવા લાગ્યાં.

રાતના ૧૦-૧૦ નો સમય થયો અને દૂરના વાતાવરણમાં ૯૦૦ ફુટ ઉંચે કાળા આકાશમાં એરોપ્લેનનો અવાજ સંભળાયો. દોઢ લાખથી વિશેષ ભેગાં થએલાં માનવીઓનાં ટોળાંમાંથી ગર્જના ઉઠી, 'વિમાની! વિમાની!'

દસ મિનિટમાં તો લિન્ડબર્ગે કુશળતાપૂર્વક વિમાન નીચે ઉતારી પારીસની જમીન પર પગ મુકયો, અને 'ઘણું જીવો વીર લિન્ડબર્ગ'ના પોકારોથી પારીસનું આકાશ ગાજી ઉઠયું.

માર્ગમાં ફક્ત રોટલી, કૉફી અને પાણી ઉપર રહી, ૩૯ કલાક સુધી, આંખનું મટકું સરખું પણ માર્યા વિના અખંડ એરોપ્લેન ચલાવી શ્રમિત થએલો લિન્ડબર્ગ પારીસની ભૂમિ પર ઉતરીને તરત એ ગઈ લડાઈમાં મરાએલા અનેક અણજાણ્યા વીર યોદ્ધાઓના સ્મરણાર્થે ઉભી કરેલી કબરને નમન કરવા ગયો. ત્યાંથી પછી અમેરિકન એલચીના મુકામે રાત્રિવિશ્રામ માટે ગયો.

સવારે ઉઠતાંવેંત પ્રથમ તેણે ટેલિફોનથી પોતાની વહાલી માતા જોડે અમેરિકામાં વાત કરી ને પુરુષપ્રયત્ન તથા પ્રભુકૃપાના ફળ રૂપ પોતાના સફળ સાહસનો સંદેશ આપ્યો.

થોડી વારમાં તો તેના ઉપર અનેક સ્થળેથી અભિનંદનના સંદેશાઓનો વરસાદ વરસવા લાગ્યો. અમેરિકન પ્રેસિડેન્ટ કૂલિજ, ઇંગ્લંડના શહેનશાહ જ્યૉર્જ, ઈટાલીના સરમુખ્ત્યાર મુસોલિની, ફ્રેન્ચ પ્રેસિડેન્ટ ઘુમર્ગ, સ્પેનના રાજા અને અનેક નામાંકિત વ્યક્તિઓનાં અભિનંદન પર અભિનંદન આવવા લાગ્યાં. ઇંગ્લંડથી સર ઍલન કૉબહામ જાતે એરોપ્લેનમાં બેસી લિન્ડબર્ગને અભિનંદન આપવા આવ્યો. જ્યૉર્જનો બાદશાહી સંદેશ તે જ લાવ્યો હતો. ફ્રેન્ચ પ્રેસિડેન્ટ ઘુમર્ગે લિન્ડબર્ગને 'લોજિયન ઑફ ઑનર'ના માનવંતા કિતાબથી નવાજ્યો.

બીડી કે દારૂને કદિ હાથ પણ ન અડકાડનાર, સ્વીડિશ અને અમેરિકન મુખમુદ્રાવાળો દૃઢનિશ્ચયી પણ ઠાવકો, છ ફુટ ઉંચો સાહસિક એ વીર લિન્ડબર્ગ 'લ બુર્જે' ઉપર હસતે મોંએ ફ્રાન્સને છેલ્લી સલામ કરી બીજા દેશોની પ્રજાનાં અભિનંદન મેળવવા ઉડી નીકળ્યો. **રતિલાલ એમ. દલાલ**

卐 卐

એ એક અચરજમાંથી દુનિયા હજી આંખ ચોળીને સ્વસ્થ નથી થઇ ત્યાં તો તેણે બીજા ખબર સાંભળ્યા કે ક્લૅરન્સ ચેમ્બરલેઇન નામના બીજા અમેરિકન હવાઇ નાવિકે પોતાના 'કોલંબિયા' નામના વિમાનમાં ન્યૂયૉર્કથી જર્મની સુધીની ૩૯૦૫ માઈલની લાંબી એકધારી સફર ખેડી લિન્ડબર્ગનો રેકર્ડ—આંક—તોડયો છે!

બર્લિનથી ૧૦૦ માઇલ દૂર ઇસ્લેબેન નામના ગામડાને પાદર એક મોટરની દુકાને સોમવારે સવારના છ વાગ્યે પોતાનું વિમાન ઉતારીને એક અમેરિકને પેટ્રોલ માગ્યું તે વેળા એ નાના ગામડામાં ભારે અચંબો ફેલાઈ રહ્યો; એવું જ કુતૂહલ કલાકેક રહીને ત્યાંથી ૪૦ માઈલ દૂર આવેલા કૉટબસ ગામમાં ફેલાઈ રહ્યું, કેમકે વિમાનનું એન્જિન ખોટવાઇ પડવાને લીધે ચેમ્બરલેઇનને ત્યાં પણ ઉતરવું પડયું હતું.

આ બે અણધારેલા વિસામા કરવા પડવાને લીધે બર્લિનમાં તેના અચાનક આવવાથી જે કૌતુક અને આનંદભર્યા દેખાવો થાત તેમાં જરા વિક્ષેપ પડયો; પરંતુ તેથી કાંઈ લાંબામાં લાંબી સફરનો આંક મંડાવનાર તેના એ સાહસનું મહત્ત્વ લેશમાત્ર ઘટતું નથી. વધારે નવાઈની વાત તો એ છે કે તેની સાથે મિ. લેવિન નામના એક અમેરિકન શ્રીમંત બેસારૂ પણ હતા.

શનિવારે બપોરે બરોબર બાર વાગ્યે ચેમ્બરલેઈન ન્યૂયૉર્કથી ઉડેલો. મધ્યરાતે તેણે ન્યૂફાઉન્ડલૅન્ડની કેઇપ રેઇસ ભૂશિર વટાવી ઘુઘવતા આટલાંટિક પર ૨૧૦૦ માઇલની લાંબી અને કપરી સફર માંડી.

અનેક વાવાઝોડાં અને પવનનાં તોફાનો સામે મથામણ કરતોકરતો ઇંગ્લંડના કિનારાથી ૩૫૦ માઈલ દૂર તે આવી પહોંચ્યો ત્યારે તેણે મૉરિટાનિયા આગબોટને અમેરિકા જતી જોઇ. તેની આસપાસ તેણે એક ચક્કર માર્યું ને ઉતારૂઓમાં ખુબ આનંદ ફેલાઇ રહ્યો. એ જ વખતે લિન્ડબર્ગ એક ક્રૂઝરમાં અમેરિકા પાછો જઇ રહ્યો હતો અને ચેમ્બરલેઇન તેનાથી માત્ર દસ જ માઇલ દૂર હતો! એને એ ખબર હોત તો કેવો દિલ ડુરકરનારો મેળાપ બની જાત! એક વીર, વિજયી બની સ્વદેશ વળતો હતો ત્યારે બીજો તેની જ ઉપર આકાશમાં તેને હરાવવા આગળ ઉડતો હતો!

રવિવારે સાંજે કૉર્નવૉલ (ઇંગ્લંડ) પર થઇને ઉડી સોમવારે વહેલી સવારે બોલોન (ફ્રાન્સ) વટાવી છ વાગ્યે ઇસ્લેબેન (જર્મની) પહોંચતાં પહોંચતાંમા પેટ્રોલ ખુટી પડવાને લીધે તેને એ ગામડામાં ઉતરવું પડયું. પેટ્રોલ લઈ થોડાક માઇલ કાપ્યા ત્યાં એન્જિન બગડવાને લીધે બર્લિનની દક્ષિણે ૫૦ માઇલને અંતરે કૉટબસ ગામે તેને ફરી ઉતરવું પડયું ને પોચી જમીન પર ઉતરવાને લીધે વિમાનનું પ્રોપેલર ભાંગી ગયું.

એ એક નાનકડી મુસીબતે એ સુંદર લાંબી સફરનો અંત બગાડી નાખ્યો. પણ તેથી શું? પરિણામે લિન્ડબર્ગ હાર્યો એ તો ચોક્કસ. ચેમ્બરલેઇને બેતાળીસ કલાકમાં ૩૯૦૫ માઇલ કાપીને ૩૦૦ માઇલથી લિન્ડબર્ગનો આંક તોડયો છે જે વેળા લિન્ડબર્ગ અમેરિકામાં પોતાના દેશવાસીઓના ધન્યવાદ પામતો હતો તે જ વેળા ચેમ્બરલેઇન યૂરોપના લોકોના ધન્યવાદ મેળવતો હતો!

પશ્ચિમની પ્રજા અને આપણે

નંગેસેના ડુબી જવાથી પણ લિંડબર્ગને ભય ન લાગ્યો અને એકલો એરોપ્લેનમાં ચડયો. છત્રીસ કલાક, એકલા, જરા

પણ ઉંઘ વગર એરોપ્લેન હાંકયા કરવું એ રમત વાત નથી. આ લોકોને મૃત્યુનો પણ ભય નથી લાગતો અને દર વર્ષે આ બધી પશ્ચિમની પ્રજાએ ઉડવામાં, તરવામાં, ટેનિસમાં કે ક્રિકેટમાં હરીફાઇ કર્યાં જ કરે છે અને પોતાના પુરોગામીનો આંક તોડવાનો પ્રયત્ન કર્યાં કરે છે. ક્રિકેટમાં હૅાબ્સે ડબ્લ્યુ. જી. ગ્રેસનો આંક તોડયો. હૅમન્ડે મે માસમાં એક હજાર રન કરીને ડબ્લ્યુ. જી. ગ્રેસનો આંક તોડયો. દર ઉનાળામાં ઇંગ્લિશ ચૅનલમાં તરવામાં અંગ્રેજો, ફ્રેંચ, જર્મન, ઈટાલિયન, અમેરિકન પુરુષો તેમ જ સ્ત્રીઓ હરીફાઇ કરે છે, અને કોણ થોડા વખતમાં તરે છે એ હરીફાઇ રાખે છે. આ પ્રજાઓ આપણા ઉપર રાજ્ય કરે એમાં શી નવાઇ ? આ પ્રજાઓમાં આપણા કરતાં ચેતન, ઉત્સાહ, કુશળતા અને વ્યવહારૂ દૃષ્ટિ ખુબ હોય છે.

મગજશક્તિમાં આપણે આ લોકો કરતાં જરા યે ઉતરીએ એમ નથી, પણ શોધકબુદ્ધિ અથવા મગજશક્તિને વ્યવહારમાં ઉતારવાની શક્તિ આપણામાં નથી. મારા એક અંગ્રેજ મિત્રે બીજા અંગ્રેજ મિત્ર આગળ મારાં વખાણ કર્યાં અને કહ્યું કે એ ઑક્સફર્ડના બી. એ. છે અને બહુ હુશિયાર છે. ત્યારે પેલાએ કહ્યું કે 'હા, હું જાણું છું. બધા હિંદીઓ અતિશય હુશિયાર હોય છે.' પણ આપણા બધાની હુશિયારી પરીક્ષાઓ પાસ કરવામાં અને ચોપડીઓ વાંચવામાં જ છે. બીજા કશામાં નહિ. અમારા એક પાડોશી છે એ તદ્દન જાતે ઘડાએલા માણસ છે. છે તો તદ્દન સામાન્ય કોટિના માણસ; પણ કેમિસ્ટ્રી, બાયૉલૅાજી અને નેચરલ હિસ્ટરીથી માંડીને તે બાગબાની, રાંધણકળા, જોડા શીવવાનું, વાયરલેસ સમો કરવાનું વગેરે બધું જાણે છે. ખુબ વ્યવહારૂ બુદ્ધિના માણસ છે. એમની દસ વર્ષની છોકરીનાં બુટનાં સોલ જડવાનાં હોય તો તે એ પોતે કરે છે, અને જરા યે શરમાતા નથી. એમાં શરમાવાનું શું હોય ? આપણો વાયરલેસ સેટ બગડી ગયો હોય તો આપણે સુધારીએ ને ? (આપણા કેટલાક હિન્દી ભાઇઓ તો એ પણ ન કરે; તરત દુકાને લઇ જાય.) તેમ બુટ પણ શા માટે હાથે સુધારી ન શકાય ? બજારમાં બધાં ઓજાર મળે છે તે જ ઘરમાં રાખવાનાં.

ટેનિસ પણ અહીં ખુબ રમાય છે. દસબાર ડગલાં ચાલો અને એક ટેનિસ કોર્ટ. દરેક નાના ડિસ્ટ્રિક્ટમાં ત્યાંની લોકલબોર્ડ તરફથી હૅ આકન્ડ તથા ટેનિસ કોર્ટ હોય છે. નામના થોડા પૈસા આપો એટલે દરેક જણ રમી શકે. પુરુષો તેમજ સ્ત્રીઓ સાથે ટેનિસ રમે છે. મિસિસ માલવીયાજી તથા અ. સૌ. કસ્તુરબા ગાંધી જ્યારે ટેનિસ અને ક્રિકેટ રમતાં થશે ત્યારે હિંદુસ્તાનને સ્વરાજ્ય મળશે. અમદાવાદમાં સાબરમતી તરી જવાને સ્ત્રીઓમાં હરીફાઈ થશે ત્યારે હિંદુસ્તાનને સ્વરાજ્ય મળશે. આ બધું જરા યે હસ્કેરાઇને નથી લખ્યું. ઘણા વખતથી એ મારી તીવ્ર માન્યતા છે. હું હજી પરાધીન પ્રજા છું એ જોતાં મને અહીં ઘણીવાર શરમ આવે છે. આ ઘરમાં એક જાપાની રહે છે. ઘણો જ સારો અને ઉમદા માણસ છે. પણ મને ઘણીવાર થાય છે કે એ સ્વતંત્ર છે અને હું હજી ગુલામ છું. હિંદુસ્તાનનું ભવિષ્ય મને કેટલીક વાર તો ઘણું જ નિરાશાજનક લાગે છે. સરકારને ગાળો દીધા કરતાં આપણી ભુલો સુધારીએ અને દર વર્ષે કૅાન્ગ્રેસમાં નામના ઠરાવ કે અરજીઓ પસાર કર્યા કરતાં આપણે રાજ્ય કરવાને લાયક થઇએ એવા ગુણો આપણામાં ઉત્પન્ન કરીએ તો સારૂં. (ઇંગ્લંડથી એક પત્ર–'વસન્ત'માંથી)

વઢવાણની જાગૃતિ

એક કાળે વઢવાણમાં 'કેસરીમંડળ' હતું. લોકમાન્ય તિલકના કેસરીની ગર્જના સાંભળી જાગેલા એ કેસરી સાફા બાંધનાર જુવાનોમાંના ઘણાખરા આજે જુદીજુદી રીતે દેશસેવાના કાર્યમાં પડેલા છે. વઢવાણમાં નવજીવનનું નૂર પ્રથમ ઝીલનાર આ જુવાનોનાં સ્મરણો અનેક વર્ષો થયાં છતાં હજુ આપણા યુવકોને પ્રોત્સાહન આપી રહ્યાં છે. જ્ઞાનમંદિર અને દુષ્કાળપ્રવૃત્તિની હીલચાલથી આપણા યુવકોમાં સહકાર અને સેવાવૃત્તિ ખીલ્યાં હતા. પછી આવ્યો મહાત્મા ગાંધીજીનો યુગ. દરબારગઢના નાકા પર બેસનાર દરજી મોતીલાલ પુરુષોત્તમ એ આ યુગનો યુગપતિ છે. આપણામાંના ઘણા મિત્રોએ એમની એ નાનકડી દુકાનમાં બેસી સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ, પઢિયાર અને ભોગીન્દ્રરાવ દીવેટિયાનાં પુસ્તકોનો પ્રથમ પરિચય કર્યો છે. મોતીભાઇએ પછીથી સ્થાપેલ અને મહાત્મા ગાંધીજીના હાથે ખુલ્લા મુકાએલ ધર્મ પુસ્તકાલયે વઢવાણના યુવકોમાં વાંચન, વાતચિત, વિવાદો અને ભાષણો દ્વારા જ્ઞાન અને સેવાભાવનાનો પ્રબલ ધોધ વહેવડાવ્યો. ખરે ઉનાળે બળબળતી રેતીમાં વીરડા ખોદવા માટે અને કુવા ગાળવા માટે વઢવાણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓની એક ટોળી મોતીભાઈની પછવાડે ભમતી. માને ભાગલો કાલાં ન ફોલાવનાર અને બાપ જમવા જાય તેટલી વાર પણ દુકાને ન બેસનાર અનેક યુવકો હાથમાં ફોલ્લા પડે ત્યાં સુધી કાનેટીના પત્થરિયા કુવાને કોશ અને કોદાળા લઈ ખોદે અને ડોલો તથા ટોપલા માથે લઈ બળતા પગે બહાર નાખી આવે; પોતે તરસે મરતામરતા ભવિષ્યના તરસ્યાઓની તરસ છીપવવા માટે પ્રયત્ન કરે એવા યુવકોનું અદ્ભુત દૃશ્ય જેણે જોયું હોય તે જ મોતીભાઈમાં યુવાન હૃદયોમાં સેવાભાવના પ્રકટાવવાની કેટલી શક્તિ હતી તે જાણી શકે.

રાજ તરફથી દેવસત્કાર

નામદાર વાઇસરૉયે બનારસની મુલાકાત લીધી તે વખતે રિવાજ મુજબ શ્રી કાશીવિશ્વનાથ અને અન્નપૂર્ણાદેવીનાં દર્શન કર્યાં અને શ્રી કાશીવિશ્વનાથને પોતાની મુલાકાતની યાદગીરી ખાતર રૂપાનું અષ્ટદળ વાળું પંચપાત્ર અને આચમની ધરાવ્યાં !

કવિ ગોલ્ડસ્મિથ પૈસેટકે ગરીબ હતો. એના મિત્રો એને નભાવતા. એક મિત્રે ઠંડીથી બચવા એને એક કોટ આપેલો. એક વાર એની નજર રસ્તા પર ટાઢે ઠુંઠવાતા એક ગરીબ પર પડી. કવિએ પેલો કોટ ઉતારી એને આપી દીધો ને પોતાની ઓરડીમાં ભરાઇ બેઠો. એના મિત્રો આથી ખુબ ખીજાયા, પણ કવિએ તો હસ્યા જ કર્યું. એણે કોટ આપી દીધો હતો પણ ત્યાગનું તેજ મેળવ્યું હતું!

જોડણીની સામાન્ય ભુલો

ગુન્હેગાર	નહિ પણ	ગુનેહગાર
સગવડતા	નહિ પણ	સગવડ
વિક્રાળ	નહિ પણ	વિકરાળ
મિમાંસા	નહિ પણ	મીમાંસા
ઐક્યતા	નહિ પણ	ઐક્ય કે એકતા

વિજ્ઞાનના શિક્ષક—ચંદુ, સમુદ્રના પાણીમાં મીઠા ઉપરાંત બીજું શુંશું હોય?

ચંદુ—સાહેબ, માછલાં!

આમાંનાં કેટલાં ઝાડ તમે જોયાં છે? ગુલમોર, બુચ, સાગ, ખાખરો, ઉમરો, અંજીર, કરમદી, રાયણ, ગુંદી, ગુંદો, લીંબોઈ, પીલુડી, ટીમરવો, બકાન, અરીઠી, વીલાયતી આમલી, કપુર, કેવડો, દૂધીઓ, પાપડી, કાલાકેડા કે અંદરજવ, પારસપીપળો, રામબાવળીઓ, ખીજડો, ચણોઠો, ગુગળ, અરડુસો, બેડાં, ગાંડું ઝાડ, સરગવો, અગથિયો, રાવણો ને જાંબુડો.


જાપાનની બહાર જો કોઇ જાપાનવાસી જતો તો તેને જાનથી મારી નાખવામાં આવતો. આ કાયદાનો ભંગ કરી નીઝીમા નામનો પહેલવહેલો માણસ અમેરિકા ગયો.

એકલું દુધ પીવા કરતાં દુધ સાથે રોટલો કે રોટલી ખાવી. એકલું દુધ હોજરીમાં પહોંચે છે કે તરત જ તેનું દહીં બની જઇ લોંદા જામી જાય છે અને પચતાં વાર લાગે છે.



ત્રણ દીવાસળીનો એક ત્રિકોણ બનાવો. પછી તમારા ભાઇબંધને બીજી ત્રણ દીવાસળીઓ આપી, તેમને પહેલાંની ત્રણ દીવાસળીઓ સાથે ગોઠવી ત્રણ નવા ત્રિકોણ, એટલે કે બધા મળીને ચાર ત્રિકોણ બનાવવાનું કહો. આડીઅવળી દીવાસળીઓ મુકી એ થાકી રહે એટલે તરત જ તમે ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ત્રણ નવા ત્રિકોણ બનાવી આપજો!

સહરાના રણની રેતી ત્રીસ ફુટ સુધી ઉડી હોય છે.



પુસ્તકોમાં લખાણના કે ફુટનોટના ટાઈપ બહુ જ ઝીણા હોય તો તે વાંચતાં આંખને ખેંચવી પડે છે. આને માટે સહુથી સારો ઉપાય એ છે કે એકાદ પોસ્ટ કાર્ડ જેવા જાડા કાગળમાં ઝીણું કાણું પાડી તે વાટે અક્ષરો જોવા.

બગડી ગએલાં બટેટાંને ફેંકી ન દેતા. તેને બરાબર સુકાવા દીધા પછી બાળીને કોલસા જેવા કરો ને એ કોલસા વાટી એનો મેશ જેવો ઝીણો ભુકો કરો. એ મેશ સાથે ટરપેન્ટાઇન ભેળવવાથી સરસ બુટપૉલિશ બનશે.

પીવાના પાણી અને સાહિત્યના પાણી વિષે તો તમે જાણ્યું. પણ વડોદરામાં પાણીનો દરવાજો છે, અને સુરતમાં પાણીની ભીંત છે, એ ખબર છે?



જર્મન ચિત્રકાર મોરોકનું દોરેલું આ છાયાચિત્ર સ્પેનમાં ચાલતી માણસ અને ગોધાની સાઠમારીનું છે. ખુબ ખવડાવી તૈયાર કરેલા ફાટેલા સાંઢ સામે માણસ માત્ર બે નાનકડાં ભાલાં લઇને લડવા ઉતરે છે. વેગબંધ ધસ્યા આવતા ફુંફવાડા મારતા સાંઢ સામે તે અડગ શાંતિથી ઉભો રહે છે. તે ચડી શકાય એટલો નજીક આવે કે તરત અત્યંત ચપળતાથી એક બાજુ ખસી જઈ ગોધાની ઢીક ચુકાવે છે, પણ ખસતાંખસતાં બહુ જ ચાલાકીથી પોતાના હાથમાંનાં બંને ભાલાં સાંઢની ગરદનમાં ઘોંચી દે છે. આમ વારંવાર ભાલાં ગરદનમાં ઘોંચાવાથી ગોધાનાં ગરદનનાં સ્નાયુઓ—જેમાં તેનું ખરૂં જોર હોય છે તે—શિથિલ થઇ જાય છે ને અંતે મરણતોલ થઇ જમીન પર ઢળી પડે છે.